કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૪મું · નવેમ્બર ૧૯૯૧ · સળંગ અંક ૭૬૬

તંત્રી · ધીરુ પરીખ


સંપાદક · બિહારીલાલ ટાંક





ફ્રેંચ કલાકાર હાંરી માતીસની બે ચિત્રકૃતિઓ. ઉપરના ચિત્રમાં કાગળની કટાઈ કરીને એણે સ્ત્રીદેહના સૌંદર્યનું તદ્દન સાદાઈથી છતાં અસરકારક રીતે સુંદર નિરૂપણ કર્યું છે, જ્યારે બાજુના ચિત્રમાં એવી જ સાદગીથી આરામમાં લેટેલા સ્ત્રીપાત્રને દર્શાવ્યું છે. કોઈ 'સંદેશ' આપવાના આશયથી નહિ, પણ જોનારના થાકેલા મનને શાંતિ આપે એવું ચિત્ર-સર્જન એ હાંરી માતીસનાં ચિત્રોનો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે.

(જુઓ આ અંકની 'કલાવાર્તા')



ફ્રેંચ કલાકાર હાંરી માતીસની એક ચિત્રકૃતિ. તેમાં આબેહૂબતાને બદલે ચિત્રવિષયની સમગ્ર વિગતો એક રંગભરી ભાત રૂપે સાદગીથી આલેખાએલી જોવા મળે છે.

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.
- ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવાનો આગ્રહ રાખવો.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.', ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.
વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં રૂ. ૨૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

'કુમાર' **અનુક્રમણિકા** વર્ષ ચોસઠમું
નવેમ્બર ૧૯૯૧ · સળંગ અંક ૭૬૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા - લઘુકથા - લઘુનવલ

લેખો

વિભાગો

ભરી ઓરતા / ભાનુપ્રસાદ પંડ્યા

(ગાન)

રાત કરી ગૈ વાતો તે અહીં ઝાકળ થઈને ઊપસી,
તૃણસુંદરી ! પાંપણ તારી આ નહીં લૂછતી, રૂપસી!

વગડે ખીલ્યાં ફૂલમાં વાયુ સંતાકૂકડી રમતો,,
સુગંધના છુટ્ટા કુન્તલમાં અડિયલ ષટપદ ભમતો !

આવળનાં પીળાં ફૂલોમાં પાધ ગઈ સંતાતી,
બારસાખમાં બંધ ચુનરિયા પલપલ રહી કંતાતી.

પુચ્છ ઉછાળી ધસતું ધણ વૃંદાવન-મારગ ચીંધે,
સાત છેદમાં વીંધાયેલી ઉરને હરદમ વીંધે !

આભલિયા ઉંબરમાં સંધ્યા કુમકુમ પગલાં પાડે,
ભરી ઓરતા, લ્યો, સીમાડો આવે ભરચક ગાડે !

ગોપનાથના પ્રાંગણમાંથી / દેવેન્દ્ર દવે

(મંદાક્રાન્તા · સૉનેટ)

'તોફાનોના તુરગ ઊછળી તોડશે અબ્ધિવારિ
આ કાંઠોયે...'તટ પણ અહીં સોચતો કૈં સચિંત !
વ્યોમે જોતાં હરખી ઊઠું હું શુક્તિવર્ણો શશાંક !

મૂગી વાચા ખળખળ વહી નાથ !એ રાસમગ્ન
હસ્તે અર્પ્યો ખમીર-પરચો ! ખૂલતો માલકૌંસ !

કંઠે ફૂટ્યો ઝરણ સમ એ 'ઝૂલણા' છંદ ધીંગો
ગાયો 'કાન્તે' જલધિજલના જોમને જોઈ હોંશે !

જ્યાં કાંઠાને છલ છલ પીતી નારિયેળી છવાઈ
ને મંદિરે રણઝણ થતી ઝાલરોના હલેસે
ડોલંતી શી નીકળી પડતી (દ્વારપાળો ય જોતાં
ઊભાં મૂગા સજડ ચૂપ કે ?!) હાય, નૃત્યાંગનાઓ
લૈ મંજીરા, શરણઈ વળી બંસરી કે મૃદંગ
ગાતાં કંઠે હલકથી કશાં ગીત ... હું ઘેનમાં જ
ઘૂંટું : કાન્ત, નરસિંહ લહ્યો કેફ એ, એ જ સાંજ !

થવાશે / કરસનદાસ લુહાર

(ગઝલ)

થળ મહીંયે જળ થવાશે;
સ્થિરમાં ખળખળ થવાશે.
ક્યાં વરસવું-ની વિમાસણ;
જો કદી વાદળ થવાશે;
સૂર્ય નામે ફૂલ ઉપર
શી રીતે ઝાકળ થવાશે?
થઈ થઈને એક જણથી
કેટલું વિહ્વળ થવાશે ?
પાયથી પાછળ રહીને
આંખથી આગળ થવાશે.

મારા ભાઈ / સાગર નવસારવી

(ગાન)

કિસ્મતમાં દુખ્ખોના ડુંગરાય આવે
એને ચઢવા પડે રે મારા ભાઈ !
રસ્તામાં તોફાની સાગર પણ હોય
એને તરવા પડે રે મારા ભાઈ !
જીવનની જૂઠ-મૂઠ માયાની મટકીમાં
મીઠાં મીઠાં તે ઝેર હોય !
આપણા જ આપણાને ભોંકે છે શૂળ,
એના મૂળમાં જ ક્યાંક વેર હોય.
જાણી જાણીને એવા અણગમતા
ઘૂંટડા ગળવા પડે રે મારા ભાઈ !
તડકા ને છાંયડાની ગેબી શતરંજમાં
આપણા - પરાયા ના હોય,
એવા તો જંગ કદી જોયા નથી કે જેમાં
આપણા મરાયા ના હોય;
પ્યાદાં જ પ્યાદાંને મારે એ યુદ્ધ
તને લડવા પડે રે મારા ભાઈ !

સમાજમાં સ્ત્રીહિતનાં કાર્યો માટે પોતાની અટક પ્રમાણે આમરણ યોદ્ધા રહેનાર મર્દાની મહિલા



ચારુમતીબહેન યોદ્ધા

• સુસ્મિતા મ્હેડ •

ગૌરવર્ણ, જરા રતુમડી પ્રભાવશાળી આંખો, બેઠી દડીનો ભરાવદાર બાંધો અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતી એક અલ્લડ યુવતી ૧૯૩૫માં જ્યોતિસંઘમાં આવી.

૧૯૨૦ થી ૧૯૩૦નો ગાળો એટલે ભારતભરમાં ગાંધીજીના સ્વાતંત્ર્ય-સંગ્રામના અવિસ્મરણીય દિવસો. અમદાવાદનો હૃદયસમો ખાડિયા-રાયપુર વિસ્તાર તો સદાય ઉત્સાહથી તરવરતો, એટલે સ્વાતંત્ર્યજંગની હવાથી રંગાયા વિના કેમ રહી શકે ? રાયપુર જતીની પોળે આવેલા એક વિશાળ મકાનમાં રહેતા, 'રંગીલા' અને 'રાયજી' નાગરનાં વિશેષણોને સાર્થક કરતા સ્વ. રામપ્રસાદ યોદ્ધાનાં પુત્રી ચારુમતીએ બાળપણમાં માતા રેવાબાની ગોદ ગુમાવી હતી. પરંતુ ઓરમાન માતા રમેશાબહેનની હૂંફ પામ્યાં હતાં. તેમની સાથે સગાં પાંચ ભાંડુ ઉપરાંત ઓરમાન બહેન ઉષા સહિત આખું કુટુંબ પ્રેમભાવથી રહ્યું હતું.

નાનપણથી જ એ અલ્લડ કિશોરીને ચીલાચાલુ પોશાક કરતાં ખમીસ અને લેંઘો વધારે ગમતાં. હરવું, ફરવું, આનંદ કરવો એ એના લોહીમાં વણાયેલું. માધ્યમિક શિક્ષણ સુધી પહોંચતાં પહોંચતામાં તો લડતનો વાયરો વાયો. શાળાને બદલે કિશોર-કિશોરીઓ પ્રભાતફેરી, સરઘસ, વ્યાયામ, કાંતણ-પીંજણ, ભીંત-પત્રિકા, વાનરસેના, માંજરસેના જેવી પ્રવૃત્તિમાં પડ્યાં. કિશોરી ચારુએ પણ હોંશે હોંશે એમાં ઝંપલાવ્યું, ૧૯૩૩ આસપાસ આ જુવાળ કંઈક શમ્યો.

ફરી પ્રજાનો નિત્યકાર્યક્રમ ચાલુ થયો. પણ અભરાઈએ ચડાવેલી ચોપડીઓ પાછી હાથમાં લેવાનું મન ના થયું. તાજેતરમાં જ બહેનોને નીડર અને સ્વાવલંબી બનાવે, સાંપ્રત પ્રવાહોથી પરિચિત કરે અને અન્યાય સામે માથું ઊંચકે એવી તાલીમ આપતી એક સંસ્થા 'જ્યોતિસંઘ' ખાડિયામાં સ્વ. મૃદુલા સારાભાઈએ શરૂ કરી હતી. મોટાભાઈએ ત્યાં જવાની ચારુમતીને સલાહ આપી. આમ, તાલીમાર્થી તરીકે આવેલી આ અલ્લડ, તરવરાટભરી, ઉત્સાહી યુવતી જ્યોતિસંઘનાં પગથિયાં ચઢી તે પ્રભુનું તેડું આવતાં સુધી ઊતરી નહિ.

પ્રથમ વિદ્યાર્થી તરીકે અને પછી કાર્યકર તરીકે તે એવી પળોટાઈ કે ગુજરાતભરમાં પોતાની અટક 'યોદ્ધા' ને સાર્થ કરતી કામગીરી બજાવી પોતાનું અને સંસ્થાનું નામ ભારતભરમાં રોશન કર્યું.

ત્યારે જ્યોતિસંઘમાં ઉદ્યોગ, તાલીમ, પ્રોડક્શન રાહત એવા વિભાગ તો ખરા પણ કાર્યકરો ઘડાતાં જાય અને સોંપાય તે કામ કરતાં જાય. ગુજરાતની સામાજિક સંસ્થાઓમાં જ્યોતિસંઘની વિશેષતા એના રાહતવિભાગની હતી. તે જમાનાના રૂઢિચુસ્ત વાતાવરણમાં સ્ત્રીઓને મૂંગે મોઢે ખમવા પડતા પુરુષપ્રધાન સમાજના જુલ્મો, શોષણ, શારીરિક-માનસિક અત્યાચાર, વગેરેનો આ વિભાગમાં સામનો થતો; અન્યાયનો પ્રતિકાર થતો અને પીડિત-શોષિત બહેનોને રાહત મળતી.

ચારુમતીના વ્યક્તિત્વ અને પ્રકૃતિને આ કામ જચી ગયું. આશુતોષ અને આશુરોષ ચારુબહેનનો સ્ત્રીને સહન કરવા પડતાં જુલ્મોથી પુણ્યપ્રકોપ પ્રજવળી ઊઠતો. પતિના મારની કે સાસરિયાંના ત્રાસની ફરિયાદ કરતી બહેનને કહી દેતાં અચકાતાં નહિ કે 'ભગવાને તને હાથ નથી આપ્યો ? મારી દેને એક અડબોથ !'

અને માત્ર આ શિખામણથી જ એ અટકતાં નહિ. જ્યોતિસંઘમાં એક સાંજે એક લાચાર પિતા પોતાની કિશોર પુત્રીને લઈને આવ્યા. જે યુવાને તેને લગ્નનો કોલ આપી છૂટછાટ લીધી હતી તે, તેના ઘરનાંને આ કિશોરી નાપસંદ હોવાથી, તે સગર્ભા હોવા છતાં તેની સાથે લગ્ન કરવાની હિંમત નહોતો કરતો. ચારુબહેને સંઘ બંધ થવાનો સમય થયો હતો છતાં એ યુવાનનું નામ-ઠામ જાણી એને બોલાવી મંગાવ્યો. સંઘના ભૈયાને કહ્યું : 'જા, ફલાણા ગોરને બોલાવી લાવ; અત્યારે જ લગ્ન કરાવી દઉં.' પેલો યુવક તો ડઘાઈ જ ગયો. ચારુબહેને તરત જ તેના વડીલોને બોલાવી લગ્ન કરવાની સંમતિ દર્શાવતું લખાણ લઈ લીધું.

એક વખત સંઘમાં સમાચાર મળ્યા કે શહેરના અમુક લત્તામાં લોહીનો વેપાર ચાલે છે. રાત પડી ગઈ હતી, પણ સાથી કાર્યકરો અને સ્ત્રી-કોન્સ્ટેબલને લઈ શહેરના દૂરના ભાગમાં ચારુબહેન ગયાં. ગાઢ અંધારું,

પોલીસ પણ જતાં ડરે એવી જગામાં જરૂર પડ્યે બોલાવીશું કહી પોલીસોને દૂર ઊભા રાખી સ્ત્રી-કૉન્સ્ટેબલ અને બેત્રણ સાથી કાર્યકરોને લઈ ચારુબહેન એક ઘર પાસે અટક્યાં. ફાનસના અજવાળામાં જોયું તો એક બાંધી દડીની બાઈ બેઠી હતી. પાસે ખાસ્સો ઊંચો પહોળો સોહામણો છતાં રુઆબદાર પઠાણ ઊભો હતો. રેશમી કફની અને ચાંદીનાં બટન લટકતાં હતાં. બાઈ પાન ચાવતી કડક નજરે જીપમાંથી કૂદીને આવતી બહેનોને જુએ ના જુએ ત્યાં ચારુબહેને પઠાણની ફેંટ પકડી. પઠાણ ઊંચો, ચારુબહેન નીચાં. જાણે મગતરાને કહેતો હોય તેમ પઠાણ કહે : 'શું કરવા પકડો છો ? હું ઓછો ભાગી જવાનો છું ?' ચારુબહેને જોરથી એનું કાંડું પકડી સાથીઓને હુકમ કર્યો : અંદર જઈને જોઈ આવો કેટલી છોકરીઓ છે. બધીને બહાર લઈ આવો.' સાથીદારો ડરતાં ડરતાં અંદરથી ગ્રાહકો સાથે બેઠેલી ચાર છોકરીઓને બહાર લાવ્યાં. છોકરીઓએ 'આ તો અમારી માશી છે' એવાં ગલ્લાંતલ્લાં કરવાં માંડ્યાં. 'પહેલાં મામાને ત્યાં ચાલો' કહી આંખના પલકારામાં જીપમાં બેસાડી પોલીસચોકીએ લઈ આવ્યાં. બધી વિધિ પતાવી તેમને નારીસંરક્ષણ - ગૃહમાં મોકલી. આવી જ રીતે બીજા ગુંડા પાસેથી ભરબપોરે છોકરીને લઈ આવી એને કહ્યું કે 'સંઘ મેં આ કર હમારા જવાબ લેના' અને સાચે જ બીજે દહાડે બપોરે એ ગુંડા આવીને કહે : 'આપકી કોર્ટમેં હાજિર હૂં.'



ચારુમતીબેન યોદ્ધા

આમ, કોર્ટના સમન્સ જેવો એમની એક હાકલનો રુઆબ પડતો તે આજ સુધી એ રસમ જળવાઈ રહી છે. કુટુંબકલેશના કિસ્સાઓમાં જેને સંસ્થાનું પોસ્ટકાર્ડ મળે એ ગામ-પરગામથી સમન્સ સમજી હાજર થઈ જાય છે.

એક ગામડામાં દીકરાની વહુને છોકરો ન હોવાથી સાસરિયાં ત્રાસ આપતાં હતાં. એની કોઈ બહેનપણીએ એનાં નામ, ઠામ, હકીકત જણાવતો પત્ર સંસ્થાને લખ્યો. જીપ લઈને ચારુબહેન બેચાર કાર્યકરો સાથે ઊપડ્યાં. ગામની ભાગોળે જીપ મૂકી ગામમાં ઘર ખોળતાં ગયાં. ઘરમાં જઈ પૂછ્યું...'બહેન ક્યાં છે.. ?' 'એ તો એને પિયર ગઈ છે' એવો જવાબ મળ્યો. આખું ઘર ફરી વળ્યાં પણ પત્તો લાગ્યો નહિ. પાછળ ઢોરની કોઢમાં ગયાં, ઘાસની ગંજી હાલતી દેખાઈ. ચારુબહેને પાસે પડેલી લાઠી લઈ ફંફોસ્યું તો અંદર હાથ, પગ બાંધેલી, મોંયે ડૂચો મારેલી દીન યુવતી દેખાઈ. એને છોડીને બહાર લાવ્યાં. બધાંને લબડધક્કે લીધાં. કોઈ દાદ ન દે તો જાતે જ માટલીમાંથી બહેનને પાણી પાઈ જીપમાં બેસાડી અમદાવાદ લઈ આવ્યાં.

આજ સુધીમાં જ્યોતિસંઘને ચોપડે ચઢેલા લગભગ લાખ ઉપરાંતના કેસોમાંથી કોને ટાંકવા અને કોને છોડવા? પરંતુ તેમની નીડરતાના શિરમોર સમી એક દાસ્તાન ન નોંધીએ તો આ આખી વાત જ અધૂરી ગણાય.

રૂપાલ ગામનો પોપટ નામનો એક માથાભારે માણસ. ગામના જ બીજા યુવાનની પરણેતર સાથે પ્રેમમાં પડ્યો. ઉઘાડે છોગ ઘરમાં બેસાડી. તેના પતિએ ફરિયાદ નોંધાવી. કેસ ચાલ્યો. પોપટ જેલમાં ગયો. ચારુબહેન મેનાને વિકાસગૃહમાં લઈ આવ્યાં. એને સમજાવી. પણ એનું દિલ પોપટ સાથે મળી ગયેલું. ફરી સાસરે ગઈ. પોપટ થોડાં વર્ષે છૂટીને આવ્યો. ફરી એ જ રામકહાણી. 'પ્રેમીપંખીડાં'ને નામે પોલીસ-જીભે અને છાપે ચઢેલો આ કેસ. ફરીથી મેનાના પતિએ ફરિયાદ કરી. પણ પોપટે એવી ધાક બેસાડેલી કે પોલીસ પણ જતા ડરે. એક દિવસ સંઘમાં આવી કહે : 'ચારુબહેન! તમે સાથે આવો તો સારું. રૂપાલ જવું છે. મેનાને સમજાવી લઈ આવીએ.' ચારુબહેન પોલીસો સાથે ગયા.' પોલીસની જીપનો અવાજ સાંભળી પોપટે ઘરનાં બારણાં બંધ કર્યાં. બારણાંની આડશે ભરી બંદૂક લઈ ઊભો. એકદમ નજીક આવી ગયેલી પોલીસોની ટુકડી જોઈને ગભરાટના માર્યા પોપટથી ઘોડો દબાવાઈ ગયો. ચારુબહેન નીચાં એટલે ખભા પરથી ગોળી ચાલી ગઈ ને જમાદારને અછડતી વાગી. ચારુબહેન છતાંય આગળ ધપ્યાં. ત્યાં તો ઘવાયેલા સાથીદારને જોઈ બીજા જમાદારે ગોળીબાર કર્યો. નિમિષમાત્રમાં આ બની ગયું. પોપટ અને ગોળીની વચમાં મેના આવી ગયેલી. તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. પછી તો પોપટ જાતે જ પોલીસને હવાલે થયો. પણ જ્યાં પોલીસને ય ડર લાગે ત્યાં નિર્ભીકપણે દોડી જતાં ચારુબહેન અચકાતાં નહિ એનું આ જ્વલંત ઉદાહરણ છે.

લોહીમાં વણાયેલું ગાંધીવાદી વાતાવરણ અને મૃદુલાબહેનને હાથે ઘડાયેલાં ચારુબહેને આમરણ સમાજની શોષિત, પીડિત બહેનોને રાહત આપવાનું કામ કર્યાં કર્યું. બાળલગ્ન હોય કે આપઘાત કે ત્રાસનો કિસ્સો હોય, રાતદિવસ જોયા વિના તે દોડ્યાં જ હોય. ખાસ રીતસરનું શિક્ષણ નહિ, પણ હૃદયની અપાર કરુણા અને હામ સાથે હૈયાઉકલતથી તેમણે કેટકેટલા કિસ્સાઓમાં ભલભલા માંધાતાઓની શેહશરમ વિના દુખિયાનાં આંસુ લૂછ્યાં! આમ કરતાં કોઈ કિસ્સામાં સ્ત્રીનો વાંક જણાય તો એને ય લબડધક્કે લેતાં. 'મારા દેખતાં ધણીને આટલું ધમકાવે છે તો ઘરમાં શું નહિ કરતી હોય?' કહી 'સખણી' રહેવાની શિખામણ પણ આપી દેતાં. કશાય ભેદભાવ વિના સાચને આંચ ન આવે અને અન્યાયનો પ્રતિકાર થાય એ માટે જાતજાતના સામાજિક દૂષણો સામે પોતાની આગવી રીતે જીવનપર્યંત એવાં ઝઝૂમ્યાં કે જ્યોતિસંઘ એટલે ચારુબહેન અને ચારુબહેન એટલે જ્યોતિસંઘ એવું સમીકરણ ગુજરાતભરમાં લોકજીભે ને હૈયે થઈ ગયું.

મહિલા વર્ષમાં 'સ્ત્રીના મોભા' વિશેના એક પરિસંવાદમાં પાસે બેઠેલાં ઈલાબહેન ભટ્ટને કહે : 'આ કંઈ ફેશન ખાતર ચર્ચા કરવાનો વિષય નથી રહ્યો. દુનિયાભરની સ્ત્રી-જાગૃતિનો અરુણોદય સૌએ મને-કમનેય નિહાળવો પડશે. પરિષદોમાં કોઈ ચમત્કાર થતા નથી.' ઈલાબહેન કહે છે 'એ સાચું. પણ ચારુબહેન જેવાં આજીવન કૌમારવ્રત લઈ સંસ્થાને જ વરેલાં કાર્યકર હોય એય શું ચમત્કાર નથી? ૧૯૩૫ થી ૧૯૭૫ સુધીમાં ગોકળગાયની ગતિએ તો એમ, પણ થોડો ફરક તો પડ્યો જ છે ને?'

સ્વ. ઉત્સવભાઈ પરીખે ય એક એમનો અનુભવ નોંધ્યો છે. ત્યારે એ ખેડા જિલ્લાના લોકલ બોર્ડના પ્રમુખ હતા અને નડીઆદમાં રહેતા હતા. મધરાતે જીપના અવાજથી જાગીને તેમણે જોયું તો એમના દરવાજામાં જ એ પ્રવેશતી હતી. પહેલાં તો ઉત્સવભાઈને સમજાયું નહિ કે ચારુબહેન આ 'હુમલો' કેમ લઈ આવ્યાં હશે. આવવાનું કારણ પૂછતાં ચારુબહેને કહ્યું કે કપડવંજની એક યુવતીનું મૃત્યુ થયું છે એ કુદરતી નથી લાગતું. એની તપાસ થવી જોઈએ. એને માટે ખેડા જિલ્લાના પોલીસ વડાને અત્યારે જ મળવું છે. તમે સાથે ચાલો. તપાસ કરતાં ખબર પડી કે ડી. એસ. પી. આણંદમાં છે. ત્યાં ઊપડ્યાં. રાત્રે બે વાગે ડી. એસ. પી.ને જગાડ્યા. અડધી ઊંઘમાં 'આ જ્યોતિસંઘની બહેનો છે' એમ ઉત્સવભાઈએ કહ્યું એટલે એ પારસી બાવા કહે: 'બાવા, આ મધરાતે જ્યોતિષનું શું છે ?' પછી બધી સમજ પાડી ઘટતું કરવાનું વચન લઈ ઉત્સવભાઈને મૂકીને ચારુબહેન અમદાવાદ આવ્યાં.

તેમની આવી કપરી અને વખત-બે-વખતની કામગીરી જોઈ મજૂર મહાજનના પ્રમુખ સ્વ. અનસૂયાબહેન સારાભાઈએ તેમને મોટર ભેટ આપી. મોટી ઉંમરે ચલાવતા શીખીને હવે સરળતાથી બધે પહોંચી જતાં. તેમની આ કામગીરીએ ગુજરાતભરમાં તેમનું અને સંસ્થાનું નામ રોશન કર્યું.

જ્યોતિસંઘનો રાહત વિભાગ સંભાળવા અને સોહાવવા ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેટર તરીકે, શહેર સંસ્થા કૉંગ્રેસના અગ્રણી કાર્યકર તરીકે અને ગુજરાત રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર બોર્ડના સભ્ય તરીકે પણ તેમણે પ્રજાની સંનિષ્ઠ સેવા કરી.

૧૯૮૧ના આરંભમાં સમાજ-કલ્યાણનાં કાર્યો કરતી જર્મનીની સંસ્થા Terre Des Homes ના પ્રતિનિધિઓએ જ્યોતિસંઘની મુલાકાત લઈ, તેનાથી પ્રભાવિત થઈ, વધારે સારી રીતે કામ થઈ શકે એ માટે ત્રણ વર્ષ માટે આર્થિક સહાય આપી વધારે કુશળ પગારદાર કાર્યકરો રાખવાનો પ્રસ્તાવ મૂક્યો. સંસ્થાની કારોબારી સમિતિએ આ પ્રસ્તાવને સ્વીકારવા વિચાર્યું. પરંતુ લગભગ ચારેક દાયકા સુધી પોતાની રીતે અને આગવી સૂઝે જ આવા કેસોનો એ ઉકેલ લાવતાં એટલે આવી પારકી ડખલ સ્વીકારતાં તેમનો જીવ કોચવાયો. ૩૫ થી ૮૦ સુધી વહી ગયેલા સમયનું જાણે એમને ઓસાણ જ ન રહ્યું. એમનાં જેવાં માથું મૂકીને શોષિતોના સુખનો જ વિચાર કરીને કામ કરતાં કાર્યકરો હવે મળવાના નથી, જીવનમૂલ્યો ઉપરતળે થઈ ગયાં છે એનો ખ્યાલ ન આવ્યો. એમને દૂભવવાં કે કેમ એ વિચાર કારોબારી સમિતિ કરે તે પહેલાં તો એ હાથતાળી દઈ ચાલ્યાં ગયાં. જાન્યુઆરી ૧૯૮૧ની ૨૯મીની સાંજે છ વાગે જરા થાક લાગે છે, બ્લડપ્રેશર જીવ લે છે એવો બબડાટ કરતાં સંઘમાંથી નીકળી ઘેર ગયાં ત્યારે કોને ખબર હતી કે 'હેઠાં મૂકે સમય નિજ આયુધો જેની સામે' એમ કહેવાનું મન થાય એવાં ચારુબહેનની બીજે જ દિવસે ભવ્ય સ્મશાનયાત્રા નીકળશે? અને ગાંધીજીની શહીદીને દિવસે જ - ૩૦મી જાન્યુઆરીની સંધ્યાએ - અમદાવાદના સ્મશાનગૃહમાં અનેક ભાઈબહેનોની હાજરીમાં એમનો નશ્વર દેહ અગ્નિસંસ્કાર પામશે?

આવાં ચારુબહેનના વ્યક્તિત્વનું એક બીજું પાસુંય આકર્ષક છે. સદાયના હસતાં - હસાવતાં આનંદી ચારુબહેને ગાંધીજીની અસર નીચે આભૂષણોનો મોહ છોડ્યો પણ વિવિધ રંગોની કાચની બંગડીઓ અને રોજ એડવર્ડ કંપનીમાં જ ડ્રાય થયેલા ખાદીના રંગ-રંગીન પોશાકો એમના શોખીન સ્વભાવની સાહેદી પૂરતાં. ઓક્ટોબરમાં કન્સેશન મળે ત્યારે બધા જ ખાદીભંડારો ફંફોસી સરસ સાડીઓ ખરીદી લાવતાં. ખાવા - ખવડાવવાના પણ આવા જ શોખીન. જેવું દિલ ખુલ્લું એવું રસોડુંય ખુલ્લું. ડાયાબિટીસ છતાં ખાવાનું ન સાચવે. અને કોઈ ટોકે તો કહે પણ ખરાં કે મને ટોકતાં રહેવું પણ મોળિયું ખાવાનું ગળે નથી ઊતરતું એ જ મોંકાણ છે ને?

પ્રવાસમાં તો એમના સાથને બધા હોંશે હોંશે આવકારે. બસ, આખે રસ્તે હસાહસ, ઠઠ્ઠામશ્કરી, નાગરી ચીપીચીપીને બોલાતી બોલી કે 'કોંગ્રેસીઓ' કેવી રીતે ધોતિયાની કાછડી બાંધતા જાય ને ભાષણ કરતા જાય એની આબાદ મિમિક્રિ કરે. સંસ્થાનાં નાટકોમાંય ધોતિયું, પાઘડી, મૂછો લગાવી બીજવરનો કે કાલુંઘેલું બોલતાં અમદાવાદી મહાજનનો વેશ ભજવી બતાવે. ચાલુ ટ્રેને ઉતારુભાઈઓ સાથે સ્ત્રીપ્રશ્નોની ચર્ચા કરી નાહકનો ઝઘડો વહોરી લે; ને પછી એમને જ પેટ પકડીને હસાવે [illegible] એમનું સરનામું માગી લખી લે.

નાળિયેર જેવા વજ્ર [illegible] અને દઝડતા વ્યક્તિત્વ નીચે રહેલા મીઠાં પાણી અને [illegible] જેવા એમનાં પ્રેમનો આસ્વાદ, મૃદુતા અને લાગણીસભર ઉમળકો એમનાં સંપર્કમાં આવતાં સહુને પામવા મળે. જીવનભર કાર્યરત રહ્યાં છતાં આપણી ઉપેક્ષા એવી કે ન એમને કોઈ એવોર્ડ કે સન્માનથી એમને નવાજ્યાં, ન રાજકીય-સામાજિક ક્ષેત્રે એમને કોઈ પદપ્રાપ્તિ થઈ. ક્યારેક એમને વસવસો થતો કે આ સમાજમાં આલિયા-માલિયાને ચાંદખિતાબ મળે છે. સારા કામની કોઈને કદર નથી. હા ! છેક ૧૯૯૧માં જ્યોતિસંઘ સંસ્થાના આજુબાજુના વિસ્તારને 'ચારુમતી યોદ્ધાચોક' નું નામાભિધાન કરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એમને જાણે ન્યાલ (?) કર્યાં. પરંતુ જે દેશની પ્રજા સરદાર વલ્લભભાઈ જેવાને ય વિડંબના સમો ઇલ્કાબ આપે એ પ્રજા સમક્ષ આવો હરખશોક શો?

એમણે કરેલું જીવનભરનું કાર્ય સ્ત્રીઓને આપેલી હૈયાધારણ કે તેમની દાદ-ફરિયાદ કોઈ સાંભળનાર છે, તેમને વિસામો આપતી સંસ્થાઓ છે એ ઓછા મહત્વની વાત છે કે આવા કોઈ ઇલ્કાબ કે નામ માટેનો ધોખો કરવો? એમનું આવું કામ જ નવી પેઢીને પ્રેરણાદાયી બની રહેશે તે ઓછું છે? □

ભડકો

—બહાદુરભાઈ જ. વાંક—

વહેલી સવારે સ્નાનાદિથી પરવારીને ધીરજલાલ પૂજામાં બેઠા. દીવો-અગરબત્તી પેટાવ્યાં, ને અચાનક દીવો હોલવાઈ ગયો. જોયું તો દીવીમાં ઘી જ ખલાસ થઈ ગયું હતું. પૂજા મટે ખાસ રાખેલી ડબલીમાં તેમણે નજર કરી તો તેમાં પણ ઘી નહોતું. ઘરનાં બધાં હજુ ઊંઘમાં આળોટતાં હોઈ, તેમણે જાતે જ ઊભા થઈને રસોડમાંથી ઘી શોધવા ફાંફાં મારવા માંડ્યાં. ઘીનો ડબરો શોધીને ડબરીમાં ઘી ઠાલવતાં થોડું ઘી નીચે ઢોળાઈ ગયું. કંઈક અપશુકન થયાં હોય તેવો તેમને ધ્રાસકો પડ્યો. પછી બધું જ પ્રભુ કરે છે, આપણે તો માત્ર નિમિત્ત જ - આવું કંઈક વિચારતાં સંભાળીને દીવીમાં ઘી પૂરી ફરી દીવો પેટાવ્યો. માળા હાથમાં લીધી. જપસ્મરણ કરતાં કરતાં જ ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા.

એકાદ કલાક પછી પથારીમાંથી બેઠાં થઈને રસોડામાં આવતાં જ શાંતાબહેને જોયું તો રસોડામાં થોડું ઢોળાયેલું ઘી પડ્યું હતું. તેમનો મિજાજ ગયો, તે રસોડામાંથી તાડુકયાં : 'સવારના પહોરમાં આ બધાં કામો તમારાં જ લાગે છે !'

શાંતાબહેનના કંઈક ઊંચા ઘાંટાથી ધીરજરાયની આંખો એકદમ ઊઘડી ગઈ. તેઓ હજુ કંઈ જુએ કારવે એ પહેલાં શાંતાબહેન ફરી તાડૂકી ઊઠ્યાં : 'તમને બરાબર ન દેખાતું હોય તો તમારે કોઈકને કહેવું જોઈએ ને બાકી આમ મોંઘા ભાવનું ઘી...' ને મસોતાથી તેઓ જમીન પર ઢળેલું ઘી સાફ કરવાં લાગ્યાં.

પૂજાનો સામાન સંકેલતાં ધીરજ રાય બહુ જ ધીમા અવાજે બોલ્યા : 'મેં તને બે દિવસથી તો ડબરીમાં ઘી નાખવાનું કહ્યું જ હતું.'

'ધૂળ કહ્યું હતું?' ને જરા યાદ આવી જતું હોય તેમ શાંતબહેન કંઈક રોષથી બોલ્યાં : 'મારેય કેટલું યાદ રાખવું ? તમારે ફરીથી...' ને તેમણે જોરથી મસોતાનો એક બાજુ ઘા કર્યો.

પણ ધીરજરાયે કશી જ દલીલ ના કરી. માત્ર આંખો મીંચીને થોડીવાર બેઠા રહ્યા. તેમની ચૂપકીદી સોયની અણીની જેમ શાંતાબહેનને ભોંકાવા લાગી. બોલ્યાં : 'શું હજુ પૂજા બાકી રહી ગઈ છે?'

ધીરજરાયે કશો જ જવાબ આપ્યો નહીં. શાંતાબહેન સામે કંઈક ઉપેક્ષાથી નજર નાખતા, ઊભા થઈને તેઓ બાજુના ઓરડામાં આવ્યા. જોયું તો હજુ પણ તેમના બંને મોટા પુત્રો પથારીમાં આળોટતા હતા. તેમનાં ત્રણ ચાર પૌત્ર-પૌત્રીઓ જોરજોરથી રેડિયો ધુમાવતાં હડિયાપાટી કરી રહ્યાં હતાં. તેમણે છોકરાંઓને રેડિયો ધીમે વગાડવા ને પુત્રોને ઊઠી જવા માટે ધીમેથી ટપાર્યા. પણ કોઈએ તેમના અવાજ તરફ લક્ષ ન જ આપ્યું. એટલે વિશેષ કંઈપણ ન બોલતા તેઓ એકાદ ધાર્મિક પુસ્તક ખોલીને આરામખુરશીમાં બેઠા. રેડિયોના વધારે પડતા અવાજથી તેમને વાચન-મનનમાં કંઈક ખલેલ પડતી લાગી. તેઓ છોકરાઓને ફરી ટપારે એ પહેલાં શાંતાબહેન તેમની પાસે આવતાં બોલ્યાં : 'ઓરડામાં વહુને સંજવારીપોતા કરવાં છે. માટે તમે...'

ધીરજરાયને જાણે કોઈએ ધક્કો માર્યો હોય તેમ ઝડપથી ખુરશીમાંથી ઊભા થઈને ઓસરીમાં આવ્યા. ઓસરીમાં નાની વહુ લાજ કાઢીને કંઈક સમુંનમું કરી રહી હતી એટલે તેઓ ફળિયામાં આવી આંટા મારવા લાગ્યા. ત્યાં તો મોટી વહુએ સંજવારી કાઢી કચરોધૂળ ફળિયામાં ઠાલવ્યાં...ધૂળની કંઈક ડમરી ચડી...જાણે બધી જ ધૂળ તેમની આંખોમાં જ ઠલવાઈ ગઈ હોય તેમ તેમને લાગ્યું.

આજે તેઓ પોતાની ઓરડીમાં બેઠા બેઠા ગીતાનો સ્વાધ્યાય કરી રહ્યા હતા, ત્યારે બાજુના ઓરડામાંથી વહુઓ વચ્ચેનાં ઝઘડાનો અવાજ તેમના કાને અથડાયો. આ ઝઘડામાં પોતે જ કોઈક ને કોઈક રીતે નિમિત્ત બની ગયા હતા, એ સમજતાં તેમને વાર ન લાગી. દિવસ દરમ્યાન આવી કંઈક ને કંઈક ઘટના બન્યા જ કરતી. પણ આજે એ બંને વચ્ચેનો ઝઘડો કંઈક પરાકાષ્ઠાએ પહોંચતાં, વહુઓને કંઈક ધમકાવવાનો તેમને વિચાર આવી ગયો. પછી કોણ જાણે ગીતાનાં પાનાં ફેરવતા ફેરવતા જ તેમનો આ વિચાર અદશ્ય થઈ ગયો. પણ મન તો કંઈક ક્ષુબ્ધ થઈ જ ગયું હતું. મનની અશાંતિને શરમાવવા તેમણે થોડા ઊંડા શ્વાસ લીધા. પણ ઘરની હવામાં જ જાણે ચોતરફ ગૅસ ફરી વળ્યો હોય તેમ તેમને અત્યારે શ્વાસ લેવામાં પણ ગૂંગળામણ થવા લાગી. પછી ફુગ્ગામાંથી હવા નીકળી જાય તેમ, તેમનાથી એક મોટો નિસાસો નંખાઈ ગયો. પણ અચાનક ગીતાનો શ્લોક સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢ નિશ્ચય... : તેમના હોઠ ઉપર આવી ગયો ને તેમનું ક્ષુબ્ધ મન કંઈક શાંત પડી ગયું.

'અરે....આજે સાવ નવરાજ બેઠા છો તે મગનભાઈને ત્યાં જઈ આવો તો... તેમના દીકરાની વહુ ગુજરી ગઈ છે એટલે આવું ખરખરાનું કામ તો તમારે જ...' અચાનક શાંતાબહેનનો અશાંતિભર્યો અવાજ તેમના કાને અથડાયો...

તેઓ એકદમ ઝબકી ગયા. ઓરડીમાંથી બહાર આવ્યા. સામે જ શાંતાબહેન ઊભાં હતાં. તેમની સામે જોતા બોલ્યાં :'હા, તું કહે છે તો લાવ જઈ આવું...'

'આવું કામ તો તમારે તમારી મેળે સમજીને જ કરી નાખવું જોઈએ...બાકી સાવ બેઠા બેઠા જ...' તેમની સામે કંઈક ઉપેક્ષાથી જોતાં શાંતાબહેન એકધારું ઘણુંય બોલી ગયાં....

ધીરજરાય ચૂપચાપ બધું સાંભળી રહ્યા પછી મગનભાઈને ત્યાં જવા તૈયારી કરવા લાગ્યા...કપડાં બદલાવતા જોયું તો તેમનું ધોતિયું હજુ સુધી

કોઈએ સાંધ્યું નહોતું. ધોતિયું સાંધી આપવા માટે તેમણે શાંતાબહેન તથા વહુઓને બેત્રણ વખત યાદ આપી.

'તમારે તો ધરણ ટાણે જ સાપ...' બબડતાંક ને ધોતિયું તેમના હાથમાંથી ઝૂંટવી વહુ તરફ ફગાવતાં શાંતાબહેન બોલ્યાં : 'વહુ, આમાં બે-ચાર ટાંકા મારી દેજે....'

શાંતાબહેનના મિજાજને જોતા તેઓ બોલ્યા : 'તું શા માટે મારા ઉપર આટલી ધૂંઆંપુંઆં થાય છે? ખબર છે ને તને હાઈ બી.પી. છે.'

'દિ આખો તમે જ તો નવરા બેઠાં બધાંયને લોહીઉકાળા કરાવો છો...પછી તો હું પણ...'

'મેં તમને બધાંને શું તકલીફ આપી દીધી એ કંઈ તું કહેશે? બહુ જ ધીમાં અવાજે ધીરજરાય બોલ્યા.'

'હું શું કહું ? આખો દિ રસોઈબારામાં, ચોખ્ખાઈ બારામાં ને છોકરાંઓ બારામાં તમારી ટકટક ચાલુ જ. મેં તમને કેટલી વખત કહ્યું છે કે આ જમાનામાં કોઈને પણ કંઈ જ કહેવાય-ટોકાય નહીં ને આ વહુઓ પણ તમારા કારણે જ...'

'તો હવે હું આ ઘરમાંથી ક્યાંક ચાલ્યો જાઉં તો તમને બધાંને શાંતિ થાય એમ જ ને?'

'હું કાંઈ નવરી નથી, તમારી જોડે જીભાજોડી કરવાં...' ને શાંતાબહેને વહુના હાથમાંથી ધોતિયું લઈ ધીરજરાય તરફ ફગાવ્યું.

વધારેમાં વધારે અંતર્મુખ બનીને જીવવા છતાં, બધાનું પોતા પ્રત્યેનું આવું ઉપેક્ષાભર્યું વલણ કેમ હશે, એ જ કંઈ ધીરજરાયને સમજાયું નહીં. પછી ચૂપચાપ ધોતિયું બદલાવીને પોતાની લાકડી શોધવા લાગ્યા : 'મારી લાકડી ક્યાં ગઈ? કોઈએ લીધી છે?'

પણ કોઈએ જવાબ આપ્યો નહીં. પછી શોધખોળ કરતા તેમણે જોયું તો ખૂણામાં છોકરાઓએ ઘોડો ઘોડો રમતાં લાકડી ફગાવી દીધી હતી. તેમણે લાકડી હાથમાં લીધી. પોતે જ જાણે આ ઘરમાં ઘોડો બની ગયા હોય, ને બધાં જ જાણે તેમના પર સવાર થઈ ગયાં હોય, એવી કંઈક લાગણી તેમને અત્યારે થઈ આવી.

છેલ્લા કેટલાક દિવસોથી ધીરજરાયને પેટમાં ગરબડ રહેતી હોવાથી તેમણે મોટા પુત્ર મહેન્દ્રને બજારમાંથી હિમેજની ફાકી લાવી આપવા માટે કહ્યું હતું પણ હજુ સુધી એ ફાકી લાવ્યો નહોતો. આજે પેટમાં જરા વધારે દુ:ખતાં તેમણે મહેન્દ્રને ફરી યાદી આપી.

મહેન્દ્ર છાપામાંથી માથું ઊંચુ કરતાં બોલ્યો : 'તમે મને વારંવાર યાદી નહીં આપો તો પણ હું આજે ફાકી લાવી જ આપવાનો છું...'

'જો એમ કહ્યા વગર કામ કરતાં હોત તો ફાકી કેદુની લઈ આવ્યો હોત. આજ કેટલા દિ' થયા ? ને કંઈક કટુતાથી ઉમેર્યું : 'પણ સાંભળે છે જ કોણ?'

ને મહેન્દ્ર છાપું એક બાજુ ફગાવીને ચૂપચાપ બહાર નીકળી ગયો. ધીરજરાય માત્ર જોતા રહ્યા.

બપોરના ધીરજરાય જમવા બેઠા. રોટલી સહેજ કઠણ લાગતા શાંતાબહેન તથા પુત્રવધૂઓ સાંભળે તેમ બોલ્યા : મારે દાંત નથી, એટલે રોટલી સહેજ પોચી બનાવતાં હો તો...'

રોટલી તો પોચી જ બનાવે છે. છતાં તમને...ને જરા રહી શાંતાબહેન આગળ બોલ્યાં : 'કદાચ કોઈ રોટલી કઠણ આવી જાય તો...'ને આગળ કંઈક અજુગતું બોલતાં તેમની જીભ અટકી ગઈ.

ધીરજરાય કશી જ દલીલ કર્યા વગર જમીને ઊભા થઈ ગયા. પોતાની ઓરડીમાં આવી પલંગમાં સહેજ આડા પડ્યા. તેમણે જોયું તો પથારીનો ઓછાડ આજ આઠ દિવસ થયા કોઈએ બદલાવ્યો નહોતો.. એટલે ઓછાડ બદલાવી જવા માટે તેમણે અવાજ દીધો. પણ કોઈ આવ્યું નહીં. એમણે મોટું મન રાખીને, હાથમાં એકાદ ધાર્મિક પુસ્તક પકડી વાંચવામાં ચિત્ત પરોવ્યું. પણ આંખોમાં મોતિયો આવતો હોઈ બરાબર વાંચી શકાતું નહીં. આંખો બતાવવા ડૉક્ટર પાસે લઈ જવા તેમણે પુત્રને કેટકેટલી વખત કહ્યું હતું પણ હજુ સુધી એને ફુરસદ જ મળી શકી નહોતી. પછી કંટાળીને પુસ્તક એક બાજુ મૂકીને જપસ્મરણ કરતા તેમણે ઊંઘવા પ્રયત્ન કર્યો. પણ ઊંઘ જ આવી ન શકી. તેમને થયું, 'મારી ઊંઘ પણ કોણ ચોરી ગયું હશે?'

દોઢ-બે કલાક પથારીમાં પડખાં ઘસીને તેઓ બેઠા થયા. ગોળામાંથી પાણીનો લોટો ભર્યો. જુએ છે તો ગોળામાં વીંછળીને હજુ સુધી કોઈએ તાજું પાણી પણ ભર્યું નહોતું. ગોળો પણ ઓઘરાળો હતો. તેમણે પાણી માટે બૂમ પાડી. પણ કોઈએ કંઈક જ જવાબ આપ્યો નહીં. બધાં હજુ બપોરની ઊંઘ ખેંચવામાં જ પડ્યાં હતાં. થોડીવાર બેઠા રહ્યા. એટલામાં તેમની નજર નાની પૌત્રી ઉપર પડી. તેને પાણી આપી જવા માટે બૂમ પાડી. છોકરી પાણી આપી ગઈ. ચાનો કપ મોઢે માંડ્યો... અચાનક પેટમાં વીટ ઊપડી. સોડા પીવાની ઇચ્છા થઈ આવી. છોકરીને બહારથી સોડા લાવી આપવા કહ્યું... પણ છોકરી તો રમતે ચઢી ગઈ. એટલે નાના પુત્રને બહારથી સોડા લાવી આપવા કહ્યું... છોકરાએ પહેલાં તો બહુ દાદ ન આપી. પછી મોં કટાણું કરીને સોડાની બાટલી લાવી આપી. છોકરાએ સોડા ફોડી આપી. તેમણે સોડા પીધી. છતાંય પેટમાં શાંતિ ન થઈ. જાણે બાટલીની ગોળી જ પેટમાં કેમ ના ઘૂસી ગઈ હોય ! પછી પોતાના દુ:ખને, પોતાના પરિતાપને હળવો કરવા તેમજ ઘરમાં બધાંના પોતાના પ્રત્યેના વલણને હળવાશથી નિભાવી લેવા માટે મનોમન કંઈક સમાધાન સાધી તેઓ જપસ્મરણ કરવામાં વ્યસ્ત થઈ ગયા. ને ગીતાનો 'સ્થિરપ્રજ્ઞ' શબ્દ ક્યાંય સુધી તેમના મનમાં ઘૂંટાયા કર્યો.

આજે મોડી સાંજના તેઓ ધૂંધળી આંખે રામાયણમાં ચિત્રો જોતા તેનાં પાનાં ફેરવી રહ્યા હતા. ત્યાં અચાનક લાઈટ ચાલી ગઈ. થોડીવાર લાઈટની પ્રતીક્ષા કરતાં તેઓ એમ ને એમ પલંગ ઉપર બેઠા રહ્યા. દસ-પંદર મિનિટ પસાર થવા છતાં લાઈટ ન આવતાં તેમણે શાંતાબહેનને ફાનસ આપી જવા માટે બૂમ પાડી. તેમનો અવાજ ઓરડામાં વાગતા ટ્રાન્ઝિસ્ટરનાં ઘોંઘાટમાં જ ડૂબી ગયો. ફરી બૂમ પાડી... કોઈ જવાબ નહીં... ફરી ફળિયા વચ્ચે આવી અવાજ દીધો.

(અનુસંધાન પૃષ્ઠ ૫૨૨ ઉપર)

સૌર-મંડલીય વિશૃંખલતા

છોટુભાઈ સુથાર

વિશૃંખલતા* નવી વિજ્ઞાન કેડી છે. સંમિશ્ર યા જટિલ વેગવાળા આકાશી પદાર્થોની ગતિઓને સમજવાની તેમજ તેમનું વિવરણ કરવાની ક્ષમતા દાખવનારું એ નૂતન વિજ્ઞાન છે.

વિશૃંખલતા અવકાશી પદાર્થોના ગુણધર્મોમાં એકદમ થતા ફેરફારનો વાચક શબ્દ છે. મતલબ કે સ્વીકૃતિ પામેલી ક્રમબદ્ધતામાં પડતા ઓચિંતા વિક્ષેપ માટેનો શબ્દ છે. ઉ. ત. અવકાશી પદાર્થની કક્ષીય ઉત્કેન્દ્રતા (Eccentricity) જે હજારો યા વધુ વર્ષો દરમિયાન અમુક પ્રકારનું ક્રમિક ચક્ર દાખવતી હોય તે એકાએક ઢંગ બદલી નવા પ્રકારનો ઘાટ ધારણ કરે તો તે વિશૃંખલતા છે.

ગ્રહણોના આવર્તનથી આપણે સૌ પરિચિત છીએ. વળી બુધ, શુક્ર વગેરે ગ્રહો અમુક સમયે આકાશમાં કયે સ્થળે દેખાશે તેની માહિતી પણ ધરાવીએ છીએ. મંગળ અને ગુરુ વચ્ચેના લઘુ ગ્રહોના નિયમિત રૂપના સૂર્ય-પરિક્રમણની પણ આપણને જાણ છે. એ સૌ પોતપોતાના નિયત માર્ગે આકાશમાં ભ્રમણ કરે છે એમ સમજવા છતાં પ્લુટોનો આકાશી માર્ગ નેપચ્યુનની કક્ષાને કેમ છેદે છે એનું આપણને આશ્ચર્ય થાય છે. પુરાણા સમયમાં પ્લુટો અલગ કક્ષામાં ફરતો હશે તેમાં પડેલો ફરક તેની કક્ષા-વસંગતિ છે.

ઉપર્યુક્ત ઉદાહરણ એમ સમજવા આપ્યું કે પ્લુટોની આજની કક્ષાના હિસાબે એની હજારો યા લાખો વર્ષ પહેલાંની જૂની કક્ષા કેવા પ્રકારની હશે તે દર્શાવી નહીં શકાય. વળી, એના આધારે દૂરના ભવિષ્યની તેની કક્ષા અંગે પણ કહેવાનું નહીં બની શકે.

મોટા ભાગના ખગોળશાસ્ત્રીઓએ વિશૃંખલતાને નૂતન ખગોળ શાખા તરીકે આવકારી છે. જો કે એના નૂતનત્વનાં બીજ અત્યાર પહેલાં ફૂટેલાં હોવાનું સમજી શકાય તેવું છે. ઉ. ત. આકાશમાં ફરતા ગ્રહોનાં ચોક્કસ સ્થાનો વિષે આગાહી કરવા માટે ન્યૂટન વગેરેના નિયમોના ઉપયોગ કરવામાં આવે છે. પણ એ દ્વારા મેળવાતાં ગ્રસ્થાન આકાશી ગ્રહસ્થાનો સાથે કાયમ રીતે સૂક્ષ્મ મેળ ખાતાં હોવાનું બનતું નથી. તે કંઈક અંશે સ્થૂળ રહેતાં હોય છે. આકાશમાંનું ચન્દ્રનું નિશ્ચિત સ્થાન જાણવા માટે ચંદ્રને લગતી ગતિઓ પૈકી મુખ્ય ૭ ગતિઓના સંસ્કાર દ્વારા જરૂર પૂરતું ચંદ્ર-સ્થાન મેળવી શકાય છે. અલબત્ત, એ તદ્દન સૂક્ષ્મ તો નથી જ. બ્રાઉના નામના ખગોળશાસ્ત્રીએ પૂરાં ૨૦ વર્ષ સુધી મહેનત કરી સૂક્ષ્મ ચંદ્ર સાધવા ૯૯ સંસ્કારની શોધ કરી હતી અને છતાંયે એને કહેવું પડ્યું હતું કે વધુ સૂક્ષ્મતા માટે અન્ય સંસ્કારોની જરૂર રહી છે !

ગ્રહોના સ્થાનનિર્ણયમાં, બે જ્યોતિઓને સાંકળતો પ્રશ્ન હોય તો ગુરુત્વમધ્યબિંદુની રીતે તેને સરળતાથી હલ કરી શકાય છે, પણ ત્રણ યા વધુ જ્યોતિઓ સંકળાતી હોય તો તે માટેનો ઉકેલ મુશ્કેલ બને છે. અલબત્ત, આ મુશ્કેલી નિવારવા હવે કમ્પ્યૂટરોની મદદ લેવામાં આવે છે. ઉ.ત. મોટાં ઝડપી કમ્પ્યૂટરો દ્વારા, સૂર્યમાળાના બહારના ગ્રહોની ૧,૨૦,૦૦૦ વર્ષ પર્યંતની આકાશી સ્થિતિઓમાં સ્થાયિત્વ અંગે ચકાસણી કરવામાં આવી ત્યારે માલૂમ પડ્યું કે ઉક્ત અરસામાં પ્લુટોએ એની કક્ષાનું નેપચ્યુનની કક્ષા સાથેનું આવર્તક સંસ્પંદન (Resonance) દાખવ્યું છે. અને, આમ, સૌર મંડળમાં વિશૃંખલતાની પ્રથમ ભાળ મળી હતી.

જોકે ત્યારે પણ એમ માનવામાં આવતું હતું કે સૂર્યમંડળના બધા સભ્યોનાં સ્થાયિત્વમાં ક્યાંય કશી ગરબડ નથી. વળી, એમ પણ સમજાયું હતું કે શનિએ પોતાના ગુરુત્વબળે તેના એક ઉપગ્રહ હાઈપેરિયનનો ભ્રમણવેગ એવી રીતનો બનાવી દીધો કે, આપણો ચન્દ્ર જેમ પૃથ્વી તરફ એક જ બાજુ રાખીને ફરે છે તેમ હાઈપેરિયન પણ શનિ તરફ એક જ બાજુ રાખીને ગ્રહ પ્રદક્ષિણા કરે છે. મતલબ કે હાઈપેરિયનને ત્યારે સમ્યક્ ગતિવાળો ઉપગ્રહ માનવામાં આવ્યો હતો.

પણ થોડા સમય પહેલાં જ ખગોળશાસ્ત્રી જેક વિઝડમે હાઈપેરિયનની મનાતી ક્રમબદ્ધતાવાળી ગતિ અંગે નવી વાત જોવાયાનું જાહેર કર્યું. તેણે કહ્યું કે હાઈપેરિયનનું ધરીભ્રમણ ૧૦ દિવસનું છે. પણ એ ધરીભ્રમણ ક્રમિક નથી. તે એક વાર થયા પછી બીજીવાર બંધ રહે છે ને પછી પાછું ચાલુ થાય છે. વળી તેણે ઉમેર્યું કે હાઈપેરિયનની ભ્રમણધરી અવકાશમાં એક જ દિશાને તાકવાને બદલે થોડો પલટો લે છે, એટલું જ નહીં પણ ઉપગ્રહના પેટાળમાં તે પોતનું સ્થાન બદલતી રહે છે.

શનિની આજુબાજુનો હાઈપેરિયનનો એક આંટો મારવાનો સમય કેટલાક ખગોળશાસ્ત્રીઓએ જુદો જુદો જણાવ્યો છે. ઈ.સ. ૧૯૮૪માં નિરીક્ષણ કરનારા ખગોળશાસ્ત્રીઓના બે જૂથને તે કાળ ૧૩ દિવસનો જણાયો હતો જે કેટલાયે મહિના સુધી એટલો રહ્યાનું જણાયું હતું. પણ આજથી બેએક વર્ષ પહેલાંનાં નિરીક્ષણોએ દર્શાવ્યું છે કે ઉક્ત સમય ૧૩ દિવસ કરતાં અલગ છે.

આ થઈ અલગ અલગ તારણોની વાત.

હાઈપેરિયન નિયત આકારવાળો ઉપગ્રહ નથી. વળી, એની શનિગ્રહની આસપાસની પરિક્રમણ કક્ષા વિશેષપણે દીર્ઘવૃત્તની છે. કદાચ આ કારણોને લઈને તે ઉપર કથિત પ્રકારની વિસંગતિ દાખવે છે અને તેથી એમ માનવામાં આવ્યું છે કે લથડિયાં ખાતો હાઈપેરિયન ઉપગ્રહ વિશૃંખલતાના ક્ષેત્રમાં પ્રવેશ્યો છે, જ્યાં એના અનિયમિત આકારને તેની ઉત્કેન્દ્રતા સાથ આપી રહી છે. અલબત્ત, હાઈપેરિયન આમ વિશૃંખલતાનું એક નક્કર ઉદાહરણ બની રહ્યો છે.

વિશૃંખલતાનાં ઉદાહરણોના શોધક ખગોળશાસ્ત્રી વિઝડમ, સૂર્યમંડળનાં ગ્રહો તેમજ ઉપગ્રહોનાં આજનાં, દસ લાખ વર્ષ પહેલાંનાં તેમજ લાખો વર્ષ હવે પછીનાં તેમનાં આકાશી સ્થાનો અને ગતિઓ વિષે એવું મંતવ્ય ધરાવતા થયા છે કે ઉક્ત્ ગ્રહો-ઉપગ્રહો પૈકી કેટલાક જ્યોતિઓ વિશૃંખલતાના ભોગ બની કાં તો આજની સ્થિતિએ પહોંચ્યા છે યા હવે પછી તદ્દન જુદી સ્થિતિએ પહોંચશે. અતિ શક્તિશાળી કમ્પ્યૂટર યંત્રોનો ઉપયોગ

* વિશૃંખલતા - chaos, જેમાં ક્રમ યા શૃંખલા ન હોય.

કરી એમણે તેમજ અન્ય ખગોળશાસ્ત્રીઓએ તારવ્યું છે કે સૂર્યમંડળ અનેક કરોડો વર્ષ સુધી યા કહો કે તેની જિંદગી દરમિયાન આજના જેવી જ તે સ્થિરતાવાળું રહેશે એમ માનીને આપણે ચાલ્યા છીએ તે આપણી કલ્પના પ્રમાણેનું - બિલકુલ નિયમિત ગતિવિધિવાળું છે તેવું નથી.

હાઈપેરિયનની વિશૃંખલતાની વાત પછી, હવે, નેપચ્યુનના ચંદ્ર ટ્રાઈટન (Triton)ની વાત કરીએ જે વિશૃંખલતાનું બીજું ઉદાહરણ છે.

ટ્રાઈટન મૂળે નેપચ્યુનનો ઉપગ્રહ ન હતો. તે સ્વતંત્ર રીતે સૂર્યની પ્રદક્ષિણા કરતો હતો. એ પરિકમ્મા દરમિયાન તે નેપચ્યુનનો નિકટવર્તી થતાં તેની પર નેપચ્યુનનું આકર્ષણ થયું જે કારણે તે કક્ષાભ્રષ્ટ થઈ નેપચ્યુન તરફ ખેંચાઈ ગયો. એટલું જ નહીં પણ દીર્ઘ કક્ષામાં ફરનારો એ જ્યોતિ લગભગ વર્તુળાકાર કક્ષામાં નેપચ્યુનની પરિકમ્મા કરવા લાગ્યો.

નેપચ્યુનને જે ઉપગ્રહો છે તે પૈકી ટ્રાઈટનની કક્ષા બહારના જે ચંદ્રો હતા તે પૈકીના એક સાથે ટ્રાઈટન અથડાઈ પડેલો અને એ સંઘર્ષમાં તેને ગળી પણ ગયો હતો. બાદમાં બહારના ભાગે આવેલો અન્ય ચંદ્રોને પણ તે હોઈયાં કરી જઈ ખૂબ પુષ્ટ બન્યો. હવે ટ્રાઈટનની નજર એની કક્ષાની અંદર આવેલા નેપચ્યુનના પાંચ નાના ચંદ્રો પર હોવાનું જણાયું છે. સંભવ છે કે તેમાંના એકાદને તે પોતાના તરફ ખેંચી તેને હડપી પણ જાય. અત્યારે તો ટ્રાઈટનની આકર્ષણ પ્રક્રિયાને કારણે ઉક્ત ચંદ્રો સ્થાનચ્યુત તેમજ સ્થિતિચ્યુત થવાનો સંભવ છે. ચંદ્રોની કક્ષાના નમણ (Inclination)માં પડનારો ફરક આ વાતની સાહેદી પૂરશે.

થોડી લઘુગ્રહોની વાત કરીએ.

લઘુગ્રહો મંગળ અને ગુરુની વચ્ચે અમુક વિસ્તારમાં જ ઘૂમે છે, જે કારણે કેટલોક અવકાશી ભાગ બિલકુલ ખાલી રહે છે. આવા એક ખાલી ભાગને કર્કવૂડ નામ આપવામાં આવેલું છે. આ પ્રદેશની વિશેષતા એ છે કે એમાં ઘૂમનારો કોઈ પણ લઘુગ્રહ નજદીકના ગુરુગ્રહના આકર્ષણનો ભોગ બને છે અને તેના દ્વારા ખેંચાઈ ક્યારેક એની પોતાની કક્ષા બહારના અવકાશમાં ફંગોળાઈ જાય છે. ક્યારેક વળી એવો જ્યોતિ તૂટી જતાં એના ટુકડા છેક પૃથ્વી સુધી ફેંકાઈ જાય છે. પૃથ્વી પર ચંદ્રમણિ નામે ઓળખાતા પથ્થરો, કદાચ, આ રીતે પૃથ્વી સુધી પહોંચેલા લઘુગ્રહનો ભંગાર પણ હોય.

પોતાની નિયત કક્ષામાં ફરતો કોઈ લઘુગ્રહ ક્યારેક પૃથ્વીની કક્ષાને કાપી અવકાશમાં છટકી જવાનું બને છે. આ બાબતને પણ કક્ષા પલટવાના ઉદાહરણ... હિસાબે વિશૃંખલતા લેખી શકાય.

ગ્રહોની વાત પણ લઈએ.

પ્લુટોની કક્ષાનું નમણ અત્યારે ૧.૭° છે. પણ તે ૧૪°.૬ થી ૧૬°.૯ની રીતે આંદોલિત થઈને બનેલું છે. એ દૃષ્ટિએ એની કક્ષા વિશૃંખલતા દાખવતી હોઈ, એની ભવિષ્યની ગતિવિધિ અરાજકતા દાખવે તો નવાઈ નહીં.

પૃથ્વી અને શુક્રની કક્ષાઓ એકબીજાથી સ્પષ્ટ રીતે અલગ છે. અને એ દૃષ્ટિએ આ ગ્રહોના અથડાવાનો યા કક્ષા કાપવાનો પ્રશ્ન ઊભો થતો નથી. પણ હા, એમની સ્થિતિઓ વિશૃંખલ થતાં એવું બને કે પૃથ્વીની ધરીનું દિગ્વલન (Orientation) બદલાઈ જાય અને ત્યારે પૃથ્વીનો આજનો સૂર્યસન્મુખ રહેતો વિષુવવૃત્તીય પ્રદેશ પલટાઈ જાય અને તેને ઠેકાણે કોઈ અન્ય પ્રદેશ (દા.ત. ધ્રુવપ્રદેશ) સૂર્ય સન્મુખ થવાનું બને. આમ કલ્પવા છતાં ઉક્ત અરાજકતા કેવા સ્વરૂપની હશે તેની આગાહી કરવી વ્યર્થ છે.

હમણાં હમણાંના સમાચાર છે કે અનેક વર્ષોથી નિયમિત રીતની સૂર્યપ્રદક્ષિણા કરી રહેલા હેલી ધૂમકેતુએ વિશૃંખલતા દાખવી છે.આજકાલ તે સૂર્યથી ૧૪.૫ આકાશી એકમ (સૂર્યપૃથ્વી અંતર) જેટલો દૂર છે અને શક્તિશાળી દૂરબીન વિના તેને શોધવો મુશ્કેલ છે. ફેબ્રુઆરી '૯૧ની ૧૨મી તારીખના સમાચાર છે કે આ ધૂમકેતુનું માથું જે અત્યારે સામાન્ય તેજબિંદુ જેવું દેખાવું જોઈએ તેણે ઓચિંતી ૧૦૦૦ ગણી તેજસ્વિતા દાખવી છે. સૂર્યથી અત્યંત દૂરના અવકાશમાં જ્યાંનું તાપમાન - ૨૨૦°સે. હોય (જ્યાં ધૂમકેતુના વાયુઓ ઠરી ગયા હોય) ત્યાં એ કઈ શક્તિના જોરે આટલી સક્રિયતા દાખવી શક્યો હશે? ધૂમકેતુઓ તૂટી અવશ્ય જાય છે પણ કોઈએ હેલીની પેઠે કરેલું સ્ફુટન (Eruption) જાણવા મળ્યું નથી.

ઉપર ચર્ચેલી કેટલીક બાબતો આપણને એમ સમજવા પ્રેરે છે કે સૂર્યમંડળ વિસંગતતાઓ દાખવી રહ્યું છે. હવે પછીનાં અનેક વર્ષો (લાખો તેમજ કરોડો પણ) દરમિયાન તેની શકલ-સૂરતમાં પડનારા ફરકની, આજના તબક્કે, કહો કે, આપણે, કોઈ પ્રકારની આગાહી કરી શકીશું નહીં : આગાહી ન કરી શકવાના કારણનું નામ છે 'વિશૃંખલતા'. □

ગ્રાહકોને ખાસ સૂચના

- આપના કુમારની કોથળી પર આપનો ગ્રાહક નંબર હોય છે તેનો કોઈ પણ પ્રકારનો પત્રવ્યવહાર કરતી વખતે અવશ્ય નિર્દેશ કરવો.
- લવાજમ મોકલતી વખતે એમ.ઓ. સ્લિપમાં આપનું સરનામું સુવાચ્ય અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ જો સ્પષ્ટ હોય તો જ વાપરવો. અધૂરા કે અસ્પષ્ટ સરનામાંથી વિલંબ થાય તેની જવાબદારી અમારી નથી.
- લવાજમ જો ચેકથી મોકલો તો બેંક કમિશનના રૂપિયા તેર અચૂક ઉમેરવા.

આત્મહત્યા કરવામાં બુદ્ધિની જરૂર પડતી નથી

વિનોદ ભટ્ટ

બારમા ધોરણમાં નાપાસ થયેલ એક વિદ્યાર્થી કાંકરિયા તળાવમાં પડીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કરતો હતો. તળાવના કિનારે ઊભેલા પોલીસે તેને ધમકાવતા કહ્યું : 'સાવ બેવકૂફ છે તું. જો તું આ ગંદા પાણીમાં પડી જીવનનો અંત આણીશ તો તારે ફરી વાર જન્મ લેવો પડશે. ધાર કે બીજા જન્મમાં મનુષ્ય બનીને અમદાવાદમાં આવીશ તો તને કે.જી.માં દાખલ કરાવવા માટે તારા માબાપે મોટું ડોનેશન આપવું પડશે. પછી એકડિયા બગડિયામાં અથડાતો કુટાતો તું બારમા ધોરણમાં પહોંચીશ. કોર્સ ફરી બદલાઈ ગયો હોવાથી ફરી નાપાસ થઈશ એ વખતે પણ તું આપઘાત કરવા અહીં આવીશ. માટે આવી બધી લપમાં પડ્યા વગર આટલાં બધાં વર્ષો બગાડ્યાં વગર ફરી વાર મહેનત કરીને બારમાની પરીક્ષા આપી દે - એ સહેલું પડશે.'

ઉપરની કથામાંના વિદ્યાર્થીનું પછી શું થયું એની જાણ નથી, પણ એટલી ખબર છે કે માણસો મોટાભાગે કોઈ મહત્ત્વના કારણસર આત્મહત્યા નથી કરતા, નજીવા કારણને મોટું ગણીને મરતા હોય છે. વચ્ચે છાપામાં એવા સમાચાર હતા કે સીમેન્ટ ના મળ્યો એટલે 'મારા ગ્રાહકોને હું શું મોઢું બતાવીશ ?' એમ વિચારીને એક બિલ્ડિંગ કોન્ટ્રાક્ટરે આપઘાત કર્યો. જો કે મહદ્અંશે ગ્રાહકો પાસેથી પૈસા મેળવી લીધા પછી આ લોકો ભાગ્યે જ તેમને મુખારવિંદ બતાવતા હોય છે. હિન્દી ફિલ્મના કોમેડિયન રાધાકિશને એવા ડરથી બિલ્ડિંગ ઉપરથી ભૂસકો મારીને આત્મઘાત કરેલો કે તેનામાં હસાવવાની પહેલાં જેવી શક્તિ રહી નથી. રાજીવ ગાંધીની હત્યા થઈ ત્યારે, 'હવે આપણા પર કોણ રાજ કરશે ? હવે આપણે જીવીને શું કામ છે ?' એવી ભાવનાથી ચાર જણાએ આત્મહત્યા કરી નાખી હતી. નોબેલ પ્રાઈઝ મળ્યા પછી ઘણાં વર્ષે અર્નેસ્ટ હેમિંગ્વેને લાગ્યું કે પોતાનાં લખાણમાં કંઈ ભલીવાર નથી એટલે જે મગજમાંથી નવલકથાઓ સ્ફુરી હતી એ મગજમાં ગોળીઓ છોડી પોતાના અસ્તિત્વને છિન્નભિન્ન કરી નાખ્યું. વર્જિનિયા વુલ્ફ સાવ એકલસૂરી થઈ ગયેલ. પોતાની સાથે ય માણસ કેટલો સમય ગાળી શકે! કંટાળી ગઈ. કંટાળાનો અનુવાદ કોઈ પણ ભાષામાં થઈ શકતો નથી, એટલે પછી જીવનથી નાસભાગ, આત્મહત્યા. નિત્સે જેવો મહાન ફિલસૂફ, 'God is dead' (ઈશ્વર ગુજરી ગયો છે) એવા સમાચાર પ્રજાને પહેલવહેલા આપનાર આ ફિલસૂફ, જીવવું સાર્થક છે કે નિરર્થક એ નક્કી કરી શક્યો નહીં. એટલે જીવન ત્યાગી દીધું, 'તેન ત્યક્તેન ભૂંજીથા' : અહીં કેટલું લાગુ પડે છે એ જાણવાની ઈચ્છાય હશે, કદાચ ! ગિરોલામો કાર્ડાનો નામનો ઈટાલિયન જ્યોતિષી. આખાય યુરોપમાં પ્રખર જ્યોતિષી લેખે પંકાયેલો. ઈંગ્લેન્ડના રાજા એડવર્ડ છઠ્ઠાની કુંડળી બનાવવા તેને ખાસ બોલાવાયો હતો. તેણે પોતાના મૃત્યુની તારીખ ભાખી, સમય પણ. પરંતુ એ દિવસે સવારે તે જાગ્યો ત્યારે સાવા સાજોનરવો હતો. તેને એમ લાગ્યું કે તીની આ આગાહી ખોટી પડશે તો લોકોમાં તે હાંસીપાત્ર બનશે. એટલે તેણે આત્મહત્યા કરી નાખી. આપણા અખબારી જ્યોતિષીઓ આ કાર્ડાનો-ગોત્રના હોત તો તેમને અનેક વાર આત્મહત્યા કરી નાખવી પડત. મેરલીન મનરો તેની પાસે લખલૂટ પૈસો હોવા છતાં એ પૈસાથી તે ઊંઘ ખરીદી શકતી નહોતી એટલે ચીર નીંદર મેળવવા ઊંઘની ગોળીઓ વધુ માત્રમાં લઈ લીધી ને ક્લીઓપેટ્રાની સાથે સ્પર્ધા કરવા ચાલી ગઈ. એક વિદ્યાર્થીને આ વર્ષે લેવાયેલ પરીક્ષાઓમાં સુપરવાઈઝરે ચોરી કરવા ના દીધી. આથી તે સંવેદનશીલ આત્માને લાગી આવતાં તેણે શરીર છોડી દીધું.

માણસને સ્વામાનપૂર્વક જીવવાનો અધિકાર છે એ રીતે પોતાની ઈચ્છા થાય ત્યારે ગુજરી જવાનો તેને હક્ક છે કે નહીં એ વિષય દર પાંચ વર્ષે ચર્ચાઈને શમી જાય છે. આપણા દેશની વાત કરીએ તો આપણે ત્યાં ભીખ માગવી એ ફોજદારી ગુનો છે, બેકારીનો સાગર સતત ઘૂઘવતો રહે છે. સરકાર બે ટંક ખાવા આપી શકતી નથી, કપડાં ને મકાનની વાત તો દૂરની કહેવાય તો તેને આ રીતે ભૂખે મરતા માણસને રીબાવવાનો હક્ક પહોંચે ખરો ?

આમ તો માણસ સૌથી વધુ તો પોતાના શરીરને ચાહતો હોય છે. 'સ્વ'-પ્રેમમાં ગળાબૂડ હોય છે. એટલે તો કહેવાયું છે કે આપ મુઆ પછી ડૂબ ગઈ દુનિયા. આવા માણસનું જીવન કડવું ઝેર થઈ જાય ત્યારે ઝેર ઝેરને મારે એ ન્યાયે તે ઝેર પી લેતો હોય છે. એક શેઠને ત્યાં કોઈ માણસ ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોય, પછી સમય એવો આવે કે એ જ ડ્રાયવર શેઠ થઈ જાય ને શેઠની આર્થિક હાલત અત્યંત ખરાબ થઈ જવાથી એ જ ડ્રાયવરની કાર ચલાવવાનો સમય તેને આવે એટલે કારથી પણ વધુ ઝડપે જિંદગીથી તે નાસી છૂટે. જેને પરમ મિત્ર માનેલો હોય એ જ જણ પોતાની વ્હાલસોઈ પત્નીને ઉઠાવી જાય ને પછી એ ભૂતપૂર્વ મિત્ર તેના ઘરની સામેના મકાનમાં રહેવા આવે એ દૃશ્ય જોઈ હપ્તે હપ્તે મરવાને બદલે એક સાથે મરવાની તે કોશિશ કરે ત્યારે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૯ અન્વયે તે ગુનો બને છે. આખાય આઈ. પી. સી. માં ગુનાની આ એક જ કલમ એવી છે જેમાં માણસ ગુનાના પ્રયાસમાં નિષ્ફળ જાય તો તેને સજા થાય છે. પણ આ ગુનો તે સફળતાપૂર્વક કરી નાખે તો તેને કોઈ સજા થતી નથી. આ ગુનો અધૂરો છોડવામાં સો ટકા જોખમ છે. ભારતમાં દર વર્ષે લગભગ ૪,૬૦૦ માણસો સલમ ૩૦૯ હેઠળનો ગુનો સફળતાપૂર્વક કરે છે.

જાપાનમાં કોઈ વ્યક્તિને લાગે કે પોતે ઈજ્જતભેર જીવી શકે તેમ નથી ત્યારે તે હારાકીરી-આત્મ[illegible]ન કરી નાખે છે. પશ્ચિમના દેશોમાં આત્મહત્યાને ગુનો લેખવામાં આવતો નથી. જ્યારે ભારતમાં આત્મહત્યાને કાયદામાં ગુનો ને ધર્મમાં પાપ ગણવામાં આવે છે. ૫૮ કે ૬૦ વર્ષે માણસને સરકારી નોકરીમાંથી ફરજિયાતપણે નિવૃત્ત કરી દેવામાં આવે છે. પણ જીવનમાંથી નિવૃત્ત કરવાનો કાયદો નથી. એ રીતે તેને પોતાને પણ પોતાનું ખૂન કરવાનો હક્ક નથી. આ દેશમાં જનમ (જન્મ), પરણ ને મરણ ત્રણેય કાયદેસર હોય તો જ સરકાર તમને માન્યતા આપે છે અને આયરની એ છે

કે જન્મવાનું આપણા હાથમાં નથી હોતું ; ઇચ્છનીય પાત્ર સાથે પરણવાનું મોટા ભાગના કિસ્સાઓમાં આપણા હાથમાં નથી હોતું. ને મરણ પણ કાયદા દ્વારા છીનવી લેવામાં આવેલ છે. આ દેશ પ્રખર લોકશાહીવાદી છે તો પણ 'જિંદગી જીવવાની જડીબુટ્ટી' પુસ્તક છડેચોક વેચી શકાય છે, પણ 'મરી જવાના સરળ ઉપાયો' અથવા તો 'ચાલો, આપઘાત આપઘાત રમીએ' પુસ્તક વેચવા સામે પ્રતિબંધ મૂકવામાં આવશે, સો ટકા.

અમેરિકન પત્રકાર-લેખક ડેરેક હમ્ફ્રીનું 'Final Exit' નામનું એક પુસ્તક તાજેતરમાં પ્રકટ થયું છે જેમાં જિંદગીથી હારી, થાકી તેમજ ત્રાસી ગયેલાઓ કે જે સુખે જીવી શકતા નથી તેમને સુખચેનથી મરવાના રસ્તા દર્શાવ્યા છે. આ પુસ્તક ત્યાં ખૂબ જ લોકપ્રિય થયું છે ને તેની લાખો નકલો ખપી ગઈ છે. આનો અર્થ એ નથી કે પુસ્તક ખરીદનાર તમામ લોકો તેમાં આપેલ માર્ગદર્શન મુજબ આપઘાત કરશે. ત્યાંના કેટલાક પૌત્રો પોતાનાં ખાટલે પડેલા દાદા-દાદીને આ ચોપડી ભેટમાં આપે એ પણ શક્ય છે.

કેવાં સાધનોથી ના મરવું એય માર્ગદર્શન આ પુસ્તકમાં અપાયું છે. દા.ત., ગળેફાંસો ના ખાવો. ગળાફાંસો ખાઈને મરવાથી પાછળ બચેલાઓની લાગણી દુભાય છે. મનોવૈજ્ઞાનિક રીતે જોતાં પરિવારના સભ્યો ગિલ્ટ ફીલ કરે છે. પિસ્તોલથી મરવા સામેય મનાઈ ફરમાવી છે. પિસ્તોલ કે રિવૉલ્વરથી મરવામાં એકલા તરફડવું પડે છે. એકલા એકલા આ રીતે મરવામાં લિજ્જત શું આવે ! મરનારનું મૃત્યુ પણ પ્રેરણાદાયી હોવું જોઈએ. આ જાતના મૃત્યુમાં કોઈને સબક શીખવા મળતો નથી. આત્મહત્યાની તરફેણ કરતાં જ્યૉર્જ સેન્ડે કહ્યું છે કે આપણી જીવનકિતાબનું એક પણ પાનું આપણે ફાડી શકીએ તેમ નથી, પણ આખેઆખી કિતાબ આગમાં ઝીંકી શકીએ તેમ છીએ. આના અનુસંધાને પ્લિની ધ એલ્ડરે ભારપૂર્વક જણાવ્યું છે કે પૃથ્વી પરની અનંત યાતનાઓ વચ્ચે આત્મહત્યા એ ઈશ્વરે મનુષ્યને આપેલ શ્રેષ્ઠ બક્ષિસ છે.

સામે છેડે મોટોભાગના લોકો માને છે કે જે માણસ લાંબું વિચારે છે તે મૃત્યુનાં શિંગડાંમાં અકાળે માથું ભરાવતા નથી. ખૂન માટે કરે છે એવું આયોજન આત્મહત્યા માટે કરતો નથી. હાથી, કૂતરા કે બિલાડી ક્યારેય આત્મહત્યા કરતાં નથી. સિંહને સિંહાસન પરથી ઉતારી મૂકવામાં આવે તો તે ચૂપચાપ જંગલમાં ચાલ્યો જાય છે, આપઘાત કરતો નથી. પણ એક માણસ જ જીવનમાં આવતી મુશ્કેલીઓથી ડરી જઈને આત્મહત્યા કરી નાખે છે. આ રીતે જીવનરણ છોડી દેવામાં કોઈ બહાદુર નથી. આત્મહત્યા તો કાયર હોય તે જ કરે.

જો કે મરવામાં ય બહાદુરીની વધુ નહીં તો થોડી જરૂર તો પડે જ છે. દીવાસળીની સળગતી કાંડી હાથે સ્હેજ અડકી જાય કે સળગતી બીડી પર અજાણતા પગ પડી જાય ત્યારે સીસકારો નીકળી જાય છે તો જાણીબૂઝીને કોઈ માણસ પોતાના અતિ પ્યારા બદન પર પેટ્રોલ છાંટી ભડભડ બળવા તૈયાર થાય ત્યારે તેણે કેટલી હિંમત એકઠી કરી હશે આ કામ માટે ! રોમન સેનેટર સેસિના પેઇટ્સને રાજાની વિરુદ્ધ ષડયંત્ર ગોઠવ્યા બદલ આત્મહત્યા કરવાની સજા ફરમાવાઈ. આત્મહત્યા કરતા તે સહેજ ખમચાયો, તેની હિંમત જવાબ દઈ ગઈ. તેની બાજુમાં ઊભેલી તેની પત્ની એરિઆએ તેના હાથમાંથી ખંજર લઈને પોતાના પેટમાં ભોંકી દેતાં પતિને માહિતી આપી : 'પેઈટ્સ, આનાથી બહુ ઈજા નથી થતી...'


ફીડલ ફેઈમ રોમનો સમ્રાટ નીરો શત્રુઓથી ગભરાઈને રોમ છોડીને નાઠો ને ત્યાંથી થોડે દૂર એક મકાનમાં સંતાઈ ગયો. તેની સાથેના ચાર વફાદાર નોકરોએ તેને વિનંતી કરી કે રોમ પર કાબૂ મેળવી લેનાર દુશ્મનોના હાથમાં જીવતા પકડાવા કરતાં આત્મહત્યા કરી નાખવી બહેતર છે. પણ નીરોનો જીવ એ માટે ચાલ્યો નહીં. 'મારામાં હિંમત આવે, મને આત્મહત્યા કરવાની પ્રેરણા મળે એ માટે મારી આંખ સામે તું આપઘાત કર, પછી હું તારું અનુકરણ કરીશ.' પછી તેના એક મિત્ર-કમ- નોકરે આત્મહત્યા કરી નાખી. પોતે એક શ્રેષ્ઠ અભિનેતા, 'કવિ ને ગાયક છે એવું તે પોતે જ માનતો તેના મૃત્યુ સમયની પ્રાર્થના કરતા એક નોકરની સામે જોઈ નીરો ભારે નિસાસા સાથે બબડ્યો : 'કેટલો મહાન કલાકાર અહીં મરી રહ્યો છે !' ને માંડ તે આત્મહત્યા કરી શક્યો.

એટલે મરવા માટે ય ખાસ્સી હિંમત ને કઠણ કાળજું જોઈએ છે. આ જ વાત ડોરોથી પાર્કરે હળવાશથી કરી છે : 'અસ્ત્રાથી તને વેદના થાય છે?/, નદીનું પાણી ઠંડું લાગે છે ?/, તેજાબથી (કાળજે) ડાઘા પડવાની બીક લાગે છે?/, ઝેર પીતાં કમકામાં આવે છે ?/, બંદૂક કાયદેસર નથી ?/, ગળે ફાંસો પસંદ નથી ?/, ગૅસની વાસથી ઉબકા આવે છે ? તો પછી તારે જીવવું જોઈએ...'

એ વાત એટલી જ સાચી છે કે લગભગ દરેક માણસને જીવનમાં એકાદ વાર તો આપઘાત કરવાનો વિચાર આવ્યા વગર નહીં રહ્યો હોય. આપઘાત કરવાની વૃત્તિ આમ તો ક્ષણિક જ હોય છે. આજે કોઈ જણ કમોતે મરવાનો વિચાર છોડી દે તો દસેક દિવસ પછી એ વિચારને કાયમ માટે તિલાંજલિ આપી દેશે; પોતાના સિવાયના વિશ્વની કલ્પના કરવાનું માણસ માટે અઘરું છે, અને માણસની જિજીવિષા પણ આમ તો પ્રબળ હોય છે... જહોન કૉલિન્સ દ્વારા કહેવાયું છે કે આત્મહત્યા એ કનિષ્ઠ પ્રકારનું ખૂન છે, કારણ કે તેમાં પસ્તાવાને તક રહેતી નથી.

કોઈ માણસ જુસ્સાથી ને ગુસ્સાથી એમ પણ કહી દે કે આ મારું શરીર છે, મારી મીલકત છે. મારી મિલકતને ફૂંકી મારવાનો મને પૂરો હક્ક છે, તમે કોણ છો પૂછનાર ? - સજા કરનાર ? જિંદગીનો બોજ ના ઊંચકાય તો ફેંકી પણ દઉં એમાં તમારે શું ! - એ રીતે સમાજ પરથી મારો બોજો હું ઓછો કરી રહ્યો છું. મરણ ઈશ્વરના હાથમાં ક્યાં સુધી રાખીશું ! તેણે બહુ વર્ષો કામ કર્યું. હવે તેને રિટાયર્ડ કરવાનો સમય પાકી ગયો છે.

પણ માનવ શરીર આર્થિક રીતે જોઈએ તો ઘણું કિંમતી છે. તેમાં રહેલ રાસાયણિક તત્ત્વોની કિંમત ઘણી મોટી છે. દા.ત., માણસના શરીરમાં ૧૪૦ ગ્રામ જેટલું કેલેસ્ટેરોલ છે, તેની કિંમત રૂપિયા ૫,૨૦૦ થાય છે. માણસના શરીરમાં ૫૧૦ ગ્રામ હેમોગ્લોબિન છે, તેની કિંમત ૨૫,૦૦૦ થાય છે. એ જ રીતે ૧૫૩ ગ્રામ આલ્બ્યૂમીનની કિંમત ૪૮,૦૦૦, ૧૦,૨૦૦ યુનિટ જેટલા પ્રોથોમ્બીન નામના રસાયણની કિંમત રૂા. ૩ લાખ છે. માયોગ્લોબીન નામનું તત્ત્વ ૪૦ ગ્રામ જેટલું છે. તેની કિંમત રૂપિયા ૧૦ લાખ થાય છે. મનુષ્ય શરીરમાં જે એન્જાઈમ, હૉર્મોન, મિનરલ્સ અને બીજાં રસાયણો છે તેનો સરવાળો કરીએ તો રૂપિયા એક કરોડની કિંમતનાં આ તત્ત્વો થાય છે. આ અર્થમાં જોઈએ તો ગરીબમાં ગરીબ માણસ પણ કરોડપતિ છે. કફનની બહાર હોય છે ત્યાં લગી... ☐



· રોમનગરનું વિહંગદૃશ્ય. તેમાં મધ્યમાં નીચે સેન્ટ પોલનું વિખ્યાત દેવળ, ડાબી બાજુ વેટિકન અને મથાળે ટાઈબર નદી ·

ભૂમધ્યને બે કાંઠે

પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસગાથા-૪

મને ખાત્રી હતી કે રોમના વિમાનમથકે પાસપોર્ટ - તપાસમાં મને વાર થશે જ. ભારતીય પાસપોર્ટ. ક્યાં વાર નથી થતી ? અમલદાર યુવતીએ ભવાં ચડાવી પાસપોર્ટ લીધો, ટિકિટ માગી; ટિકિટ જોઈ, પાસપોર્ટનાં પાનાં ફેરવ્યાં. 'ક્યાં જાય છે ? ક્યાં સુધી રહીશ ? ક્યાં સુધી ? ક્યાં સુધી ?' પ્રશ્નો, પ્રશ્નો, ને ઊલટતપાસ - બધે જ.

સામાન આવતાં પણ વાર લાગી. પણ પછી કસ્ટમ્સમાં કોઈ જોવા ઊભું ન હતું. શહેરમાં જવાની બસની ટિકિટ લઈ લાઈનમાં ઊભી રહી. બસ આવતાં લાઈન તોડીને બધાં દોડ્યાં. હું બીજી બસ આવવાની રાહ જોતી રહી.

આકાશ ઘેરાયેલું હતું. સહેજ ઝરમર થઈ પણ ખરી. હવામાન હૂંફાળું હતું. ભલે ને મારે સિસિલી સુધી જવું હોય, ઇટાલીની મુસાફરીની શરૂઆત તો રોમથી જ થાય ને !

તરત સૂકાં, કથ્થઈ ખેતરો હતાં, ને થોડાં મકાન. એક ટેકરી ખોદી કઢાઈ હતી. મને પ્રાચીન ઈતિહાસ ઊલેચાઈ ગયેલો લાગ્યો. ધીરે ધીરે મકાનો વધ્યાં - રહેઠાણો, ઑફિસો. મનમાં થયું, કેવું ભારત જેવું લાગે છે ! ડામરના રસ્તા, કરેણફૂલના છોડ, ગીચ ચાલી જેવાં મકાનો - બધું માટીના રંગનું લાગે. પહેલી જ ટ્રાફિક લાઈટ પર બસ ઊભી રહી, ને બારીમાંથી, એક ભારતીય પુરુષને મોટરોના ચાલકોને અગરબત્તી અને ધૂપ વેચતો જોયો.

'ભલે પધાર્યાં' રોમમાં.

ફોરમ ને કોલિઝિયમ જેવાં, ઓળખાઈ જાય તેવાં ચિર-સ્મારકો પાસે થની, ભીડ કરતી મોટરોવાળા રસ્તાઓ પર વળતી વળતી બસ છેવટે રેલવે સ્ટેશન પર આવીને અટકી. મારી પાસે હતી તો એક જ બેગ - ને તે પણ અર્ધી ખાલી. પણ એ ને કેમેરા-બેગ ભારે તો લાગવા જ માંડે. એને ઉપાડીને

હોટેલ માટે મારે શહેરમાં ફરવું નહતું. બધે સ્થળે સ્ટેશન પાસે જ રહેવાની મને ઇચ્છા હતી.

છએક જગ્યાએ ફર્યા પછી એક નાની હોટેલમાં ઓરડો પસંદ કર્યો. આમ તો ભીડ અને ઘોંઘાટવાળો મહોલ્લો હતો, પણ નીચે જ ખાવાપીવાની દુકાનો હતી. વળી, એ લત્તો રસપ્રદ અને પ્રવૃત્તિમય હતો. જરાક આડે પડખે થઈને બપોરના સાડા ચાર વાગ્યે બહાર નીકળી ત્યારે માંડ થોડું અજવાળું રહ્યું હતું.

થોડે જ જતાં સુંદર, જૂનું, મેશિયું, 'બારોક' સ્થાપત્યનું સાન્તા મારિઆ માજ્યોરેનું દેવળ હતું. અંદરથી એ ખૂબ મોટું હતું. સોળમી સદીના મધ્યથી અઢારમીના મધ્ય સુધી બારોક (Baroque) શૈલી ખૂબ વિકસી. એનો ઝોક અતિશય અલંકૃતતા તરફ હોય છે. વિશાળ ઘુમ્મટ પણ એની લાક્ષણિકતા છે. આ બાસિલિકા (Basilica)ની છત પણ ખૂબ ઊંચી હતી. અંદર ખાસ્સું અંધારું હતું. પણ ફર્શ પરની કપચીની સરસ ભાત હજી દેખાતી હતી. પાદરી પાસે પાપની કબૂલાત કરવા માટેની બેઠક-બારીઓ પર જુદીજુદી ભાષાઓમાં નામ લખેલાં હતાં : ઇટાલિયન, અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પેનિશ. બે-ત્રણ પાદરી પાપીઓની રાહ જોઈને બેઠા હતા. એક સ્ત્રી કબૂલાત કરી રહી હતી, અને પાદરી બત્તીવાળી બારી ખુલ્લી રાખી એને સાંત્વન આપી રહ્યા હતા. એક સંન્યાસિની બાસિલિકાના જીર્ણોદ્ધાર માટે પૈસા ઉઘરાવી રહી હતી. ખ્રિસ્તી રોમનું આ પ્રતીક હતું - આ સ્થાપત્ય, આ ધાર્મિક ઉપસ્થિતિ. શહેરને જોવાની આ સરસ શરૂઆત હતી.

પછી તો હું આસપાસ ચાલતી રહી. રસ્તો વળોટતાં જરા ભય થતો હતો. મોટરો ભાગ્યે જ ઊભી રહેતી હતી. ઇટાલીમાં વાહન-ચલનની આ જ રીત છે. ચાલકો હંમેશા ઉતાવળિયા અને અધીરા હોય છે. ચારે બાજુથી હૉર્ન વાગતાં હતાં. બધે પોલીસ દેખાતા હતા, સાઈરનો સંભળાતી હતી.

ચક્કર મારીને પાછી હું બાસિલિકા પાસે આવી ગઈ. એક રેસ્ટોરાંમાં જમવા બેઠી. એ બેસવાના ૨,૦૦૦ લિરા - એટલે કે લગભગ ૩૫ રૂપિયા પડ્યા. ઇટાલીના ચલણને લિરા (Lira) કહે છે, અને એનું અવમૂલ્યન એવું થયેલું કે હજારના એકમોમાં જ એની ગણતરી થાય. યુરોપનાં ચલણો સામે ડૉલર નબળો પડતો ગયો છે, તેથી પણ ત્યાં ફરવું મોંઘું લાગે છે. ને નવી જગ્યાએ પહેલે દિવસે તો છેતરાવાય જ.

જમ્યા પછી પ્લાત્ઝા દેલ્લા રિપબ્લિકા પાસે એક નાની કૉફીની દુકાન જોઈ. ઝાડ નીચે કેટલાંક ટેબલ હતાં. થયું, કૉફી લઈને બહાર બેસું. કૉફી સસ્તી કહેવાય તેટલામાં હતી - ૮૦૦ લિરા. પણ જો એ લઈને બહારના ટેબલ પર જાઓ તો ૨,૫૦૦ લિરા આપવા પડે. બાપરે ! આ બધા નિયમો ના જાણીએ ત્યાં સુધી અહીં જિવાય જ ક્યાંથી !

પ્લાઝા સરસ હતો. બે ચતુર્થાંશ મકાનોથી એક અર્ધગોળ રચાયું હતું. ત્યાંના પુષ્પ સિનેમા-ગૃહ પાસે પોલીસની મોટરો અને એક ઍમ્બ્યુલન્સ ઊભાં હતાં. મેં દૂરથી જોયા કર્યું - વચ્ચેના ફુવારાની પાળી પર બેસીને. રાત સરસ, શીતળ હતી.

બાજુની એક ગલીમાં સળંગ હાટડીઓ હતી. બધી પુસ્તકોની હતી. જૂનાં પુસ્તક, અપ્રાપ્ય પુસ્તક, સાહિત્યિક પુસ્તક. બેનઝીર ભુત્તો અને દલાઈ લામાની લખેલી ચોપડીઓ પણ જોઈ - બધી ઇટાલિયન ભાષામાં. આ ભાષા મૂળ લેટિનમાંથી ઊતરી આવી, પણ આજે બોલાતી ઇટાલિયન મુખ્યત્વે તસ્કન (Tuscan)બોલી પર આધારિત છે. ૧૪મી સદીમાં એનો સુવર્ણયુગ હતો, જ્યારે પેટ્રાર્ક, દાન્તે, બોક્કાચિઓ જેવા ઉત્કૃષ્ટ સર્જકોએ એ ભાષામાં લખ્યું, ને એ ભાષામાં જીવ્યા.

પણ સિસેરો, વર્જિલ, હોરેસ, ઓવિડ વગેરે પ્રાચીન સર્જકો પણ ક્યાં જાણીતા નથી ? ખ્રિસ્તી ધાર્મિક કવિતાને પણ મધ્યયુગમાં આસિસિના સંત ફ્રાન્સિસે જ જન્મ આપ્યો. મિકેલાન્જેલો અને લિઓનાર્દો દા વિન્ચી કળાકાર હતા, ને કવિ પણ હતા. માકિઆવેલીનું નામ પણ એવું જ પ્રકાશમાન છે. ઇટાલીએ સાહિત્ય-ક્ષેત્રે પાંચ તો નોબેલ પારિતોષિક મેળવ્યાં છે. એમાં ૧૯૨૬માં ગ્રાત્ઝિઆ દેલેદ્દા નામનાં લેખિકાનો સમાવેશ થાય છે. ૧૯૩૪માં આ ઇનામ પામેલા નાટ્યલેખક લુઈજી પિરાન્દેલોથી આગળે [illegible]. વીસમી સદીના વિખ્યાત ઇટાલિઅન લેખકોમાં ઉમ્બેર્તો એકો અને ઇતાલો કાલ્વિનોનાં નામ મોખરે છે.

ઇટાલીએ દુનિયાભરનાં સર્જકોને સદીઓથી આકર્ષ્યા કર્યા છે. ૧૮મી સદીના અંત ભાગથી વીસમી સદીની શરૂઆતના ગાળામાં અગણિત મહાન યૂરોપીઅનો ઇટાલીના પ્રવાસે ગયા - ફ્રેન્ચ, જર્મન, ડચ, સ્પૅનિશ, પોર્તુગિઝ, ઑસ્ટ્રિઅન, સ્વિસ, અંગ્રેજ, રુમેનિયન; ને પછી રશિયન ને છેલ્લે અમેરિકન તેમજ બીજાં ઘણાંયે. ત્યારથી દરેક જાતના કળાક્ષેત્રે જાણે આ પ્રથા થઈ ગઈ છે. સાહિત્ય, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, નાટક, સંગીત, તત્ત્વજ્ઞાન, ધર્મ-ચિંતન વગેરે દરેક કળા અને વિદ્યા-ક્ષેત્રે સર્જકો દ્વારા ઇટાલીની યાત્રા થતી આવી છે. એમનાં નામોની સૂચિ ઘણી લાંબી છે, અને પ્રભાવિત કરે તેવી પણ છે.

એ બધી મેધાવી, તીવ્ર બુદ્ધિશીલ વ્યક્તિઓ પણ ઇટાલીના કળા-વૈભવથી સંપૂર્ણપણે અભિભૂત થતી રહી. કેટલાંય વર્ષો સુધી એ બધા ત્યાં રહ્યા, ભણ્યા કે ત્યાં જ જીવ્યા ને ઇબ્સન, વાગ્નર, બાયરન વગેરેની જેમ મૃત્યુ પણ પામ્યા. કેટલાકને માટે ઇટાલીમાં હોવું તે પ્રેમમાં હોવા સમાન હતું, કેટલાકને માટે ઇટાલી કે રોમનો ઝુરાપો રોગ જેવો બનતો હતો, તો કેટલાક ત્યાં રસજ્ઞતા અને રુચિ કેળવવા જતા હતા. આ કેળવણી બીજે ક્યાંય મળે તેમ ન હતી, એવી માન્યતા હતી.

એ સમય દરમ્યાન ઇટાલી - જે સુંદર અને શ્રેષ્ઠ હતું એના ઉચ્ચતમ શિખર પર હતું. દરેક પેઢીના આગંતુકો રોમ પાસેથી કશું જુદું મેળવતા ગયા ને સાથે સાથે પોતાના સત્ત્વનાં મુદ્રાંકન મૂકતાં ગયાં. વિદ્યાની ઉપાસના અને સર્જનના સાફલ્યનો યુગ ક્યાંક પાછળ રહી ગયો.

રોમની એ પહેલી રાતે ઇથિયોપિઅનોને રસ્તામાં ટોળે મળેલા જોયા. હિન્દી ભાષાના રખડતા શબ્દો કાને પડ્યા. મારા મન પર વિગત યુગનો ઝુરાપો હતો. (ક્રમશઃ) □

માતાપિતાથી વિખૂટા પડી ગયેલા બે જોડિયા ભાઈ રોમ્યુલસ અને રેમક્ષને પોતાનાં બચ્ચાંથી અલગ પડી ગએલી એક વરુમાદાએ પોતાનું દૂધ પાઈને ઉછેર્યા હતા. મોટા થઈ આ બે ભાઈઓએ રોમની સ્થાપના કરી અને રોમ્યુલસને તેનો પહેલો રાજા બન્યો. રોમ નગરની સ્થાપના અંગેની આ એક પ્રાચીન દંતકથા છે. પરંતુ મનાય છે કે ત્રણેક હજાર વર્ષ પૂર્વે મધ્ય યુરોપ તરફના પશુપાલક ખેડૂતો દક્ષિણમાં મધ્ય ઇટાલી સુધી ઊતરી આવેલા. એમાંના કેટલાક લૅટિન્સ કહેવાયા. આ લોકોએ ટાઈબર નદી પરની સાત ટેકરીઓ ઉપર છૂટોછવાયો વસવાટ કર્યો. ધીરે ધીરે એ બધી વસ્તી એક થઈ જે નગર વિકસ્યું તે રોમ.

માટીની ચાર ભીંતો ઊભી કરી એક જ ખંડ બનાવી તેઓ તેમાં રહેતા. હવા-ઉજાસ માટે અને ધુમાડો બહાર જવા માટે તેઓ છાપરામાં એક મોટું બાકોરું રાખતા. એમનામાં ભણતર જેવું કંઈ હતું નહિ, પણ ઘરનો વડીલ કે પિતા બાળકોને પોતાની કોમના કાયદાનું પાલન કરવાનું તથા દેવદેવીઓને માન આપવાનું શીખવતો. પુરુષો ખેતરોમાં કામ કરતા અને જરૂર પડ્યે હળ મૂકી ગામના રક્ષણાર્થે શત્રુઓ સામે લડવા જતા. ભારે પરિશ્રમ અને સામરિક અનુભવોથી તેઓ ખડતલ અને બહાદુર બન્યા હતા. ઉત્તર તરફના તેમના પડોશી એટ્રુસ્કન લોકો પાસેથી તેઓ ઘણું બધું શીખ્યા હતા. એટ્રુસન ધાતુકામના અનુભવી અને બાંધકામ તથા વેપારધંધાના અચ્છા જાણકાર હતા.

લગભગ ઇ. પૂર્વે ૫૦૦ વર્ષ પહેલાં આ રોમનોએ પ્રજાસત્તાક જેવી પોતાની શાસનરીતિ વિકસાવી હતી. જેમાં તેમના બે પ્રમુખો ચૂંટાતા જે કૉન્સલ્સ કહેવાતા. એક પ્રમુખ બીજાને કંઈ નિર્ણય લેતા રોકે તે વીટો વાપર્યો કહેવાતો. વીટો એટલે 'હું રોકું છું' કે 'હું ના પાડું છું.' આજના જેવી એ લોકશાહી નહોતી પણ એ શાસનમાં એમની આઝાદ પ્રજાનો દરેક જણ ભાગ લઈ શકતો.

આગળ જતાં આ રોમનોએ આજુબાજુના પ્રદેશોમાં અનેક વસાહતો સ્થાપી. પડોશના પ્રદેશો જીતી લીધા અને બેએક સદીમાં તો ઇટાલીના ઉચ્ચ પ્રદેશના તેઓ ધણી થઈ બેઠા. પોતાના કેટલાક શત્રુઓ સાથે ડહાપણ વાપરી મિત્રતા કેળવી. આમાંની દક્ષિણ ઇટાલીની ગ્રીક વસાહતો સાથે પણ એમના સારા સંબંધો બંધાયેલા. એમના દ્વારા રોમનોને પહેલી વાર સુંદર મંદિરો અને ખુલ્લાં નાટ્યગૃહોનો પરિચય થયો. ગ્રીક જીવનની રસમો રોમનોને જચી ગઈ.

ભૂમધ્ય સાગરની પાર આફ્રિકાની ઉત્તર કંઠારે સમૃદ્ધ અને સુંદર નગરી કાર્થેજનું વર્ચસ હતું. રોમનોની એ મોટી હરીફ હતી. પશ્ચિમ ભૂમધ્ય સાગરની એ રાણી ગણાતી. રોમનોનો વધતો જતો સાગરી વેપાર એને કઠતો. બંને વચ્ચે ૧૨૦ વર્ષ સુધી લડાઈઓ થતી રહેલી. કાર્થેજના એક સેનાપતિ હાનિબાલે સ્પેઈન તરફથી બરફીલા આલ્પ્સ પર્વતોને પાર કરી ઇટાલી પર ચડાઈ કરેલી. આગળ જતાં રોમનોએ હાનિબાલને અનુસરી આફ્રિકા પહોંચી કાર્થેજનો નાશ કર્યો. બીજી બાજુ રોમનો પૂર્વ તરફ પણ પોતાની સીમા વધારી રહ્યા હતા. ઇ. પૂર્વે ૧૩૩ના અરસામાં તો ભૂમધ્ય સમુદ્રની પૂરી કંઠાર પર રોમનોની આણ ફરી વળી હતી. આમ, નવા નવા પ્રદેશો જીતીને અને તેને લૂંટીને તથા વેપાર દ્વારા અનેક રોમનો અત્યંત સમૃદ્ધ બની ગયા હતા. એમની નવી પેઢીએ અનેક સુંદર ભવ્ય આવાસો બનાવ્યા જેની સાથે બગીચા, પાણી, સ્નાનાગાર અને ઘરને હૂંફાળું રાખવા ગરમ હવા માટેની પાઈપ લાઈનો જેવી સગવડો પણ વિકસાવી. ચિત્રો, સંગેમરમરનાં શિલ્પો અને જીતેલા ગ્રીસમાંથી આણેલાં રાચરચીલાથી આ આવાસો સજાવ્યા. આ સમૃદ્ધ માણસો ઘરના દરવાજે દ્વારપાલો તેમજ ઘરકામ માટે સંખ્યાબંધ ગુલામો પણ રાખતા.

શિક્ષિત ગ્રીક કેદીઓને શિક્ષક બનાવી રોમનોએ શાળાઓ પણ ખોલી. રોમન વિદ્યાર્થીઓ રોમની લૅટિન ભાષામાં ઉતારેલી ગ્રીક વાર્તાઓ પણ ભણતા. વધુ અભ્યાસ માટે તેઓ ઍથેન્સ પણ જવા લાગ્યા. આમ, શિક્ષિત રોમનો લૅટિનની સાથે ગ્રીક ભાષા પણ જાણતા. તેમણે ઇતિહાસ, નાટકો અને ગ્રીક શૈલીનાં કાવ્યો પણ રચ્યાં. રોમન પ્રજાતંત્રનો એ સુવર્ણકાળ હતો.

બીજી તરફ ઇટાલીમાં અશિક્ષિત ગરીબોનો વર્ગ પણ મોટો હતો. લડાઈઓમાંથી નિવૃત્ત થઈને આવેલા સૈનિકો પોતાના પડતર ખેતરોમાંથી ખાસ કંઈ રળી શકતા નહિ. સમૃદ્ધ જાગીરદારો પાસે પોતાનાં કામકાજ માટે ઘણા ગુલામો હોઈ એમને આ ગરીબોનો કોઈ ખપ નહોતો. આવાં ઘણાં કુટુંબો ખેતી છોડી ઇટાલીમાં ભટકતાં, ઝૂંપડપટ્ટીમાં વસતાં અને સરકાર તરફથી મળે તે નજીવી મદદ પર નભતાં. મફત મળતાં મનોરંજન, રથદોડની સ્પર્ધા કે જંગલી પ્રાણી સાથેની ગ્લેડીએટર્સની હરીફાઈઓ પાછળ સમય વેડફતાં. તવંગરો અને ગરીબો વચ્ચેના આવા મોટા તફાવતને કારણે પછી તો બંડ થવાં લાગ્યાં. કેટલાક સૈનિક નેતાઓએ ગરીબ પ્રજાનો પક્ષ લઈને શાસકો અને પૈસાદારો સામે માથાં ઊંચક્યાં પણ ખરાં. આવા નેતાઓમાં જૂલીઅસ સીઝર પણ એક હતો. રોમન સીમાઓને ઉત્તરમાં વિસ્તરવા એ દસ વર્ષ સુધી લડ્યો હતો. આજના ફ્રાંસ અને બ્રિટિશ ટાપુઓ સુધી એણે જીત મેળવી હતી. ઇ. પૂર્વે ૪૯માં એ રોમ પાછો ફર્યો ને થોડા જ સમયમાં એણે રોમ પર પોતાની આણ ફેલાવી દીધી. પણ એને હટાવી ફરીથી પોતાની સત્તા સ્થાપવા સ્થાપિત હિત ધરાવતા લોકોએ ઇ. પૂ. ૪૪માં તેની હત્યા કરી.

ઇ. પૂર્વે ૩૦માં સીઝરના ભત્રીજા ને પછી દત્તક પુત્ર ઑક્ટેવિયસે આંતરવિગ્રહમાં જીત મેળવી અને એ રોમનો પહેલો સમ્રાટ બન્યો ને સીઝર ઑગસ્ટસ નામે જાણીતો થયો. એણે જૂના નિષ્ફળ નીવડેલા પ્રજાતંત્રના બદલે રોમ અને તેના વિશાળ સામ્રાજ્ય માટે સરળ અને મજબૂત શાસનવ્યવસ્થા ઊભી કરી.

આ પછીની બે સદી સુધીના કાળમાં રોમન સમ્રાટોએ આજના સ્કૉટલૅન્ડથી માંડીને હિંદુસ્તાન સુધી સામ્રાજ્યને વિસ્તાર્યું. પથ્થરના વિશાળ માર્ગો બનાવી તેમણે આ બધા પ્રદેશોને સાંકળ્યા અને વિશાળ સૈન્ય, હોશિયાર અમલદારો તથા કાયદાઓ દ્વારા સામ્રાજ્યને મજબૂત બનાવ્યું. ખેતી અને

વેપારનો વિકાસ સધાયો. એ કાળના નાનકડા કસ્બા જેવા લંડન અને પેરીસ વેપારનાં કેન્દ્રો બન્યાં.

આ સમ્રાટોએ રોમ નગરને નવેસરથી બાંધી આરસથી મઢીને એક ભવ્ય સમૃદ્ધ શહેર બનાવ્યું. મનોરંજન માટે એમણે એવાં તો વિશાળ કોલોઝીઅમ બાંધ્યાં કે જેમાં પાણી ભરીને તેમાં નૌકાયુદ્ધના ખેલ પણ બતાવી શકાય.

ઇ. ૩૧૩માં સમ્રાટ કૉન્સ્ટન્ટાઈનના સમયમાં રોમન સામ્રાજ્યમાં ખ્રિસ્ત ધર્મનું વર્ચસ હતું. પણ આ દરમિયાન રોમની પડતીનાં ચિહ્નો પણ દેખાવાં લાગ્યાં હતાં. કેટલાક રોમન સમ્રાટો ક્રૂર નીવડેલા. વૈભવથી જીવવા તેઓએ ખેડૂતો ને વેપારીઓ પર અસહ્ય એવા અને એટલા કર લાદેલા. વળી, સામ્રાજ્ય ઢીલું પડવા માંડતાં ઉત્તર તરફના પછાત આદિવાસીઓ પણ નદીની સીમાઓ પાર કરી રોમન સામ્રાજ્યની અંદર વસી ગયા હતા. પૂર્વમાં પર્શિયા રોમને માટે ભયરૂપ બનવા માંડ્યું હતું. આથી એમના પર દાબ રાખી શકાય તે માટે કૉન્સ્ટન્ટાઈને પૂર્વમાં બોસ્પરસને કાંઠે બાઈઝેન્ટિયમની પ્રાચીન નગરીમાં રોમની રાજધાની સ્થાપી, જે કૉન્સ્ટન્ટીનોપલ નામે ઓળખાઈ.

કૉન્સ્ટન્ટાઈન પછી રોમનું સામ્રાજ્ય પૂર્વ-પશ્ચિમ બે ભાગમાં વિભાજિત થઈ ગયું. અસંસ્કૃત જાતિઓને માટે આ વિભાજન એક મોટી તક બની ગઈ અને તેમણે રોમ પર પોતાનું વર્ચસ સ્થાપી દીધું.. રોમના છેલ્લા સમ્રાટે ઇ. ૪૭૬માં ગાદી છોડી અને એ પશ્ચિમ સામ્રાજ્ય ભાંગી પડ્યું, જે ફરી કદી ઊભું થઈ શક્યું નહીં. પૂર્વનું સામ્રાજ્ય થોડો સમય ટક્યું તે બાઈઝેન્ટાઈન સામ્રાજ્ય તરીકે ઓળખાતું.

પણ રોમની ચડતી-પડતીની કથા એ તેનો પૂરો ઇતિહાસ નથી. ભાંગી પડેલા પશ્ચિમના રોમન સામ્રાજ્યમાંથી પશ્ચિમ યુરોપના આજના દેશો વિકસ્યા. આગળ જતાં યુરોપ-અમેરિકાના દેશોમાં રોમન કાયદાઓના આધારે કાયદા રચાયા. રોમમાંથી પ્રસરેલાં ખ્રિસ્ત દેવળો દ્વારા ગ્રીક અને લેટિન લખાણોની જાળવણી થઈ. ગ્રીક અને રોમન સ્થાપત્યોના અનેક અંશો તો છેક આજ સુધી દુનિયાભરનાં સ્થાપત્યોમાં ઓછાવધતા પ્રમાણમાં સંકળાઈ ગએલાં જોવા મળે છે. એટલું જ નહિ, બીજાં પણ અનેક ક્ષેત્રમાં રોમન સંસ્કૃતિની સીધી કે આડકતરી અસરો હજીયે ટકી રહી છે. આમ, સાત ટેકરીની આ જાહોજલાલ નગરીના પ્રભાવથી આજે પણ આપણે પ્રભાવિત છીએ અને આપણા અનેક વિકાસમાં તેના ઋણી છીએ. - સંપાદકીય

અનુસંધાન] ભડકો [પૃષ્ઠ ૫૧૪ પરથી

'શું બરાડાં પાડ્યા કરો છો ? થોડી વાર તો શાંતિથી બેસો.. હમણાં લાઈટ આવી જશે', ઓરડામાંથી ઊંચા અવાજે શાંતાબહેને જવાબ આપ્યો. એટલે કંટાળીને તેઓ પાછા ઓરડીમાં આવ્યા. લાઈટની થોડી પ્રતીક્ષા કરી. પણ લાઈટ ન આવતા તેઓ ફાનસ લેવા ઓરડામાં આવ્યા. ઓરડામાં અસહ્ય ગરમીથી કંટાળીને પૂંઠાથી પવન નાખતાં શાંતાબહેન પલંગ ઉપર સૂતાં હતાં. આજે તેમને બી. પી. પણ કંઈક વધી ગયું હતું.

તેમના ચહેરા સામે જોતા ધીરજરાય બોલ્યા : 'લાઈટ ન આવી તો ય તમે કોઈ ફાનસ દેવા જ ન આવ્યા?'

'પણ તમારે ફાનસની શું જરૂર છે ? અંધારામાં પ્રભુનું નામ લઈ તમારાથી થોડીવાર શાંતિથી બેસી ન રહેવાય?' બોલતાંકને શાંતાબહેન પોતાના કપાળ ઉપરનો પરસેવો લૂછવા લાગ્યાં. ને પરસેવાની સાથે સાથે તેમના કપાળ ઉપરનો ચાંદલો પણ લૂછાઈ ગયો. પછી તેમણે વહુ પાસે પેટાવેલું ફાનસ મંગાવીને ધીરજરાયના હાથમાં પકડાવ્યું. ધીરજરાય ફાનસ લઈને ધીમેધીમે પોતાની ઓરડીમાં આવ્યા. થોડીવાર થઈ હશે ત્યાં તો ફાનસ ભડભડ અવાજ કરતું હોલવાઈ ગયું. તેમણે ફરી ફાનસને પેટાવવા ચેષ્ટા કરી. પણ ફાનસની વાટ સળગી જ નહીં. જોયું તો ફાનસમાં કેરોસીન જ ખલાસ થઈ ગયું હતું. એટલે તેમણે ફાનસમાં કેરોસીન પૂરી જવા માટે બૂમ પાડી. પણ કોઈએ જવાબ આપ્યો નહીં. ફરી બૂમ પાડી, કોઈ જવાબ નહીં. અંતે કંટાળીને પાછા ઓરડીમાં આવી, લાઈટની પ્રતીક્ષા કરતા પલંગ ઉપર બેઠા. માળા હાથમાં લીધી. આજ પહેલી વખત કોણ જાણે તેમને માળાના મણકા કંઈક વજનદાર લાગ્યા. ને અનાયાસે જ તેમના હાથમાંથી માળા નીચે પડી ગઈ. તેમને કંઈક ખટકો થઈ આવ્યો. પછી ઓરડીમાંથી બહાર આવી તેમણે જોરથી કેરોસીન માટે બૂમ પાડી. એટલે નાની પૌત્રી તેમની પાસે કેરોસીનનો શીશો મૂકી ગઈ. કેરોસીન ફાનસમાં પૂરવા માટે તેમણે શીશો ફાનસની કોઠીના મોઢિયા ઉપર ઊંધો વાળ્યો પણ અંધારામાં તેમને બરાબર ન દેખાવાના કારણે કેટલુંય કેરોસીન નીચે ઢોળાઈ ગયું. તેમને તો પગ નીચે કેરોસીનનો રેલો આવ્યો, ત્યારે જ કેરોસીન ઢોળાયાની ખબર પડી. તેઓ એકદમ વ્યગ્ર થઈ ઊઠ્યાં. ફરી સંભાળીને ફાનસમાં કેરોસીન પૂર્યું. પછી દીવાસળી પેટાવીને ફાનસ પેટાવ્યું ને કંઈક રોષથી સળગતી દીવાસળીનો ઘા કર્યો. એ દીવાસળી બરાબર ઢોલાયેલ કેરોસીનના રેલામાં પડી ને અચાનક ભડકો થયો. કંઈક નાસીપાસ થઈને તેઓ ઝડપથી ઊભા થઈ ગયા. ત્યાં અચાનક લાઈટ પણ આવી ગઈ. તેમણે જોયું તો ઓરડીમાં બધું જ ભડભડ સળગી રહ્યું હતું..!

કોણ જાણે તેમને શું સૂઝ્યું તે ઓરડીનો ફેન ફૂલ સ્પીડમાં મૂકીને તેઓ ચૂપચાપ ઓરડીમાંથી બહાર નીકળી ગયા ! □

શ્રી વિઠ્ઠલભાઈ - 'સંસ્કાર' પરિવાર પારિતોષિક ૧૯૯૧ના વર્ષ દરમિયાન 'કુમાર'માં પ્રકટ થયેલ મૌલિક વાર્તા, કાવ્યો, જીવનચરિત્ર અને અન્ય લેખો પૈકી શ્રેષ્ઠ ઠરનાર પ્રત્યેક કૃતિને રૂ. ૧૨૫-૦૦નું ઉપર નિર્દેશેલું પારિતોષિક અપાશે. સહુને પોતાની કૃતિઓ મોકલી આપવા નિમંત્રણ છે.

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ


જોનાથન સ્વિફ્ટ

અઢારમી સદીના અંગ્રેજી સાહિત્યમાં ડીફો, સ્ટીલ, એડિસન, પોપ અને બીજા અનેક પ્રતિભાસંપન્ન સર્જકોનો ઝળહળાટ અનુભવાય છે; પણ જોનાથન સ્વિફ્ટ ૧૬૬૭-૧૭૪૫ (Jonathan Swift) એના તેજસ્વી બુદ્ધિપ્રકાશથી અને અદ્‌ભુત વિલક્ષણ પ્રતિભાથી સર્વ સર્જકોમાં જુદો જ તરી આવે છે.

આયર્લૅન્ડના ડબ્લિન શહેરમાં એનો જન્મ થયો એ એક અકસ્માત છે; બાકી એનું ખાનદાન અંગ્રેજનું છે. માતા સગર્ભા હતી એ દરમ્યાન પિતાનું મૃત્યુ થતાં, જોનાથન પિતાનું સુખ તો પામી શક્યો નહિ, પણ આકરી ગરીબાઈનું દુ:ખ એને વેઠવાનું આવ્યું. માતાની વિનંતીથી સ્વિફ્ટના પિતાના કોઈ સગાએ જેમતેમ તેમના નિર્વાહ પૂરતી સગવડ કરી આપી. આયર્લૅન્ડમાં જ સ્કૂલ કોલેજની કેળવણી તેણે લીધી. કોલેજની કારકિર્દીમાં તે ઝળક્યો નહિ. એણે નોંધ્યું છે તેમ એ એટલો બધો નાસિપાસ થયેલો અને નિરાશામાં ડૂબ્યો રહેતો કે કોલેજના અભ્યાસમાં તેનું ચિત્ત ચોંટ્યું જ નહિ.

૧૬૮૬માં કૃપાની રાહે એને બી. એ.ની ડિગ્રી મળી. પણ સંજોગોએ એને એવો ઉદ્ધત બનાવી મૂક્યો હતો કે એના એવા વર્તાવને કારણે કોલેજના સત્તાધીશોની ખફગી અને સજા તેને વેઠ્યા જ કરવી પડતી હતી. એ માત્ર ઈતિહાસ અને કવિતા વાંચ્યા કરતો.

માતાની ભલામણથી એના એક સગા સિલિયમ ટેમ્પલ (Sir William Temple)ને ત્યાં એને આશ્રય મળ્યો. ટેમ્પલને પુસ્તકો વાંચી સંભળાવવાની જવાબદારી તેને સંભાળવાની હતી. શરૂઆતમાં તો આ યુવાન ઉદ્ધતિઓ ટેમ્પલના ચિત્તમાં વસ્યો નહિ, પણ દૂરના સગાઈ-સંબંધને કારણે તે એને નભાવતો રહ્યો.



પરન્તુ ધીમે ધીમે સ્વિફ્ટ તેને ઠીક સદવા માંડ્યો. ૧૬૯૨માં તેણે ઓક્સફર્ડમાંથી એમ. એ.ની ડિગ્રી પણ મેળવી લીધી. આ વખતે કૃપા રાહે નહિ, પોતાની બૌદ્ધિક શક્તિથી ટેમ્પલે તેને વધાવી લીધો.

આ વખતે તેની વય પચીસેક વર્ષની હશે. તેને કવિતા લખવાની ચળ ઊપડી અને ચારેક Pindaric odes લખ્યાં પણ ખરાં. તેણે એ એના દૂરના સંબંધી કવિ ડ્રાયડનને જોવા મોકલ્યાં. ડ્રાયડને જવાબમાં લખી દીધું: 'Cousin Swift, you will never be a poet.'

સ્વિફ્ટનો આશ્રયદાતા ટેમ્પલ ઈંગ્લેન્ડની પાર્લામેન્ટના વ્હિગ પક્ષનો હતો; અને પ્રાચીન-અર્વાચીનના વાદવિવાદમાં એ પ્રાચીનતાનો પક્ષકાર, પુરસ્કર્તા હતો. સ્વિફ્ટે એ આશ્રયદાતાના વિચારોના સમર્થનરૂપે 'બેટલ ઑફ ધ બુક્સ' (Battle of the Books) અને 'એ ટેઈલ ઑફ એ ટબ' (A Tale of a Tub) એ બે પુસ્તકો ૧૬૯૪માં પ્રકાશિત કર્યાં. બંને નિંદાલેખો હતા.

'ધ બેટલ ઑફ ધ બુક્સ' કોઈ ફ્રેંચ કૃતિના અનુકરણમાં રચાઈ હતી. આજે એ કૃતિમાં ભાગ્યે જ કોઈને રસ પડે - સિવાય કે કરોળિયા અને માખીની રૂપક કથા. એમાં માખી પ્રાચીનતાના અને કરોળિયો અર્વાચીનતાના પ્રતીકરૂપ છે. આ કૃતિનું યોગ્ય સમાપન કરવાનું પણ સ્વિફ્ટને ફાવ્યું નથી.

પણ એ કૃતિનું એક બીજું મહત્ત્વ છે. સ્વિફ્ટે એની પ્રસ્તાવનામાં સેટાયર એટલે શું તે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

'Satire is a sort of glass wherein beholders do generally discover everybody's face but their own; which is the chief reason for that kind reception it meets with in the world, and that so very few are offended with it.'

(સેટાયર એ એવો અરીસો છે કે એમાં જોનારાઓને એમના પોતાના ચહેરા સિવાયનો બીજાનો જ ચહેરો દેખાય છે. અને એટલે જ વિશ્વભરમાં સેટાયર આવકાર્ય બને છે. બહુ થોડા તેનાથી દુભાય છે.) સ્વિફ્ટની બીજી કૃતિ 'એ ટેઈલ ઑફ એ ટબ' એની વિનોદવૃત્તિ તેમજ કટાક્ષકલાનો અનોખો પરિચય કરાવતી કૃતિ છે. એની કલ્પનાશક્તિ પણ અહીં વિલક્ષણ રીતે પ્રકટતી દેખાય છે. કેટલાકે તો એને એનાં તમામ પ્રકાશનોમાં ઉત્તમ ગણાવી છે. કહે છે કે સ્વિફ્ટે પોતે પણ એના જીવનના અંતિમ કાળમાં ઉદ્‌ગાર કર્યા હતા.: 'Good God, what a genius I had when I wrote that book.'

(ભગવાન, એ પુસ્તક મેં લખ્યું ત્યારે મારી કેવી તો બુદ્ધિશક્તિ હતી!) આ કૃતિમાં એની જે style છે તેવી એ પછીની એની એકેય કૃતિમાં જોવા મળતી નથી - એવી એ અદ્વિતીય છે.

ઈંગ્લિશ ચર્ચના અનુયાયીના (Anglican) દૃષ્ટિબિંદુથી એ અન્ય સંપ્રદાયોની મૂર્ખતા, દુષ્ટતા ચીંધવા પ્રવૃત્ત તો થાય છે, પણ તેમ કરતાં તે

પોતાના ચર્ચની એબોને પણ ખુલ્લી પાડી બેસે છે અને અંતે તો એ એવા દૃષ્ટિબિંદુ સુધી પહોંચી જાય છે કે બધી જ ધર્મવિચારણાઓ મિથ્યા છે. ધર્મોસંપ્રદાયો પ્રત્યેની તેની ચીડ, ઘૃણા તેને કટાક્ષ તરફ ખેંચી ગઈ. પુસ્તકોમાં જોડેલી Apology ક્ષમાયાચનામાં તેણે નોંધ્યું છે કે, આ સમય એવો હતો જ્યારે લેખકનું મગજ નવા તાજા વિચારોથી છલકાતું હતું.' એ વિચારોએ એને ધર્મ, સમાજ વગેરેનાં વળગણો બાબત નિર્ભ્રાન્ત થવા પ્રેરણા આપી. એને લાગ્યું કે ધર્મમાં જે ભયાનક દુરાચાર, દંભ, દુષ્ટતા આદિ અનિષ્ટો નિર્લજ્જતાપૂર્વક ડોકાં ઊંચાં કરીને મહાલે છે તેને ફટકારવા તો કટાક્ષનો ચાબખો જ જોઈશે અને એ કટાક્ષ સિદ્ધ કરવા તેણે એક રૂપક કથા યોજી કાઢી. એમાં એક પિતા એના ત્રણ પુત્રો - પીટર, માર્ટિન અને જેક-ને વારસામાં એકએક કોટ આપી જાય છે; અને એ કોટને કેમ પહેરવો અને તેની કેવી દેખભાળ-માવજત કરવી તેની ખાસ સૂચનાઓ પોતાના વસિયતનામામાં લખી છે. આ ત્રણ પુત્રોમાં પીટર એટલે રોમન કેથોલિક ચર્ચનો, માર્ટિન ઈંગ્લિશ ચર્ચનો અને જેક પ્રોટેસ્ટંટ ધર્મનો પ્રતિનિધિ.

આટલી વાત કરીને સ્વિફ્ટ વક્રતાપૂર્વક ખ્રિસ્તી ધર્મની વિકાસકથા રજૂ કરવા માંડે છે અને એ દ્વારા ત્રણે ભાઈઓએ કોટની કેવી દુર્દશા કરી નાખી તેનો સ્ફોટ થતો જાય છે. પણ ધર્મોની આલોચન કરતાં કરતાં સ્વિફ્ટનું બૌદ્ધિક ઝનૂન એને છેક એવા સીમાડા સુધી ખેંચી જાય છે કે બધા ધર્મોનાં નામ પર મીંડું જ મૂકવું પડે!

'એપોલોજિ'માં તેણે વેધક પ્રશ્ન કર્યો છે : આપણા ચર્ચના પાદરીઓ-ધાર્મિક ઝનૂન અને વહેમો-ભલે હાસ્યાસ્પદ રીતે પણ ખુલ્લા પડાયા હોય તેમાં ગુસ્સે શા માટે થવું જોઈએ? કદાચ એ સર્વની હાંસી ઉડાવીને જ એનો ઇલાજ કરી શકાય - અરે છેવટે બીજું કંઈ નહિ તો એવાં અનિષ્ટો વધુ ફેલાતાં તો અટકે!

આમ, 'એ ટેઈલ ઓફ એ ટબ'નો કટાક્ષ ખુલ્લો પણ ધારદાર છે. અલબત્ત, એની લિજ્જત તો કોઈ અજ્ઞેયવાદી જ માણી શકે. બાકી ગમે તે ધર્મના ભાવિકને તો એ ચમચમ્યા વિના રહે નહિ. સ્વિફ્ટની કટાક્ષયોજના માટેની એક માનીતી પદ્ધતિ અહંભાવમાં કટાક્ષની સોય ખોસીને છેદ પાડવાની છે. ઉપર્યુક્ત કૃતિમાં તેણે એ પદ્ધતિ વારંવાર પ્રયોજી છે. ઘણીવાર એમાં આવતા વિષયાન્તરો દ્વારા એમાં તેણે એના યુગના વિદ્વાનોના અહં અને ઠાલાપણાને છેદી નાખ્યાં છે, ધાર્મિક ઉન્માદની દુષ્ટતાની હાંસી ઉડાવી છે.

આ વિષયાન્તરોમાં એક, 'ડાયગ્રેસન કન્સર્નિંગ ધી ઓરિજિનલ, ધ યુસ એન્ડ ઇમ્પ્રુવમેન્ટ ઓફ મેડનેસ ઇન એ કોમનવેલ્થ' (Digression Concerning the Original, the Use and Improvement of Madness in a Commonwealth) તો ખાસ લિજ્જત પમાડનારો છે. એમાં પાગલપણાનો સંબંધ વિલક્ષણ રીતે શરીરનાં નીચલાં અંગોમાંથી અમુક બાષ્પ મગજના ભાગમાં પહોંચે તે પ્રક્રિયા સાથે દર્શાવાયો છે; અને પછી એનો સણસણતો કટાક્ષ-ચાબખો વીંઝાય છે કે એકાદ મહાનુભાવના પ્રભાવ હેઠળ નવાં રાજ્યો જીતવાનાં, ફિલસૂફીમાં નવી ગતિ-પ્રગતિ લાવવાનાં, નવા નવા ધર્મો પ્રચારવાનાં '- એવાં બધાં જે કાર્યો થાય છે તેની પાછળ આ પાગલપણું જ જવાબદાર છે; કારણ મહાનુભાવના મગજમાં ભેગી થયેલી વરાળ એની તર્કશક્તિને ધૂંધળી બનાવી દે છે - તર્કનું સ્થાન તરંગ લે છે અને સામાન્ય બુદ્ધિ અદૃશ્ય થઈ જાય છે.

મોજમજા અને વૈભવ-વિલાસને માણસજાત પોતાના જીવનમાં બહુ મૂલ્યવાન લેખે છે, પણ એ તો ઇંદ્રિયો સમક્ષ પૂંછડી પટપટાવનાર મૂર્ખ છે, એના પુરાવારૂપ હકીકત એ છે કે 'happiness is a perpetual possession of being well-deceived.'

પ્રકૃતિના દર્પણમાં વસ્તુ દેખાય છે તેના કરતાં તેનું પ્રતિબિંબ-ભ્રમણા વધારે મોટી લાગે છે. ને, દાંભિક ફિલસૂફી કરતાં તો વસ્તુની સપાટી પર જે જણાય તેનો સ્વીકાર કરવો વધુ ઉચિત છે.

પૂરી વક્રતાથી સ્વિફ્ટ કહે છે - આપણે જે જોઈ શકીએ, સ્પર્શી શકીએ તે જ સત્ય, તર્ક-બુદ્ધિની તો ઉપેક્ષા જ કરવી!

'એ ટેઈલ ઓફ એ ટબ'માં બૌદ્ધિકોને તો રસના ઘૂંટડા છે. એની વિટ (Wit) ના વીજચમકાર અને એની તીવ્ર કટાક્ષધારા કોઈ પણ બૌદ્ધિકના ચિત્તને સહેજે અપીલ કરી જાય તેમ છે, તેમ છતાં એક વિદ્વાને કહ્યું છે તેમ સ્વિફ્ટની જીવનફિલસૂફી એવી તો નિરાશાજનક વક્રદૃષ્ટિવાળી છે કે એની તુલનામાં શોપનહોવર(Schopenhaver)ની ફિલસૂફી વિશેષ ઉત્સાહયુક્ત લાગે.

સ્વિફ્ટે 'happiness as a perpetual possession of being well-deceived', એ રીતે સુખની ઓળખ આપી તેમાં નિરાશાવાદી વલણ છે. જ્યારે જર્મન ચિંતક શોપનહોવરની સુખ વિશેની વિભાવના 'being a condition of negative pain'માં તુલનાએ ઓછી નિરાશા-વક્રતા છે. (ક્રમશઃ) □

અનુસંધાન] રતવા [પૃષ્ઠ ૫૨૭ પરથી

ઘી મેળવી લેપ કરવો. (૧૦) સરસડાની છાલ, જેઠીમધ, તગર, રતાંજળી, એલચી, જટામાંસી, હળદર, દારૂ હળદર, કઠ અને સુગંધી વાળો એ બધાંને પીસી, તેમાં ઘી મેળવી શરીર પર ચોપડવો. (૧૧) સરસડાની છાલનું ચૂર્ણ કરી, તેમાં સો વાર ધોયેલું ઘી મેળવી ચોપડવાથી કર્દમ નામનો રતવા તરત જ મટે છે. (૧૨) વડનાં મૂળ, ચણોઠી, કેળનો ગરભ સમભાગે લઈ પીસી, તેમાં સો વાર ધોયેલું ઘી મેળવી ચોપડાવાથી ગ્રંથિ વિસર્પ મટે છે.

વિરેચન, વમન, લેપ, લંઘન, રુધિરસ્રાવણ, કાંગ, સાઠી ચોખા, મગ, મસૂર, તુવેર, માખણ, ઘી, દ્રાક્ષ, દાડમ, કારેલાં, પરવળ, આમળાં, ખેર, નાગકેસર, સરસડો, કપૂર, ચંદન અને તલનો લેપ વગેરે રતવામાં પથ્ય છે.

પરિશ્રમ, દિવસની ઊંઘ, સ્ત્રીસંગ, પુષ્કળ પવન લેવો, ક્રોધ કરવો, શોક, વમનાદિ વેગો રોકવા, ભારે પદાર્થોનું સેવન, લસણ, કળથી, અડદ, તલ, માંસનું સેવન, દાહ કરનાર પદાર્થો, ખારા, ખાટા અને તીખા પદાર્થો, મદ્ય (દારૂ) અને સૂર્યનો તડકો વગેરે રતવામાં અપથ્ય છે. □

ધારાવાહી લઘુનવલ

સંભવામિ યુગે યુગે

રતિલાલ બોરીસાગર

નર્મદાવાળાઓની સભામાં : ગમન

ભટ્રંભદ્ર હવે નર્મદાવાળાઓને પરાસ્ત કરવા એકદમ આતુર બન્યા હતા. એમનો ઉત્સાહ અકથ્ય હતો. મને કહે, 'અંબારામ! શત્રુદળને આહ્‌વાન આપી પરાસ્ત કરવા અંગે શાસ્ત્રમાં શું વિધાન છે?'

'મહારાજ! શાસ્ત્રનું વિધાન કેવળ ક્ષત્રિયો અંગે છે. આપ તો બ્રાહ્મણ છો.'

'બ્રાહ્મણશ્રેષ્ઠ કહે.' મારી ભૂલ સુધારતાં ભટ્રંભદ્રે કહ્યું, 'અંબારામ!' હું બ્રાહ્મણશ્રેષ્ઠ છું એ સત્ય છે, તથાપિ આચાર્ય દ્રોણ બ્રાહ્મણ નહોતા? શું ભગવાન પરશુરામ બ્રાહ્મણ નહોતા? માટે તું શત્રુદળને આહ્‌વાન કર. સૌને પરાસ્ત કરી, દિગ્વિજય કરી, આપણે સ્વર્ગલોકે જઈશું. ક્ષત્રિયો વીરગતિને પ્રાપ્ત કરી, સ્વર્ગે જાય છે. આપણે સદેહે સ્વર્ગે સંચરીશું.'

ભટ્રંભદ્રને હતોત્સાહ કરવાનું કોઈ પ્રયોજન નહોતું; ભટ્રંભદ્ર હતોત્સાહ થાય તે શક્ય પણ નહોતું.

ભટ્રંભદ્ર યુદ્ધની વ્યૂહરચનામાં વ્યસ્ત હતા ત્યાં યજમાનશ્રેષ્ઠનું આગમન થયું. એમણે નિવેદન કર્યું કે નર્મદાવાળાઓએ કાંકરિયા મેદાનમાં એક મોટી સભાનું આયોજન કર્યું છે. આ સમાચાર સાંભળી ભટ્રંભદ્ર ઉશ્કેરાયા. એમણે કહ્યું, 'મારી અત્રે ઉપસ્થિતિ હોવા છતાં નર્મદાવાળાઓ સભા યોજવાનું સાહસ કરી શકે એ અપશોચયુક્ત પ્રસંગ છે. કાંકરિયા સરોવરમાં જલપ્રમાણ પૂરતું છે?' ભટ્રંભદ્રના અનપેક્ષિત પ્રશ્નથી યજમાનશ્રેષ્ઠ ડઘાઈ ગયા. ભટ્રંભદ્ર આત્મહત્યા કરવાના ઉદ્દેશથી આ પ્રશ્ન પૂછે કે શું એવી આશંકાથી ભયભીત થઈને એમણે પૂછ્યું, 'મહારાજ! આપ આત્મહત્યા કરશો પછી અમારું શું થશે?' ગમે તેવા વિપરીત પ્રશ્નથી પણ વિચલિત ન થનારા ભટ્રંભદ્ર આ પ્રશ્નથી એકદમ ક્ષુબ્ધ થઈ ગયા. કહ્યું : 'આત્મહત્યાનો શાસ્ત્રમાં નિષેધ છે. મારા અંગે આવો અનુચિત પ્રશ્ન પુછાયો તેથી પણ મને દોષ લાગે. જોકે હું સર્વ દોષોથી પર છું. કિન્તુ તમે આ પ્રશ્ન પૂછવાના અપરાધ બદલ સાત વાર નર્મદાનાં જળથી સ્નાન કરી, પ્રાયશ્ચિત્ત કરજો. હું તો નર્મદાવાળાઓ ડૂબી શકે એટલા જળની કાંકરિયામાં વ્યવસ્થા છે કે કેમ તે અંગે પૃચ્છા કરતો હતો.'

'મહારાજ! એ તો ફોજદારી ગુનો બને. આપને જેલની સજા થાય. આપ જેલમાં જાઓ પછી અમને કોણ માર્ગદર્શન આપે?' ભટ્રંભદ્રના પ્રયોજનકથનથી ગભરાઈ જઈ યજમાને કહ્યું.

'કારાગાર માટે તમે મ્લેચ્છોની ભાષાનો શબ્દપ્રયોગ કરી ઘોર પાતક વ્હોર્યું છે. એ માટે નર્મદાના કાંપથી તમારી જિહ્‌વાને સાત વાર લિપ્ત કરી પછી નર્મદાજળથી તેને પ્રક્ષાલજો તો જ પાપમોચન થશે. પણ શ્રવણ કરો કે કારાગારવાસ મારા માટે આશ્ચર્યનો વિષય નથી. આપણા તો ભગવાન જ કારાગારમાં જન્મ્યા હતા. કિન્તુ હું એ રીતે એ લોકોને ડુબાડવાની વાત નથી કરતો. મારું બળ વાચાયાં છે, શરીરાણાં નથી. મારા વાક્‌બળથી પરાજિત થયેલા એ લોકો લજ્જિત થઈને સ્વયં કાંકરિયામાં ડૂબી મરશે એમ મારા કથનનું પ્રયોજન છે.'

ભટ્રંભદ્રના કોઈ વિધાનને પડકારી શકાય નહિ. એ સત્ય યજમાન હવે જાણી ગયા હતા. એટલે એ મૂંગા રહ્યા. એમને મૂંગા જોઈ ભટ્રંભદ્ર કહે, 'તમે શત્રુદળને વિજ્ઞપ્ત કરો. આપણે એ જ સભામાં જઈ એમને પરાસ્ત કરીશું.' નર્મદાવાળાઓની સભામાં જઈ વાક્‌યુદ્ધ કરવાની ભટ્રંભદ્રની તત્પરતાથી મને રોમાંચ થયો. યજમાન આભા બની ગયા. એ થોડા ભયભીત થયા હોય એવું પણ લાગ્યું. તેઓએ કહ્યું, 'મહારાજ! એ લોકો પોતાની સભામાં આપને પ્રવચન કરવા દે એ સંભવિત નથી.'

'તેઓ મને પ્રવચન કરવા નહિ દે તો પણ હું પ્રવચન કરીશ જ. હું એ સભાની વ્યાસપીઠ પર બલાત્કારે આરોહણ કરીશ. આ મારો નિશ્ચય જાણજો. તમે શત્રુદળના અગ્રણીને મારી અભિલાષાથી વિદિત કરો.'

ભટ્રંભદ્રને બલાત્કારે વ્યાસપીઠ પર આરોહણ કરવાની આવશ્યકતા રહી નહિ. ભટ્રંભદ્રની અભિલાષા જાણી નર્મદાવાળાઓએ ભટ્રંભદ્રને પ્રવચન કરવા દેવાની સંમતિ આપી. માત્ર એમને એ સભામાં જે પ્રશ્નો પુછાય તેના ઉત્તરો આપવાના થશે એવી અપેક્ષા વ્યક્ત કરી. આ આહ્‌વાનથી ભટ્રંભદ્ર વળી ઉશ્કેરાયા : 'મારા વાક્‌કૌશલથી અજ્ઞ એવા એ લોકો પ્રશ્નો પૂછી ઘોર અપરાધ કરી રહ્યા છે. એમના પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર આપી હું એમને નિરુત્તર કરી દઈશ. મારા વાણીસામર્થ્યથી અવિદિત રહેલા તેઓએ સામે ચાલીને પોતાના પરાજયનો પ્રબંધ કર્યો છે.'

સભાના દિવસે ભટ્રંભદ્ર અત્યંત ઉશ્કેરાયેલા રહ્યા. મેં એમના ઉશ્કેરાટ અંગે એમનું ધ્યાન દોર્યું. ભટ્રંભદ્ર કહે, 'અંબારામ! આજના દિવસનો મહિમા અત્યંતમ્ છે. સમગ્ર મનુકુળનો આજે મહિમાવંત દિવસ છે. શ્રીરામના હાથે રાવણનો પરાજય થયો, શ્રીકૃષ્ણના હાથે કંસનો પરાજય થયો, પાંડવોના હાથે કૌરવો પરાજિત થયા એમ નર્મદાવાળાઓ આજે મારી જિહ્‌વાએ કરી પરાજિત થશે. સભામાં જઈ વાક્‌પ્રહારથી નર્મદાવાળાઓને મૂર્છિત કરી દેવા હું આતુર થયો છું.'

'પણ મહારાજ! એ લોકો પ્રશ્નો પૂછીને આપને મૂંઝવવાનો પ્રયાસ કરશે એ હકીકતની વિસ્મૃતિ થવી ન ઘટે.' 'એ લોકો મને મૂંઝવી શકે એવી અશ્રદ્ધા સેવી તું ઘોર અપરાધી ઠરે છે. કિન્તુ, અનેક કષ્ટદાયક પ્રસંગોએ પણ તેં મારા સાન્નિધ્યનો ત્યાગ કર્યો નથી તેથી તું ક્ષમાને પાત્ર છે.'

'આપની ઉદારતા અસીમ છે, મહારાજ!'

'અંબારામ! પ્રમાણો માગવાં એ નર્મદાવાળાઓનો સ્વભાવ છે. પણ એ પામર જીવો જાણતા નથી કે મારો શબ્દ એ જ પ્રમાણ છે. અંબારામ! આજનો દિવસ નર્મદામોક્ષના દિવસ તરીકે સારાય મનુકુળમાં પ્રસિદ્ધ થશે.'

ઉશ્કેરાટને કારણે ભટ્રંભદ્રે તે દિવસે દશને બદલે બાર લાડુ ખાધા; જોકે, ત્રણ કલાકની વામકુક્ષિને બદલે માત્ર દોઢ કલાકમાં એ જાગી ગયા. સભામાં જવાને વાર હતી તો ય એમણે સજ્જ થવા માંડ્યું.

બરાબર પાંચ વાગ્યે અમે સભાસ્થાને પહોંચ્યા. આજની સભામાં ભટ્રંભદ્ર પ્રવચન કરવાના છે એવા સમાચાર શહેરનાં બધાં વર્તમાનપત્રોમાં

પ્રસિદ્ધ થયા હતા. આ કારણે લોકો ઉત્તેજિત થયા હોય એવું લાગતું હતું. ભદ્રંભદ્રના દર્શન કરવાની વ્યાકુળતા જનસમૂહમાં વ્યાપેલી હોય એમ જણાતું હતું. વિશાળ જનસમુદાય જોઈ ભદ્રંભદ્ર અતીવ પ્રસન્ન થયા અને બોલ્યા, 'અંબારામ! આપણા યજમાનોને સીધા વ્યાસપીઠ પર જવા દઈ, આપણે જનસમૂહની વચ્ચેથી માર્ગ કરતા કરતા વ્યાસપીઠ ભણી જઈએ, જેથી લોકો મને પ્રણામ કરી શકે, નિકટથી મારા દર્શન કરી શકે. આપણે યજમાનોને જાણ કર્યા વગર જ એમનાથી છૂટા પડી જઈશું.' આના પ્રતિભાવ રૂપે હું કંઈ કહું તે પૂર્વે સોએક જેટલા લોકોનું એક ટોળું અમારી સમીપ આવી પહોંચ્યું ને ભદ્રંભદ્રની જય પોકારવા લાગ્યું. યજમાનશ્રેષ્ઠીની સામે જોઈ, ભદ્રંભદ્રે પૂછ્યું, 'આ આપણા માણસો છે?' 'આમ છે ને આમ નથી.' યજમાને કહ્યું. 'જગત છે ને જગત નથી એવું ગહન આ તમારું કથન છે.'

'મહારાજ, આ લોકોને આપની જય પોકારવાનું ભાડું આપણે આપવાના છીએ. દર દસ જય દીઠ ભાડું આપણે ઠરાવ્યું છે. સો જય પોકારાય ત્યાં સુધી આ આપણા માણસો છે. મજબૂત અવાજવાળા લોકોનો આ કાયમી વ્યવસાય છે.'

'અંબારામ! આવો વ્યવસાય શાસ્ત્રસંમત છે?'

'મહારાજ! બ્રાહ્મણો દક્ષિણા સ્વીકારી સવા લક્ષ જાપ કરી આપે છે - તે જ રીતે આ લોકો દક્ષિણા લઈ જયઘોષ કરે છે. એમાં શાસ્ત્રથી વિપરીત કશું જણાતું નથી.' મારા અર્થઘટનથી પ્રસન્ન થઈ ભદ્રંભદ્ર બોલ્યા, 'આપણે કેવા મહાન કે આપણાં શાસ્ત્રોમાંથી જે અર્થ શોધી કાઢવો હોય તે શોધી શકીએ છીએ!'

સો વાર જયઘોષ થાય ત્યાં સુધી ત્યાં જ ઊભા રહેવાની યજમાને અમને વિનંતી કરી. થોડી વાર સુધી તો ભદ્રંભદ્ર પ્રસન્ન મુખમુદ્રા સાથે શાંત ઊભા રહ્યા. પણ પછી એકાએક તેઓ પોતે પણ જયઘોષમાં જોડાઈ ગયા. મેં કહ્યું, 'મહારાજ! આપના જયઘોષમાં આપ પોતે સંમિલિત થાઓ એ વિપરીત જણાય છે.'

'અંબારામ! અહીંની પ્રદૂષિત હવાને કારણે તું પણ ક્યારેક વિપરીત તર્કને અધીન થાય છે. તને જે વિપરીત દેખાય છે તે માયા છે. સ્વજયઘોષ આવકાર્ય છે. પોતે જ પોતાનો જય ન ઇચ્છવો એમાં આપણી મહાનતા નથી. કિન્તુ, ચર્ચા જયઘોષમાં વિઘ્નરૂપ હોવાથી ચર્ચાનો ત્યાગ કરી આપણે જયઘોષમાં જોડાઈ જઈએ.' આટલું કહી ભદ્રંભદ્ર ફરી પોતાની જય પોકારવા લાગ્યા. ભદ્રંભદ્રને પોતાના જ જયઘોષમાં સંમિલિત થયેલા જોઈ 'જયઘોષ સેવામંડળ'ના અગ્રણીને પણ ઘણું આશ્ચર્ય થયું. જયઘોષ પૂરો થયા પછી એમણે ભદ્રંભદ્રને પૂછ્યું, 'તમે કોણ છો? તમારો અવાજ ઘણો બુલંદ છે. જય બોલવાની નોકરી કરવી છે?' આ સાંભળી ભદ્રંભદ્ર ઘણા ક્રુદ્ધ થયા. એઓ બોલ્યા, 'હે મૂઢમતિ! નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનપ્રવર્તક એવા મને તું જાણતો નથી એથી તારો જન્મ વૃથા જાણજે.'

ભદ્રંભદ્રની વાતમાં પેલાને કશી સમજ પડી નહિ, પણ પોતાને થયેલા તુંકારાથી એ ક્ષુબ્ધ થયો હોય એમ લાગ્યું. એટલામાં યજમાનઅગ્રણી આવીને એને કહેવા લાગ્યા, 'સો જયનો કોન્ટ્રેક્ટ હતો ને તમે લોકોએ ૮૫ જયમાં પૂરું કરી દીધું. ૧૫ જયના પૈસા ઓછા આપીશું.'

પેલાએ કહ્યું, 'અમારી ગણતરીમાં ભૂલ થાય નહિ. અમે ત્રણચાર જય વધારે જ પોકારીએ છીએ. એકબીજાના વિરોધીની જય પણ માત્ર બે કલાકને અંતરે પોકારીએ છીએ, પણ ગણતરીમાં દિલચોરી કદી ન કરીએ.'

આ કલહનો લાભ લઈ ભદ્રંભદ્ર મારો હાથ ઝાલી વિશાળ જનસમુદાય તરફ ચાલવા માંડ્યા. ધોતિયાના કાછોટા પર જેણે મૃગચર્મ પહેર્યું છે; વૃક્ષનાં પર્ણોનું કવચ જેના શરીર પર કર્ણના કવચની પેઠે શોભી રહ્યું છે; જામદગ્ન્યના બાહુ જેવા જેના બાહુમાં પરશુ શોભે છે; જેના ગળામાં રુદ્રાક્ષની માળા પર ફૂલની માળાઓનું સાયુજ્ય દીપી રહ્યું છે; જેના કપાળમાં કંકુની આડી ઊભી લીટીઓ વડે પાડેલાં ખાનાંમાં 'નર્મદા નર્મદા' લખેલું છે; તુલસીની ડાળખીઓ ખોસેલી જેમની પાઘડી રાજમુકુટ કરતાં અધિક શોભાયમાન દીસે છે એવા ભદ્રંભદ્રને જોઈ લોકસમુદાય વિક્ષુબ્ધ થયો. એક જણના પગ પર ભદ્રંભદ્રનો ચાખડીઓવાળો વજનદાર પગ આવી ગયો. 'એ ય બહુરૂપી, દેખતો નથી?' ભદ્રંભદ્ર કંઈ કહે તે પહેલાં બીજો એક જણ બોલ્યો, 'અરે ! તું દેખતો નથી? આ ભદ્રંભદ્ર છે.' 'કોણ ભદ્રંભદ્ર?' પેલાએ પૂછ્યું; હવે ક્રોધ શમાવવાનું ભદ્રંભદ્ર માટે દુષ્કર હતું. 'અરે. દુષ્ટ! નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનપ્રવર્તક યુગપુરુષ ભદ્રંભદ્રથી તું અનભિજ્ઞ છે? તું મનુષ્યના રૂપમાં પશુ છે.' ભદ્રંભદ્રના આ કટુવચનોમાંથી મોટા ભાગનું તો પેલો સમજી શક્યો નહિ, પણ પોતાને પશુ કહ્યો એટલું તો એ સમજ્યો જ. ઉશ્કેરાઈને એ ભદ્રંભદ્ર તરફ ધસ્યો. પણ બીજાઓએ એને પકડી લીધો. આટલી ધમાલ થઈ એટલે ભદ્રંભદ્રની ઉપસ્થિતિ પ્રકટ થઈ ગઈ. કોઈએ 'ભદ્રંભદ્ર ઝિંદાબાદ' એમ બોલી ભદ્રંભદ્ર...એમ ખંડ ઉચ્ચારણ કર્યું એટલે ટોળામાંથી અર્ધા ઝિંદાબાદ અને અર્ધા મુર્દાબાદ બોલ્યા. ભદ્રંભદ્ર આ બંને શબ્દોના અર્થ જાણતા નહોતા, પણ બે ભિન્ન પ્રકારના ઉચ્ચારણોથી એ મૂંઝાયા : 'અંબારામ! એક જ સૂત્રના પ્રત્યુત્તરમાં બે ભિન્ન ઉચ્ચારણો ચિત્તમાં સંક્ષોભ ઉત્પન્ન કરે છે.' મેં કહ્યું, 'મહારાજ! ઝિંદાબાદ એટલે અમર રહો ને મુર્દાબાદ એટલે મરી જાઓ!'

'મારું મૃત્યુ ઇચ્છવાવાળા નર્મદાવાળાઓ હોવા જોઈએ. તેઓનાં ઉચ્ચારણો પરત્વે દુર્લક્ષ જ કરવું ઘટે. આપણા માટે અનુકૂળ ઉચ્ચારણો જ સત્ય છે. પ્રતિકૂળ ઉચ્ચારણો માયા છે, માટે મિથ્યા છે. શિશુપાલે સો ગાળી દીધી તે પછી શ્રીકૃષ્ણે એનો શિરચ્છેદ કર્યો હતો, તેમ આ લોકો સો વાર વિપરીત ઉચ્ચારણ કરશે તો હું એમનો શિરચ્છેદ કરીશ એ નિશ્ચિત જાણજે. તેથી તું ગણતરી કરવા માંડ.'

મારા ગણિતના જ્ઞાનની કસોટી થાય તે પહેલાં યજમાનશ્રેષ્ઠ આકુળ-વ્યાકુળ થતા આવી લાગ્યા. અને બોલ્યા, 'વ્યાસપીઠ પર આપની રાહ જોવાય છે. આપ અહીં કેમ છો?'

'વરાહ અવતારમાં ભગવાન વિષ્ણુ પૃથ્વીને દ્રંષ્ટ્રામાં ધારણ કરી સમુદ્રમાંથી એકાએક પ્રકટ થયા હતા એમ હું આ વિશાળ જનસમુદાયમાંથી એકાએક પ્રકટ થવાની અભિલાષા સેવું છું.'

'આપ અમારા માટે એકાએક જ પ્રકટ થયા છો. આપના વિના અમારું કોણ સાંભળે? પણ હવે આપ જલદી ચાલો.'

પોતાની પ્રશંસાથી સંતુષ્ટ થયેલા ભદ્રંભદ્ર વ્યાસપીઠ પ્રતિ ગતી કરી રહ્યા. ભદ્રંભદ્રને જોઈ સૌ એકબાજુ ખસી જતા હતા. ભદ્રંભદ્રે મને કહ્યું, 'લંકાસાગરે જેમ શ્રીરામને માર્ગ આપ્યો હતો એમ આ લોકસાગર મને માર્ગ આપે છે એ તેં જોયું?'

ભદ્રંભદ્રની પરશુ વાગી જવાની બીકે લોકો ખસી જતા હતા એ હું જાણતો હતો પણ હું કશું બોલ્યો નહિ. અમે વ્યાસપીઠ પર પહોંચ્યા. (ક્રમશઃ) □

રતવા

માધવ ચૌધરી

ખારા, ખાટા, તીખા અને ઉષ્ણ પદાર્થોનું સેવન કરવાથી વાતાદિ દોષ કુપિત થઈ સાત પ્રકારનો વિસર્પરોગ ઉત્પન્ન કરે છે. આ રોગ શરીરમાં ચારે તરફ ફેલાય છે તેને વિસર્પ કહે છે. ગામઠી ભાષામા તેને 'રતવા' પણ કહે છે.

પ્રથમ પિત્ત બગડે છે અને તેમાં કફ તથા વાયુ પણ બગડીને તેની સાથે ભળે છે. આ બગડેલા પિત્તપ્રધાન ત્રણે દોષો જ્યારે શરીરમાં ફરવા માંડે છે ત્યારે રતવા થાય છે.

વિસર્પરોગ વાતાદિ જુદા જુદા દોષોથી, દ્વંદ્વજથી અને સન્નિપાત (ત્રિદોષ)થી એમ સાત પ્રકારનો થાય છે. આંતરવિસર્પમાં ઠંડા ઉપચાર કરવા અર્થાત્ દાહ-બળતરાના જેવા ઉપચાર કરવા. બાહ્યવિસર્પમાં ઉપવાસ કરવો. તેમજ દશાંગ લેપ કરવો અથવા ચંદનનો લેપ કરવો. રતવામાં પ્રથમ પરવળનાં પાન અને લીમડાની અંતરછાલનો ક્વાથ અથવા ઇન્દ્રજવનું ચૂર્ણ પાણી સાથે પીવરાવી ઊલટી કરાવવી આવશ્યક છે.

વાત, પિત્ત, કફજ રતવા

(૧) રાસ્ના, નીલકમલ, દેવદાર, લાલચંદન, જેઠીમધ અને બલાને સમભાગે લઈ બારીક ચૂર્ણ કરી, ઘી તથા દૂધની સાથે મેળવી લેપ કરવાથી વાતજ રતવા મટે છે. (૨) કુંવાડિયો, જેઠીમધ, કાકોલી, મજીઠ, કમળકાકડી, લાલચંદન અને અનંતમૂળને સમભાગે લઈ બારીક ચૂર્ણ કરી, દૂધની સાથે મેળવીને લેપ કરવાથી પિત્તજ રતવા મટે છે. (૩) ત્રિફળાં (હરડે, બહેડાં, આમળાં), કમળકાકડી, લજામણી, કરેણનાં મૂળ, દેવનલનું મૂળ, કાળો વાળો અને અનંતમૂળને સમભાગે લઈ, બારીક ચૂર્ણ કરી, પાણી સાથે લેપ કરવાથી કફજ રતવા મટે છે.

સર્વ પ્રકારનો રતવા

(૧) આમળાં, પરવળનાં પાન અને મગ સમાન ભાગે લઈ, તેનો કવાથ કરી, તેમાં ઘી મેળવીને પીવાથી સર્વ પ્રકારનો રતવા મટે છે. એ ઉપરાંત, (૨) નાગરમોથ, લીમડાની અંતરછાલ અને પરવળનાં પાનનો ક્વાથ કરી પીવાથી પણ સર્વપ્રકારનો રતવા મટે છે.

સર્વસામાન્ય રતવા

(૧) ઘીમાં એરંડિયું મેળવીને પીવું. (૨) જવાસો, પિત્તપાપડો, ગળો અને સૂંઠને ખાંડી રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે ગાળીને એ પાણી પીવું. (૩) મોટો સમેરવો, નાનો સમેરવો, મોટી ભોરિંગણી, નાની ભોરિંગણી અને ગોખરુ સમભાગે લઈ, ક્વાથ બનાવી, પીવાથી પણ રતવામાં ફાયદો થાય છે.

રતવામાં લેપ

(૧) ઠંડા પાણીમાં ચીકણી સોપારી ઘસીને રતવાનાં ચાઠાં ઉપર ચોપડવી. (૨) હીરાકસીને પાણીમાં કાલવી રતવા ઉપર ચોપડવી. (૩) શેકેલા

લઘુકથા

તાણ

રમેશ ત્રિવેદી

અબ્દુલચાચા ઉપરાછાપરી બીડીઓ ફૂંકતા બેઠા હતા. ઘરના ખુલ્લા આંગણાની ધૂળમાં પડેલી ટ્રેક્ટરના પૈડાંની છાપ પર એમની નજર સ્થિર થઈ ગઈ હતી. ગામના બેચાર આગેવાનોને લઈને મુખી આવ્યા હતા. એમના અવાજમાં આછો કંપ હતો : 'ચાચા, તમે તો ભારે કરી હોં...ભલા માણસ, આમ રાતોરાત ઉચાળા ભરીને!....અડખેપડખેના ગામમાં વાત જાય તો મારું તો નાક...લ્યો, હેંડો, ટ્રેક્ટરમાં સામાન મૂકી ઘો...તમારો વાળ વાંકો થાય તો કે'જોને...!' ને પછી એમની 'બેં બેં' કરતી બકરીને ટ્રેક્ટરમાંથી ઉતારતાં કહેલું : 'ચાચા, તમારા કરતાં તો તમારી બકરી વધુ હિંમતવાળી નીકળી...અહીંથી તેણ કિલોમીટર ચાલીને કાલે સાંજની તમારે ઘેર બોલો, રસ્તામાં એને કૂતરાના ફાડી ખાવાનો ભો સરખોય!...'

મુખીના શબ્દોએ એમને પીગળાવી નાખ્યા હતા, પણ એમનો મામાનો દીકરો હરફ સુધ્ધાં બોલ્યો નહોતો. એણે આંખના ઇશારે નકાર ભણી દીધો'તો ક્યારનોય, એને નાખુશ કરી જવું ય શી રીતે? ઉપરવાળો ફરી રૂઠે, આફત આવી પડે ત્યારે જવું ક્યાં પાછું?... થોડા દા'ડામાં જ પાછા ફરવાની ખાતરી આપી માંડ માંડ મુખીને પાછા મોકલ્યા હતા, પણ એ ય પાછું બિરાદરીના લોકોને ગમ્યું નહોતું કદાચ....પણ થાય શું? એમાં ગામની અડોઅડના શહેરમાં કોમી દાવાનળ ભભૂકી ઊઠ્યો હતો. ક્યારે એના તણખા ઊડીને ગામ સુધી આવે તે કહેવું મુશ્કેલ હતું. બાપ-દાદાના વખતની કરિયાણાની દુકાન કડેધડે ચાલતી'તી, પણ ખુદા ખેર કરે કોઈની બૂરી નજર ને શહેરમાંથી આવતી જાતજાતની અફવાઓએ ફફડાટ ઊભો કર્યો...

અબ્દુલચાચાને રાતે ખાવાનું ભાવ્યું નહીં. મોડી રાત સુધી જાગતા પડ્યા રહ્યા. 'બેં બેં' કરીને બકરી બરાડી રહી હતી. છેક કાનોમાં આવી આવી ને એનો અવાજ...મુખીના શબ્દો...બીબી-બચ્ચાંનાં અહીં આવ્યાં પછી સતત ઓશિયાળાં લાગતાં મોઢાં....અને....

અબ્દુલચાચા વહેલી પરોઢે ઝબકીને જાગ્યા. ક્યાંય સુધી પથારીમાં સૂનમૂન બેસી રહ્યા ને પછી દિવસ ઊગતાની સાથે જ બીબી-બચ્ચાં અને સામાનને લઈ, બિરાદરીના લોકોએ બતાવેલા જાતજાતના ભયને ગણકાર્યા વિના ગાડા સાથે નીકળી પડયા પોતાને ગામ જવા - રાતની વાતની ખીલો તોડી નાખે તેટલું જોર કરતી બકરીની પાછળ પાછળ, નિશ્ચિંત મને. □

જવનો લોટ અને જેઠીમધનું ચૂર્ણ ધોયેલા ઘીમાં મેળવી લેપ કરવો. (૪) લાલ કરેણનાં ફૂલ અને ચોખા સરખે ભાગે લઈ, રાત્રે ઠંડા પાણીમાં ખુલ્લા વાસણમાં પલાળી રાખી, સવારે ચોખા અને ફૂલ પીસીને લેપ કરવો. (૫) ધોળી ચણોઠીના પાનને વાટીને લેપ કરવો. (૬) શિરીષ (સરસડો)ની છાલ, ખસખસ, નાગકેસર અને હિંગને પાણીમાં વાટીને લેપ કરવો. (તેનાથી વિસ્ફોટક પણ મટે છે.) (૭) ગાયનું સો વાર ધોયેલું ઘી શરીરે ચોળવું. (૮) રાતા અંધેડાના પાન વાટી, લુગદી બનાવીને રતવા પર મૂકવી (બાંધવી). (૯) પિત્તજ રતવામાં કસેરુકંદ, શિંગોડાં, લાલકમળ, ચણોઠી, શેવાળ, નીલકમળ અને કાદવ એ બધાંને સમાન ભાગે લઈ, પાણીમાં પીસી, તેમાં

(અનુસંધાન પૃષ્ઠ ૫૨૪ ઉપર)

દુનિયાના દેશોની પ્રખ્યાત રેલવે

મનસુખલાલ એન. સાતા

દુનિયાના દરેક દેશના વિકાસ અને આર્થિક ઉન્નતિમાં તેના રેલવે તંત્રોનો સહયોગ અમૂલ્ય ગણાય છે. રેલવે તથા યાંત્રિક ક્ષેત્રે સૌથી વધુ ઉપયોગી મનાતા પૈડા (ચક્ર)ની શોધ પ્રાચીન ગ્રીસની છે. દરેક પ્રકારના વાહનની હેર-ફેર માટે પૈડાંનો ઉપયોગ હોય જ છે. લોખંડના પાટા પર દોડતી ઝડપી રેલગાડીઓ આજે સામાન્ય વાહનો જેવી લાગે છે, પરંતુ આ રેલગાડીની પ્રથમ શરૂઆત અને તેના વિકાસની રસિક માહિતી જાણવા જેવી છે. વિજ્ઞાનની કેટલીક શોધ કોઈ એક ચોક્કસ વિજ્ઞાનીની નથી હોતી, પરંતુ બે કે ત્રણ વિજ્ઞાનીઓના પુરુષાર્થનું એ પરિણામ હોય છે. ચાલતાં વાહનોનો ઉપયોગ સૌપ્રથમ ઇ. સ. ૧૫૫૦માં ફ્રેંચ-જર્મન સરહદ પરના લેબેરેયલ અલસેસમાં ખનીજની હેરફેર માટે થયો હોવાનું સમર્થન છે, ઈંગ્લેન્ડ (યુ.કે.)માં આ પ્રકારનાં વાહન ઈ. ૧૬૦૫માં શોપશાયરની બ્રોસેલી કોલિયેરીમાં થયો હોવાનું કહેવાય છે. દુનિયાના પ્રથમ લોકોમોટિવ એન્જિનની શોધ ઇંગ્લેન્ડના શોપશાયરના કોલબ્રુકડેલ શહેરના રિચાર્ડ ટ્રેવિથિક નામના અંગ્રેજે ઇ.સ. ૧૮૦૩માં કરી હતી. ઇ.સ. ૧૮૦૪માં પેનીડારેન વેલ્સમાં બીજું લોકોમોટિવ સફળતાપૂર્વક ચલાવવામાં આવેલું. વરાળથી ચાલતા એન્જિનવાળી પ્રથમ રેલવે મિડલટન અને યોર્કશાયર વચ્ચે દોડી હોવાનું સમર્થન છે. દુનિયાની પ્રથમ નિયમિત પેસેન્જર રેલવેગાડી ૬ માઈલ સુધીના લોખંડના પાટા પર ઇંગ્લેન્ડ (યુ.કે.)ના કેન્ટરબરીથી વ્હાઈટ સ્ટેબલ કેન્ટ સુધીની ઇ. સ. ૧૮૩૦માં શરૂ કરવામાં આવી હતી. દુનિયાની પ્રથમ વિદ્યુત રેલવે ઇ.સ. ૧૮૭૯માં 'બર્લિન ઇલેક્ટ્રિક ટ્રેન' નામની ગાડી બર્લિન ટ્રેડ્ઝ એક્ઝીબિશન પ્રસંગે અખતરા રૂપે શરૂ કરવામાં આવી હતી.

આજે દુનિયાના યુ. એસ. એ. (અમેરિકા), યુ. કે. (ગ્રેટ બ્રિટન), રશિયા, જર્મની, જાપાન, ભારત જેવા દેશોમાં રેલગાડીઓએ ઝડપ, માલ-સામાનની હેરફેર, મુસાફરોની હેરફેર વગેરેમાં અનેક વિક્રમ સર્જ્યા છે. અમેરિકા, ફ્રાન્સ, રશિયા, ચીન, ભારત અને જાપાન જેવા દેશોની રેલવે ગાડીઓની ઝડપ, સ્ટેશનો, પ્લેટફોર્મ, વેઈટિંગ રૂમ વિશની અદ્દભુત જાણકારી સૌ કોઇને ગમી જાય તેવી છે. રેલવેની ઝડપમાં બે-ત્રણ દેશોના વિક્રમ જાણવા જેવા છે. યૂનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાની ફેડરલ રેલ રોડ એડમિનીસ્ટ્રેશન (FEDERAL RAIL ROAD ADMINISTRATION) સંચાલિત રેલવે ગાડીની ઝડપ ઇ.સ. ૧૯૭૪માં કલાકના ૨૫૫ માઈલની નોંધાયેલી છે. ફ્રાન્સની રેલવેગાડીની ઝડપ ઇ.સ. ૧૯૮૧માં કલાકના ૨૩૬ માઈલ નોંધાયેલી છે. જાપાનની જાપાનીઝ નેશનલ રેલવેની ઝડપનો મિયાઝાકી સ્ટેશન પર ઇ.સ. ૧૯૭૯માં કલાકના ૩૨૧ માઈલનો વિક્રમ છે. આ ઝડપ પર સરકાર તરફથી નિયંત્રણ મુકાતા તે ઘટાડવામાં આવી છે. હાલમાં જ જાપાનની 'ધ ગ્રાન્ડ હિકોરી શિકામ રેલવે' યામાગુચીથી શિશિંગ સુધીનું ૨૭૯ કિમિટરનું અંતર કલાકમાં કાપી વિક્રમ કર્યો.

દુનિયાની સૌથી લાંબી રેલવે મુસાફરી પોર્ટુગલના લિસ્બન શહેરથી સોવિયેત રશિયાના ખાબારોવસ્ક સ્ટેશન સુધીની ૯ દિવસની હોવાનો વિક્રમ છે. વિશ્વની સૌથી સળંગ લાંબી રેલવે લાઈન ટ્રાન્સ-સાઈબિરીયન રેલવેની છે. મૉસ્કો અને નાખોદકા સ્ટેશન સુધીની ૫૮૬૫ માઈલની છે. આ બે સ્ટેશન વચ્ચે ૯૭ સ્ટેશનોનું અંતર કાપતા રેલવેને ૮ દિવસ ૪ કલાકનો સમય લાગે છે. દુનિયાની બીજી લાંબી રેલવે-લાઈન કૉમનવેલ્થ રેલવેઝની છે. દુનિયાની સૌથી મોટી આ સીધી લાઈન કૉમનવેલ્થ રેલેવેઝ ટ્રાન્ઝ ઓસ્ટ્રેલિઅન ઉલ્ડી અને વેટસન સ્ટેશન વચ્ચે ૨૯૭ માઈલની છે. દુનિયાનું સૌથી મોટું સ્ટેશન 'GRAND CENTRAL TERMINAL NYC' ન્યૂ યૉર્ક સિટીનું ગણાય છે. ૪૮ એકર જમીન પર બંધાયેલા આ સ્ટેશનના ઉપલા સ્તરમાં ૪૧ રેલવે-ટ્રેક (પાટા) અને નીચલા સ્તરમાં ૨૬ ટ્રેક (પાટા)ની જાળ ફેલાયેલી છે. આ સ્ટેશન પરથી રોજની ૫૫૦ રેલગાડીઓ મારફત ૧ લાખ ૮૦ હજાર મુસાફરો મુસાફરી કરે છે. ઇ.સ ૧૯૪૭માં જુલાઈ માસની ૩ જી તારીખે ૨ લાખ ૫૨ હજારથી પણ વધુ મુસાફરોનો વિશ્વવિક્રમ છે. દુનિયાની સૌથી વધુ મુસાફરોની હેરફેર જપાનીઝ નેશનલ રેલેવેઝ કરતી હોવાનું સમર્થન છે. ઇ.સ. ૧૯૮૧માં આ દેશની રેલગાડીઓ મારફત એક જ દિવસે ૧ કરોડ ૮૭ લાખ મુસાફરોએ મુસાફરી કરી હોવાનો વિશ્વવિક્રમ છે. પ્રતિવર્ષ ભૂલકણા પેસેન્જરો સાડા પાંચ લાખ જેટલી છત્રીઓ રેલવે ગાડીમાં ભૂલી જાય છે. મુસાફરો માટેના રેલવે સ્ટેશન પરના મોટા વેઈટિંગ રૂમનો વિક્રમ ચીન દેશના પેકિંગ સ્ટેશનનો છે. આ સ્ટેશનના ૪ વેઈટિંગ રૂમને દુનિયાનો સૌથી વિશાળ વેઈટિંગ રૂમ માનવામાં આવે છે. રેલગાડીની પ્રતીક્ષા કરતા ૧૪ હજાર મુસાફરો સહેલાઈથી સમાઈ શકે તેટલો વિશાળ છે. દુનિયાનું સૌથી મોટું પ્લેટફૉર્મ પશ્ચિમ બંગાળનું ખડગપૂર સ્ટેશનનું મનાય છે. આ પ્લેટફૉર્મની લંબાઈ ૨૭૩૩ ફૂટ જેટલી છે.

સરકારી માલિકીની રેલવેમાં ભારતીય રેલવે દુનિયાની બીજા નંબરની માનવામાં આવે છે. એશિયાનું સૌથી મોટું તંત્ર ધરાવતી આ રેલવે દરરોજ ૧ કરોડ ૧૦ લાખ મુસાફરો અને ૮ લાખ ટન જેટલા માલ-સામાનની હેરફેર કરે છે. દર સેકંડે ભારતમાં ૧ વેગન ભરાય છે. ૧૮ લાખ લોકોને નોકરી, રોજગારી આપતી ભારતીય રેલવે લોકપ્રિય બની રહી છે.

દરરોજ ૨૪ કલાક દરમિયાન ભારતીય રેલવેની ૧૧ હજાર જેટલી રેલગાડી પૃથ્વીની ફરતે ૩૫ પ્રદક્ષિણાઓ થાય તેટલું ૧૪ લાખ કિ. મીટર અંતર દોડે છે. ઇ.સ. ૧૯૫૯-૧૯૫૧ની મુસાફરોની ૧૨૮.૪ કરોડની સંખ્યાએ ઇ.સ. ૧૯૮૫-૧૯૮૬માં ૪૦૦ કરોડનો આંક વટાવી વિક્રમ સર્જેલ છે. માલ-સામાનની હેર-ફેરમાં પણ ભારતીય રેલવેની અનોખી સિદ્ધિ રહી છે. ઇ.સ. ૧૯૫૦માં કરેલી ૭.૩૨ કરોડ ટન માલસામનની હેરફેર વધીને ઇ.સ. ૧૯૮૫-૧૯૮૬ સુધીમાં ૪૦૦ કરોડનો આંક વટાવી ચૂકી છે. લાંબા અંતરની મુસાફરી માટે સામાન્ય વર્ગના મુસાફરો માટે અનેક પ્રકારની સુવિધા આપવામાં આવી છે. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણનાં રાજ્યોના મુસાફરોની સગવડ માટે ખાસ મેઈલ, એક્સપ્રેસ તેમજ સુપરફાસ્ટ રેલગાડીઓ છેલ્લાં બે વર્ષ દરમિયાન નિયમિત દોડી રહી છે. ગુજરાત રાજ્યના મુખ્ય શહેરોને જોડતી જમ્મુતાવી, હાપા (જામનગર), ભોપાલ-રાજકોટ, હાવડા-અમદાવાદ, ત્રિવેન્દ્રમ-રાજકોટની નવી શરૂ થયેલી રેલવે સેવાથી ગુજરાતના હજારો મુસાફરોને શ્રેષ્ઠ પ્રકારની સુવિધા મળી છે. □

બકુલ ત્રિપાઠીની નિર્બંધિકા

રંગોળી

હું નવા વર્ષના દિવસે શુભ સંકલ્પો કરવામાં નિષ્ણાત છું. મને સંકલ્પોની નવાઈ નથી! કેટલાક તો મેં વર્ષોવર્ષ ત્રીસ ત્રીસ ચાલીસ ચાલીસ વાર કર્યા છે. પણ આ વખતે નવો સંકલ્પ કર્યો છે. ૧૯૫૧માં 'કુમારચંદ્રક' મળેલો, નિબંધિકાઓ માટે. આજે નક્કી કર્યું, ૪૦ વર્ષે, કે નિબંધિકા ફરીથી શરૂ કરવી!

બેસતા વર્ષની વહેલી સવાર હતી. વાતાવરણ મંગલમંગલ હતું. હું નિબંધિકા શરૂ કરવાનાં મધુર સ્વપ્નાં રચી રહ્યો હતો. ત્યાં... અચાનક... એકદમ... અણધાર્યું...

'ઓહોહોહો.. કેમ છો બ...કુ...લ.. ભા...ઈ! સાલ મુબારક! સાલ મુબારક!' મારા મિત્ર ધનશ્યામભાઈ વહેલી સવારે ધસી આવ્યા.

'અરે.. અરે... ધનશ્યામભાઈ.. જરા...'

'સાલ મુબારક!... સાલ મુબારક!... ભાભી, સાલ મુબારક...'

'સાલ મુબારક!... પણ... પ્લીઝ... પેલી બાજુથી આવશો? પ્લીઝ...'

'બાપુ! જમાવી જ દો આ વર્ષે તો! લખવા માંડો. દે ધીનાધીન! ભાભી, સાલ મુબારક...'

'પણ ધ.. ધ.. ધનશ્યામભાઈ... પ્લીઝ... સાથિયો! ઓહ!'

'શું થયું? શું થયું? કંઈ તબિયત...?'

'ના! સાથિયો!'

'ઓહ! સાથિયો છે? મેં તો જોયો જ નહિ! ઓહ!... પણ બાજુએ ભૂંસાયો છે! કોણે ભૂંસ્યો?'

'તમે, ધનશ્યામભાઈ!'

'મેં?'

'તમે રાજધાની એક્સપ્રેસની ઝડપે ધૂસી આવ્યા... આઈ મીન ધસી આવ્યા... એટલે કે આવ્યા...'

'અહં! તે સાથિયો વચ્ચે આવ્યો...'

'મેં તમને ચેતવ્યા... પણ તમે સાલ મુબારકના ઉત્સાહમાં...'

'ચાલો, વાંધો નહીં, જરાક બાજુએથી ભૂંસાયો છે ને?'

'હા, પણ... રાત્રે અમે બધાએ મળીને...'

'એમ? બાકી આજકાલ કોઈ સાથિયા જાતે કરતું નથી. ના રહેવાતું હોય તો પ્લાસ્ટિકના લાવી દેવા, મારા ભાઈ! ફક્ત ચિટકાડી જ દેવાના ફટાફટ! હીહીહીહી, પછી પંચાત નહીં! ચાલો સાલ મુબારક ફરીથી... ઘણા જ ઘણા સાલમુબારક... અને ભાભીને લઈને પછી આવો સાંજે... આજે... કાલે... આવજો ખરા...'

'સાકર...'

'હો હો! એ તો આજે લેવી જ પડે! નાસ્તા માટે પછી આવીશ હોં! ચાલો આવજો. હજી છેક ભૂયંગદેવ જવાનું છે... આવજો... સાલ મુબારક! ભાભી... આ સાલ મુબારક તમને હોં... આણે તો મારે ઘેર જાતે આવીને સાલ મુબારક કરી જવું પડશે! હી હી હી ...'

અને ધનશ્યામભાઈ પાછા ફર્યા, દોડ્યા, ધસ્યા... સાથિયાનો બીજો છેડો જે ભૂંસાયો નહોતો તે ભૂંસતા ગયા!

હું પ્રશંસાભેર જોઈ રહ્યો! કેવો ઉત્સાહ છે, આ માણસનો સાલ મુબારક કરવાનો! આવો ઉત્સાહ જો આખા રાષ્ટ્રમાં હોય તો...

'એ મારો સાથિયો ભૂંસી ગયો!' 'ભાભી' બબડતાં હતાં!

'એ તો જરા વધારે પડતા ઉત્સાહથી ધસી આવ્યાને...' મેં આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો.

'બે વાર ભૂંસ્યો!'

'એ તો એક વાર આવવાનું એક વાર જવાનું એટલે બે વાર જ ભૂંસી શકે ને? જો સાંજે ફરીથી એમના વાઈફ સાથે આવશે...'

'ઓહ! નો! પ્લીઝ... ભગવાન બચાવે.'

'તું પથ્થરહૃદયી છે!' હું પવિત્ર રીતે જરા...ક ચિઢાયો. શું મનુષ્ય કરતાં સાથિયો વધારે છે? સાથિયાઓ તો આવે ને જાય...'

'મનુષ્યો પણ આવે ને જાય! હું ના નથી કહેતી! પણ મનુષ્યોએ આવતાં અને જતાં સાથિયા ભૂંસવા જ પડે એવું કોણે કહ્યું? એવી તે શી મોટી ધાડ પડી'તી...'

'ધાડ પડવા કે પાડવાનો સવાલ નથી' મેં કહ્યું. દિવાળીમાં લોકો ધાડ નથી પાડતા... જો કે કેટલાક પાડે છે પણ તે તો રાત્રે જ, અને દૂરના વિસ્તારના ફ્લેટોમાં-બંગલામાં... પણ મોટા ભાગના લોકો ધાડ નથી પાડતા, તેઓ સ્નેહ દર્શાવે છે, શુભેચ્છા પાઠવે છે, સાલ મુબારક શબ્દો દ્વારા એ લોકો પ્રેમથી સૂચવવા માંગે છે કે...'

'મારી તો સાલ બરાબરની મુબારક થઈ ગઈ!'

'પણ એમની તો સુધરી ગઈને! ધનશ્યામભાઈની! યાદ છે? ગયાના આગલા વર્ષે પણ એમનાથી આપણો સાથિયો ભૂંસાઈ ગયો હતો! ગયે વર્ષે આપણો વારો નહોતો આવ્યો. ક્વોટા ઓછો હશે...'

'બિચ્ચારો!'

'કોણ બિચ્ચારો?'

'મારો સાથિયો! મેં છેક રાત્રે સાડાબાર સુધી જાગીને કરેલો!'

'ધનશ્યામભાઈએ કહ્યું તે સાંભળ્યું?'

'શું?'

' કે હવે સાથિયાની ફેશન નથી રહી!' હવે લોકો સાથિયા કરવામાં વખત બગાડતા નથી.

'હું તો સાથિયો કરવાની જ.'

'ધનશ્યામભાઈએ ઉત્તમ માર્ગ સૂચવ્યો છે કે બજારમાંથી પ્લાસ્ટિકના સાથિયા લાવી દેવાના અને ફટાફટ ચિટકાડી દેવાના'

'સાથિયો કરવો, ચિતરવો, રંગ પૂરવા એ એક કળા છે...'

'તો સાથિયો ભૂંસવો એ પણ એક કળા છે!' મેં સમજાવ્યું. 'આજે ધનશ્યામભાઈ સિવાય કેટલા માણસો રહ્યા આપણે ત્યાં કે જે સાથિયા ભૂંસી શકે છે ! આટલી વહેલી સવારે આવી પડવું. પગ પાસેનો સાથિયો ન જોવો અને બારણામાંથી ઘરમાં જ મુબારક કરવા ધસી જવું. એ ક્રિયા વિશિષ્ટ શક્તિ માગી લે છે...'

'મારે નથી જોઈતી હવે શક્તિ!'

'તને મળે એમ પણ નથી! આને માટે તો સાધના કરવી પડે! તું જાણે છે? ધનશ્યામભાઈ આજે વર્ષોથી સાથિયા ભૂંસતા આવ્યા છે...'

'આપણે ત્યાં આગલા વર્ષે...'

'તે વખતે એ કેટલા વાગ્યે આવેલા?'

'બહુ વહેલા - લગભગ છએક વાગ્યે તો સાલ મુબારક સાલ મુબારક કરતા ધસી આવેલા.'

'આ વખતે એ મનુષ્યે પોતાની સાધનાની સપાટી ઊંચી લીધી! આ વખતે એ સાડા પાંચે આવીને સાલ મુબારક કહી ગયા...'

'અને સાથિયો ભૂંસી ગયા'

'અંધારામાં દેખાય ઓછું એ ખાસ ફાયદો....'

'બે વાર...'

'શું બે વાર?'

'મારો સાથિયો ભૂંસી ગયા!'

'તું સમજ...'

'જતાં અને આવતાં! બે વાર! મને આ આખું વર્ષ યાદ રહેવાનું! મારાથી નહીં ભુલાય કે રાત્રે એક વાગ્યા સુધી જાગીને...'

'હમણાં તે સાડાબાર કહેલા!'

'એ સવાલ નથી, રાત્રે મોડે સુધી જાગીને માણસ મહેનતપૂર્વક સાથિયા [illegible]...

અને માણસ વહેલી સવારે આવીને સાલ મુબારક સાલ મુબારક કરતું [illegible] ઉમંગભેર એ ભૂંસી જાય...'

'સૃષ્ટિનો આ જ ક્રમ છે! દેવી! જીવન બધું ચક્રાકારે ચાલે છે! સર્જન અને વિસર્જન! વિસર્જન વિના સર્જન જોયું છે? અને એ પણ ન ભૂલીએ કે દરેક વિસર્જનની પાછળ નવસર્જન આવતું જ હોય છે.'

*

પણ... આવી સારી વાત પણ કોણ સાંભળે છે આપણી? શ્રોતા ગાયબ!

મારું ચિંતન ચાલ્યા કર્યું!

શું કરીએ? બહાર પાટિયું મારીએ? કે...'બેસતા વર્ષની વહેલી સવારે સાથિયો ભૂંસવાની મનાઈ છે?' કે કૂતરો પાળીએ?

નોટિસ મૂકી શકાય કે 'ચેતવણી : સાથિયો ભૂંસનાર પર કાયદેસર કામ ચલાવવામાં આવશે!'

પણ એ નોટિસ પર પાછું લાઈટ રાખવું પડે. જોરદાર! નહીં તો બેસતા વર્ષે વહેલી સવારે દેખાય નહીં!

સાથિયાના રક્ષણ માટે કૂતરો પણ પાળી શકાય?

પણ કૂતરો જ આમતેમ દોડતાં સાથિયો ભૂંસી નાખે તો? કૂતરાનું જોખમ એ પણ ખરું કે એ કોઈને કરડી બેસે તો?

બેસતા વર્ષે કોઈને કૂતરું તો કરડાવાય જ નહીંને?

અને એમાંય પાછો ભીષણ અન્યાય થવાનો! કૂતરો તો દરવાજામાંથી આવનારને વેળાસર કરડી લેવાનો, એટલે પછી એ શહીદને સાથિયો ભૂંસવાનો તો વખત જ નહીં મળવાનો! એટલે નિર્દોષો માર્યા જવાના!

તો કૂતરો તો ન પળાય.

એક વિચાર છે, આવતે વર્ષે હું સવારે પાંચ વાગ્યે ઘરના દરવાજા બહાર ખુરશી નાખીને બેસીશ અને ધનશ્યામભાઈ આવશે ત્યારે પ્રેમના 'ડિફેન્સ' ને બદલે પ્રેમના 'એટેક'ની નીતિ રાખીને એમને જોતાં જ સાલ મુબારક કરીને ભેટી પડીશ. એ રીતે એમને 'સાલ મુબારક ભાભીઈઈઈઈ' કરતા ધસી આવતા અટકાવી શકાશે. પછી એમને સંભાળીને દોરીને બાજુએ થઈને ઘરમાં લાવી દઈ શકાશે.

બસ, આવતા વર્ષે સાડા ચારે ઊઠી જવાનો આજથી જ સંકલ્પ.

પણ ઓહ! પાછા ફરતાં એમનાથી સાથિયો ભૂંસાઈ જશે ભૂલમાં... તો ઓ ઓ ઓ?

મિત્રો, સંસાર છે, સાથિયા છે, બેસતા વર્ષના સાલમુબારકો છે, ધનશ્યામભાઈઓ છે, અને ઉત્સાહ છે... અને 'ભાભી'ઓ પણ છે...

ખાસ કશાનો કોઈ ઉપાય નથી, ઉકેલ નથી.

હસતા રહેવું.

અને ઉમંગ-ઉત્સાહથી આગળ વધવું....

આવતે વર્ષે.... જોજો... 'ભાભી'ઓ ઉત્સાહથી સાથિયા ફરીથી કરશે જ. એક 'ભાભી' તો કરશે જ! મારી અચલ અને ઊંડી શ્રદ્ધા છે!

અને આવતે વર્ષે ધનશ્યામભાઈઓ વહેલી સવારે 'સાલ મુબારક સાલ મુબારક' કરતા ધસી આવશે જ, એક ધનશ્યામભાઈ તો આવશે જ! ખરી શ્રદ્ધા છે, ઉત્સવ અદ્‌ભુત છે, અનંત છે, એની રચાની રંગોળીઓ સાથે, એની ભૂંસાની રંગોળી સાથે. □

અડકો દડકો

ઢીચકુએ બિલ્લી ભગાડી

એક દિવસ ઢીચકુ અને પિન્ચુ ઝાડ પર બેઠા ગપસપ કરતાં હતાં. ક્યારેક ગાતાં ને ક્યારેક જોક્સ કહેતાં બેઠાં હતાં.

એટલામાં બિલ્લી રાક્ષસણી નીચે બાગની વાડમાં દેખાઈ. મ્યાંઉ...મ્યાંઉ.. કરતી ચકળવકળ આંખે જોવા લાગી.

બુલબુલની નજર તેના પર પડી.

કહે, 'જો પેલી...બિલ્લી...ખતરનાક હોય છે એ. એના હાથમાં સપડાઈએ તો ખલાસ... પરધામ પહોંચાડી દે... !'

ઢીચકુ કહે, 'ઓહ... એમ વાત છે ? ચાલ, એની ગમ્મત કરું ?'

પિન્ચુ બુલબુલ કહે, 'એં એની...ગમ્મત કરવા જતા ફસાઈ જઈએ તો આવી જ બને હં'

ઢીચકુ કહે, 'અરે... દોસ્ત ! તું જોયા કર મજા... એનેય થશે...કોઈ મળ્યું' તું !'

પિન્ચુ કહે, 'ના દોસ્ત ! રહેવા દે ગમ્મત !'

પણ ઢીચકુએ મનમાં ધાર્યું હતું. એ ઊડ્યું. બિલ્લી જ્યાં વાડમાં બેઠી હતી ત્યાં ઝાડ પર જઈ એ બેઠું. ચક ચક ચક કરી બે પાંખ પહોળી કરી, જોરથી હલાવી એકબીજાં સાથે અફળાવી. ફર્ ફર્ ફર્ અવાજ ઊઠ્યો.

બિલ્લી ગભરાઈ. ઉપર જોયું. ઢીચકુને જોતાં મોમાં પાણી આવ્યું. 'મ્યાંઉ...' કર્યું.

ઢીચકુ બિલ્લી બેઠી હતી ત્યાંથી થોડે દૂર નીચે એક છોડ પર જઈ બેઠું. ફરી પીંછાંનો ફફડાટ કર્યો ને બંદૂકડી જેવો અવાજ કર્યો. ફટ્ ફટ્ ફટ્

બિલ્લી એને તાકી રહી.

ઢીચકુ લોન પર કૂદ્યું. સભાન અને હોશિયાર રહી નાચવા-કૂદવા લાગ્યું. વચ્ચે પાંખોની બંદૂકડીયે ફોડી લેતું - ફટ્. પછી ગાવા લાગ્યું :

બિલ્લી રે બિલ્લી
તું તો છું બાઘી,
'ફટ્' ફોડું બંદુકડી
જાય તું ભાગી.
પૂંછ તારી વાંકી
માંજરી છે આંખ,
મારે છે એવી
ક્યાં છે તને પાંખ ?
બિલ્લી રે બિલ્લી
તું તો છે બાઘી!

આ સાંભળી બિલ્લીબહેન ચિઢાયાં. લાગ જોઈ ઢીચકુ પર કૂદ્યાં. ઢીચકુ તો ઊંચે ઊડ્યું ફરરર્. ને અથડાયા બારીમાં. બારીનો તૂટ્યો કાચ. બિલ્લીબહેનને વાગ્યું. એનો અવાજ થતાં એ ઘરનો માલિક દાઢી કરતો કરતો આયના સાથે જ ધસી આવ્યો બહાર. બારી તૂટેલી જોઈ ગુસ્સો ચઢ્યો ને દીવાલને અઢેલી બેઠેલી બિલ્લી પર ઘા કર્યો આયનાનો. બિલ્લીબહેન કૂદી ગયાં. ગભરાટમાં વાડમાં ઘૂસ્યાં. વાડ હતી તારની તેના પર વેલા ચડેલા હતા. તે બિલ્લીબહેનના પગે ભરાઈ ગયા. મ્યાંઉ... મ્યાંઉ કરી દીધું. ઢીચકુ ત્યાં ઊડી આવ્યું. પાંખોની બંદૂકડી ફટ્ ફોડવા લાગ્યું. બિલ્લીબહેને બેત્રણ ઝટકા માર્યા ત્યારે માંડ પગ નીકળ્યો.

પિન્ચુ અને ઢીચકુને ખૂબ હસવું આવ્યું.

જતાં જતાં બિલ્લીબહેન બન્નેને જોઈ બોલ્યાં, 'જો જો તમારી વાત છે. તમારી ચટ્ ચટણી ના કરું તો મારું નામ ઝુમ્મા બિલ્લી નહીં... હાં...'

ઢીચકુ તરાપ મારતું ઊડ્યું. પાંખોની બંદૂકડી ફોડી ફટ્ ને બોલ્યું ધડામ !

બિલ્લી તો ગુસ્સામાં નાઠી... નાઠી તે પડી કાદવવાળા ખબોચિયામાં. માંડ બહાર નીકળી. આખું શરીર કાદવથી ખરડાઈ ગયેલું. ત્યાં રમતાં બેત્રણ ગલૂડિયાંઓએ આ જોયું... એ તો 'ભૂત.. ભૂત... ભૂત...!' કરી દોડ્યાં.

ગલૂડિયાંની બૂમ સાંભળી એમની મા બાંડી કૂતરી તરત ધસી આવી. એ બિલ્લીની પાછળ વાઉ વાઉ વાઉ કરતી દોડી. બિલ્લી તો જાય નાઠી... જાય નાઠી...

આ તરફ પિન્ચુ અને ઢીચકુ એક ઝાડ પર રોકાયાં.

પિન્ચુ કહે, 'વાહ દોસ્ત ઢીચકુ ! શી તારી હિંમત! વાહ! બિલ્લીને બરાબર પાઠ ભણાવ્યો. ચાલ ઘેર... આરામ કરીશું...'

'ઘર' શબ્દ સાંભળતાં જ ઢીચકુને પોતાનું ઘર યાદ આવ્યું.

ઢીચકીબહેન પણ યાદ આવ્યાં.

ઢીચકુ કહે, 'મારી બહેન ઢીચકી શું કરતી હશે ? અરે, હું તો સાવ ભૂલી જ ગયું... લે ચાલ... ફરી મળીશું.'

ઢીચકુ ને પિન્ચુ ઘર તરફ ઊડ્યાં.

(ક્રમશઃ)

- યોસેફ મેકવાન

કલાવાર્તા

શાતાદાયક સાદગીભર્યાં ભાતીગળ ચિત્રોનો સર્જક

હાંરી માતીસ

જેને જોતાં માનસિક સુખ અને શાંતિ અનુભવાય એવાં મધુર ચિત્રોના સર્જક ફ્રેંચ કલાકાર હાંરી માતિસ આ યુગની નવતર કલાના એક અગ્રચારી હતા. એમનાં ચિત્રોમાં રંગોની કોઈ એવી શાંત ભભક અને ભાતગૂંથણી કે એમાંથી ભલે કોઈ ભવ્ય સંદેશ ન મળે, પણ એ જોતાં થાકેલી આંખ અને વ્યગ્ર મન એક પ્રકારની પ્રસન્નતા અને આરામ પામે. અને એમનો ઉદ્દેશ પણ પોતાના કલાસર્જન દ્વારા થાકેલા-કંટાળેલા લોકોને શાતા આપવાનો જ હતો. 'મોર્ડન' કહેવાતી આધુનિક ચિત્રકૃતિઓ સમજવા-માણવામાં ક્યારેક મુશ્કેલી અનુભવાય છે. તેના બદલે એમનાં ચિત્રોની પ્રશાંત રંગાવટ અને સ્વસ્થ સંયોજના જોનારને જકડી રાખી એક પ્રકારનો આહ્લાદ આપે છે. ચિત્રસર્જનની આ તાઝગી એમણે જીવનભર ટકાવી રાખી હતી.




હાંરી માતીસે કરેલી પોતાની એક છબી


ઉત્તર ફ્રાંસમાં લ કાતો મુકામે ઇ. ૧૮૬૯ની ૩૧ ડિસેમ્બરે એમનો જન્મ. હાંરી એમિલ બેનોલ્ત માતીસ એ એમનું પૂરું નામ. પિતા અનાજના વેપારી હતા અને માતા ચિત્રકામનાં વ્યાસંગી. ફુરસદના વખતે માતાને ચીતરતી જોઈ નાનપણથી જ એમના મન પર તેની અવ્યક્ત અસર તો હતી જ, અને વીસ વર્ષની વયે એપેન્ડિસાઈટિસની તકલીફ પછીના આરામ દરમિયાન 'ચીતરતાં કેમ શીખવું' એ માટેની એક ચોપડી હાથ ચડતાં મન પરના પેલા બચપણના સંસ્કારોએ જોર કર્યું ને એમણે રંગ અને પીંછી હાથ ધર્યાં. એ પછી એનું જે પરિણામ આવ્યું તે ત્યાર પછીના લગભગ સાડા છ દાયકા સુધી દુનિયાએ જોયું અને માણ્યું. પણ ચિત્રકામને અપનાવ્યા પહેલાં એ એક સૉલિસિટરના દફતરમાં કામ કરતા હતા. ચીતરવાની રઢ લાગ્યા પછી પ્રથમ તો ચિત્રકળાના સાંજના વર્ગોમાં જોડાયા અને પછી પિતાની સંમતિ મેળવી પેરીસ જઈ ત્યાંની કલાશાળાઓમાં શિક્ષણ લઈ ગુસ્તાવ મોરોના સ્ટૂડિઓમાં જોડાયા, અને ગુરુની સલાહ પ્રમાણે કુદરત અને ઉસ્તાદ કલાકારોની કૃતિઓના ઊંડા અભ્યાસ માટે પ્રકૃતિનાં અનેક આલેખનો કરવા સાથે લુવ્રના સંગ્રહાલયમાં જઈ ત્યાંની વિખ્યાત ચિત્રકૃતિઓની સંખ્યાબંધ નકલ કરી. આ કામ એમના નિર્વાહનું એક સાધન પણ હતું. ૧૮૯૬માં એમનાં ચાર ચિત્રો પ્રદર્શિત થયાં, જેમાંનાં બે તો વેચાઈ પણ ગયાં. ૧૮૯૮માં એમણે લગ્ન કર્યું. લંડન જઈ ટર્નરનાં ચિત્રોનો અભ્યાસ કર્યો અને એકાદ વર્ષ કોર્સિકા તથા તૂલોમાં વિતાવ્યું. ૧૯૦૦માં આર્થિક ભીંસ ભોગવવી પડી પણ સાથોસાથ એમણે શિલ્પકામની તાલીમ પણ લેવા માંડી. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે લશ્કરમાં જોડાવા પ્રયત્નો કર્યા પણ તેમાં નાપાસ થયા. ૧૯૨૦માં દીઆઘીલેવના બાલેવૃંદ સાથે લંડન જવાનું થયું ને તે પછી એમણે નોર્મંડીની સફર



પણ કરી. ૧૯૨૪માં એમણે પહેલું શિલ્પ - 'લાર્જ સીટેડ ન્યૂડ' કર્યું.

દરમિયાન ૧૮૯૮માં એણે શેલોં ઑફ નેશનલ સોસાયટી ઑફ ફાઈન આર્ટ્સમાં પોતાની કૃતિઓ પ્રદર્શિત કરી હતી. પરંતુ આરંભનું પરંપરાનુસાર અને સ્થાપિત શૈલીનું ચિત્રકામ છોડી એણે પોતાની ચિત્રાભિવ્યક્તિમાં નવી ખોજ આદરી હતી. આ ખોજ એમની સાહસભરી અને વિજયી કારકિર્દીનો આરંભ હતો. કોઈ પણ દૃશ્ય કે પદાર્થ જોવાથી મન પર જે છાપ પડે એ સ્વપ્નછાય જેવી સાદી છાપ જ ચિત્રમાં ઉતારવાના એક ખ્યાલમાં ફ્રાંસમાં 'ઇમ્પ્રેશનિઝમ' નામે ઓળખાયેલી એક શૈલી ત્યારે વિકસી હતી. ઊગમકાળે તો ફ્રાંસમાં કલાક્ષેત્રે





હાંરી માતીસનું આ ચિત્ર 'હબસી મુક્કાબાજ' નામે ઓળખાય છે, પણ માતીસનો મૂળ ઉદ્દેશ મુક્કાબાજને બતાવવાનો નથી. કાગળ કટાઈની એની આ કૃતિમાં લાલ અને લીલા રંગની ભોંય ઉપર જે કાળો આકાર ચોડ્યો છે તેની વળાંકવાળી બાહ્ય રેખા લડવાને માટે થનગનતા પાત્રના તરવરાટને વ્યકત કરતી હોય તેવી છે અને તેનો કાળો રંગ હબસીની યાદ આપે છે, માટે આ ચિત્રની ઓળખ પૂરતું હબસી મુક્કાબાજ નામ સાર્થક છે. અસલ ખૂબી તો તેના રંગ અને આકારની તદ્દન સાદગીભરી છતાં જીવંત લાગતી રજૂઆતમાં છે. માતીસની કળાની આ એક લાક્ષણિકતા છે.

ઊહાપોહ મચી ગએલો. હાંરી માતીસ ઉપરાંત દરિન, વ્લામિન, બ્રાક, રૂઓલ, ડફી, સગોનઝાગ વગેરે ફ્રેંચ કલાકારો આ શૈલીના અગ્રણી કલાકારો હતા. ૧૯૦૫માં આ કલાકારોનું એક પ્રદર્શન પેરીસમાં ભરાયું. ચાલુ પ્રણાલિકાથી ભિન્ન અને ચિત્રવસ્તુની આબેહૂબતાને છોડીને માત્ર તેના ઘાટઘૂટ અને રંગભભકને લપેડા દ્વારા ચિત્રમાં ઉતારનાર આ કલાકારોને એક કલાવિવેચકે 'ફૉવ' એટલે કે જંગલી પશુઓ જેવા ગણાવેલા. પણ હકીકતે તેમાં જંગલીપણું કશું ન હતું. કુદરત કે વસ્તુઓની ચિત્ત પર પડેલી છાપ તેની ઝીણી વિગતો કે આબેહૂબતા વિનાની, માત્ર રંગ અને રૂપની એક સ્વપ્નછાયા જેવી હોય છે. મનની એ છાપનાં એવાં જ ઘાટ અને રૂપ ચિત્રમાં વ્યક્ત કરવાની એ મથામણ હતી. એમ કરવામાં તેઓ પોતપોતાની જે રીત અજમાવે એ શૈલી પૂરતી એમની વ્યક્તિતા અને એ શૈલીનો આધાર એમની પ્રેરણા પર રહેલો હોય છે.

હાંરી માતીસના પ્રેરણાસ્રોતમાં તો પૂર્વના દેશોની કલાસરવાણીનો પ્રવાહ પણ ભળ્યો હતો. ઇરાની ગાલીચાની ભાતગૂંથણી તથા રંગમેળ અને ઉત્તર આફ્રિકાનાં કુદરતી દૃશ્યોની ભભક એના મનને બહુ જચી ગયાં હતાં. એનાં ચિત્રોમાં એની અસર સ્પષ્ટ દેખાય છે. ઇમ્પ્રેશનિસ્ટ કલાકારોની નરમાશભર્યા આકારો અને રંગોને ઢાંકી દેતા વાતવરણવાળી રજૂઆતના બદલે એમણે રંગછટાને ઉઠાવ આપે તેવી તેજસ્વિતા, આકારની સ્પષ્ટતા અને ઘાટની સાદગી પર ભાર મૂક્યો છે. એનાં 'સ્ટિલ લાઈફ' તથા નિર્વસ્ત્ર પાત્રોનાં ચિત્રોમાં જોરદાર ઘેરા રંગો, જોમભર્યું આલેખન અને આકારોની સાદગી જોવા મળે છે. એનાં ચિત્રોમાં માનવપાત્રો, વૃક્ષવનસ્પતિ કે રાચરચીલું વગેરેની આબેહૂબતા કે કુદરતી છટા ન દેખાતાં ચિત્રમાંની તેની સમગ્ર રજૂઆતની સાદગી અને રંગભરી એક ભાત રચાતી લાગે છે. બાળકોએ કરેલાં ચિત્રો જેવી સરળતા છતાં તેની કૃતિઓમાં રંગ અને ઘાટની પાકટ સમજ જોવા મળે છે. સમગ્ર ચિત્રનું સામંજસ્ય, ભાત અને રંગની ભભકનું ઇરાની ગાલીચા જેવું કાવ્ય એ એનું ધ્યેય છે.

ઇ. ૧૯૧૯ પછી તો એને આંતરરાષ્ટ્રિય ખ્યાતિ મળી ગઈ. ૧૯૨૫માં એને 'કેવેલીઅર ઑફ ધ લીજીઅન ઑફ ઑનર'નું માન મળ્યું. '૪૧માં ગંભીર બિમારી આવી અને બે ઑપરેશન પણ કરવવાં પડ્યાં. '૪૨માં જર્મન શાસિત પેરીસમાં રેડિયો પર બે ઇન્ટરવ્યૂ પ્રસારિત થયા. '૪૬માં એના પર એક દસ્તાવેજી ફિલ્મ બની. '૪૭માં તેને 'કમાન્ડર ઑફ ધ લીજીઅન ઑફ ઑનર'નું માન મળ્યું. '૪૮માં એસેના એક દેવળ માટે સેન્ટ ડોમિનિકનું પાત્ર આલેખ્યું અને વેન્સમાં ડોમિનિકન સાધ્વીઓના રોઝરી ચેપલનું શોભન કર્યું.

એન્ગ્રેવર તરીકે પણ એણે સંખ્યાબંધ કૃતિઓ સર્જી હતી. કેટલાંક કાવ્યગ્રંથોને પણ એણે ચિત્રિત



બિલકુલ ખચકાટ વિનાના પ્રવાહિત લયવાળા હાંરી માતીસની રેખા સામર્થ્યનું દ્યોતક એક આલેખન.

કરેલાં. શિલ્પી તરીકે પણ એનું આગવું સ્થાન હતું. પીંછીના બદલે રંગીન કાગળની કટાઈ કરીને પણ એણે એવી જ રંગભભક અને સાદગીભર્યાં ચિત્રો સર્જ્યાં છે. એની કલા પ્રતિભાના ચરમ અંશો એની આવી કૃતિઓમાં જોવા મળે છે. તે સાથે એક નવા માધ્યમની સફળ અજમાયેશ પણ. જૂની ફ્રેંચ પરંપરામાં મૂળવાળી એની આધુનિક કળામાં સાંપ્રત પ્રયોગશીલતા સાથે પારંપરિક મૂલ્યોનો પડઘો પડે છે. એની કળા ગઈકાલ અને આજની કળાના સેતુ સમાન છે.

થાકેલી આંખ અને મનને શાતા આપનાર ચિત્રકારીના આ ગીતકારનું ફ્રાંસમાં નિસ મુકામે ૧૯૫૪ની ૩ નવેમ્બરે અવસાન થયું. □

કંકાવટી

દુર્ગા ખોટે

સાઠ-સિત્તેર ફીટ લાંબા અને એકાદ-બે મિનિટમાં પૂરાં થઈ જાય તેવાં, વિવિધ ઘટનાઓમાં ગતિશીલ દસ્તાવેજો જેવાં ચલચિત્રોને સ્થાને દાદાસાહેબ ફાળકેએ ૧૯૧૩માં ૩૭૦૦ ફીટ લાંબું 'રાજા હરિશ્ચંદ્ર' નામનું (મૂક) ચલચિત્ર બનાવીને ભારતીય ફિલ્મજગતમાં કથાચિત્રો - ફીચર ફિલ્મ-નો પ્રારંભ કર્યો. એ સમયે સ્ત્રીપાત્ર ભજવવા માટે સ્ત્રી મેળવી શક્યા ન હોઈ 'રાજા હરિશ્ચંદ્ર'માં તારામતીનું પાત્ર સાળુંકે નામના એક પુરુષ અભિનેતાએ ભજવેલું. કાળાંતરે ફિલ્મોમાં અભિનેત્રીઓ પણ પ્રવેશી; પરંતુ સામાજિક સ્તરે લોકોમાં તેમનું સ્થાન માનભર્યું ગણાતું નહિ. ઈ. ૧૯૩૧માં અરદેશર ઈરાનીએ હિંદુસ્તાનની સૌપ્રથમ બોલતી ફિલ્મ 'આલમઆરા' બનાવી. આ ફિલ્મની નાયિકા ઝુબેદા તો સચીનના નવાબની પુત્રી હતી. બાર વર્ષની વયે 'ગુલ-બંકાવલી'માં પાઠ ભજવીને એણે પોતાની કારકિર્દીનો આરંભ કરેલો અને ૩૬ જેટલી મૂગી તથા ૨૦ જેટલી બોલતી ફિલ્મોમાં એણે કામ કરેલું. એની બે બહેનો પણ ફિલ્મક્ષેત્રમાં હતી, અને માતા બેગમ ફાતિમા તો ફિલ્મ ડિરેક્ટર પણ બનેલી. પણ જનસમાજમાં ત્યારે ફિલ્મ-અભિનેત્રીઓ માટે માનવાચક શબ્દ ભાગ્યે જ વપરાતો. પરંતુ કેટલાક ફિલ્મ નિર્માતાઓએ શિષ્ટ અને હેતુલક્ષી ચલચિત્રો આપીને પોતાની આગવી પ્રતિભા અને પ્રતિષ્ઠા મેળવી હતી. કોલ્હાપુર અને પછી પૂણે ગએલી 'પ્રભાત ફિલ્મ કંપની'એ નિ:સંકોચ સપરિવાર જોઈ શકાય તેવાં સ્વચ્છ ચલચિત્રો આપીને આવી પ્રતિષ્ઠા મેળવી હતી. ૧૯૩૨માં વી. શાંતારામ દિગ્દર્શિત મરાઠી ચલચિત્ર 'અયોધ્યા ચા રાજા' રજૂ થયું. પછી તેની હિંદી આવૃત્તિ પણ આવી. રાજા હરિશ્ચંદ્રની જ એ કથા હતી અને તેમાં તારામતીની ભૂમિકા ભજવી હતી દુર્ગા ખોટેએ. ફિલ્મક્ષેત્રે ભદ્ર સ્ત્રી કલાકારનો એ પ્રથમ પ્રવેશ હતો. ભદ્ર અભિનેત્રી તરીકે આરંભથી જ એણે સમાજમાં માનભર્યું સ્થાન મેળવ્યું હતું.

આમ તો પહેલાં થોડી મૂગી ફિલ્મોમાં પણ કામ કરેલું, પરંતુ બોલતી ફિલ્મો બનવા માંડતાં પ્રભાવક રીતે સંવાદો બોલવાની મુશ્કેલી કે ગાવાની અશક્તિને કારણે મૂગી ફિલ્મોના ઘણા જાણીતા અદાકારો પાછા પડી ગએલા. જ્યારે દુર્ગા ખોટેને આ મુશ્કેલી નડી નહોતી એટલું જ નહિ, કદાચ અભિનય સાથે સંવાદો બોલવાની છટાને લીધે તેમની કારકિર્દીને વધુ બળ મળ્યું હશે.

તારામતીની ભૂમિકા પછી એમણે 'માયા મચ્છિન્દ્ર'માં તેજસ્વિની નાયિકા તરીકે પણ પ્રેક્ષકો પર પોતાનો અદ્‌ભુત પ્રભાવ પડ્યો હતો. તે પછી 'અમર જ્યોતિ' (૧૯૩૬)માં પુરુષોના આધિપત્ય સામે બંડ કરતી એક નારી - સૌદામિનીના પાત્રમાં પણ એમણે ચિરસ્મરણીય અભિનય આપ્યો. આજે યે 'અમર જ્યોતિ'ની યાદ પ્રભાત ફિલ્મ કંપની, વી. શાંતારામ અને ફિલ્મના નાયક ચંદ્રમોહનની સાથે દુર્ગા ખોટેના નામનો એટલો ઝળહળાટ દાખવે છે. 'પાયાચી દાસી' (ચરણોં કી દાસી) ફિલ્મમાં મથુરાકાકી તરીકેની અદાકારી પણ એવી જ જોરદાર હતી. વિચિત્ર રીતે પહેરેલી સાડી, ચાંદી અને પિત્તળનાં ભારેખમ ઘરેણાં, કસીને બાંધેલો અંબોડો, સતત મોમાં રહેતું પાન, વારંવાર થૂંકવાની આદત અને અશિષ્ટ વાક્‌પ્રવાહ સાથેની ઝઘડાખોર સ્ત્રી તરીકેના એમના અભિનયે ગજબની ધાક જમાવી દીધી હતી.

એથી તદ્દન ભિન્ન એવી ભૂમિકા એમણે દિગ્દર્શક દેવકી બોઝની ન્યૂ થીએટર્સની ફિલ્મ 'સીતા'માં ભજવેલી. વાલ્મીકિના આશ્રમમાં રહેલી ત્યક્તા સીતાની ભૂમિકામાં એમણે પતિવિયોગના દુ:ખ, લવકુશના ઉછેરની જવાબદારી, વનમાં વસવાટ છતાં અયોધ્યાની મહારાણીને છાજતું અભિજાત ગાંભીર્ય, ધૈર્ય વગેરેના ભાવદર્શનમાં પોતાની અભિનયક્ષમતાની બધી સૂક્ષ્મતાને સચોટ રીતે પ્રકટ કરી દર્શાવી હતી. 'ભરતમિલાપ'માં દશરથની હઠીલી પટરાણી કૈકેયીની ભૂમિકામાં પણ એમનો અભિનય અત્યંત પ્રભાવક રહ્યો હતો. આવું જ જોરદાર પાત્ર ભજવ્યું એમણે 'પૃથ્વીવલ્લભ'માં મૃણાલનું. ૧૯૩૦-'૪૦ના દાયકામાં જોરદાર અભિનયને કારણે એ 'બોલ્ડ વૂમન' તરીકે ઓળખાતાં હતાં.

આ પછી ફિલ્મોમાં સામાજિક કથાનકોનો પ્રવાહ વહેતો થયો, અને એમને ભાગે મા, માસી, કાકી, દાદી જેવાં પાત્રો ભજવવાનાં આવ્યાં. પરંતુ એવી ભૂમિકાઓમાં પણ એમણે પોતાની અભિનયક્ષમતાને જરા પણ ઘટવા દીધી નહોતી. રાજકપૂરની ફિલ્મ 'બોબી'માં ગોવાનિઝ આયા તરીકેની તેમજ 'બિદાઈ'માં વૃદ્ધ દાદીમાની એમની ભૂમિકા એવી જ પ્રશંસનીય રહી હતી. 'બિદાઈ'માં દાદીમાના એમના અભિનય માટે એમને 'ફિલ્મ ફેર એવોર્ડ' પણ મળ્યો. પરંતુ એમના પોતાના મતે તો એમની સર્વોપરી ભૂમિકા 'મુગલે આઝમ'માં રાણી જોધાબાઈની હતી. એક યા બીજા કારણે અનેક મુસિબતો વચ્ચે લગભગ આઠ વર્ષે એ ફિલ્મ પૂરી થઈ હતી. છતાં એમણે પોતાના જાજરમાન અભિનયની તાજગી એક સરખી જાળવી રાખી હતી. ૧૯૭૬માં એમણે સુભાષ ઘાઈની ફિલ્મ 'કર્ઝ'માં કામ કર્યા પછી અભિનયક્ષેત્રમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. પણ ફિલ્મઉદ્યોગના ક્ષેત્ર સાથેનો સંબંધ જાળવી રાખેલો. દુર્ગા ખોટે પ્રોડક્શનના નેજા તળે એમણે ટેલિવિઝન માટે 'વાગલે કી દુનિયા' નામની એક સિરીઅલ પણ બનાવી હતી.

લગભગ ૩૦૦ થી વધુ ફિલ્મોમાં એમણે કામ કરેલું અને એમાંની ઘણી ફિલ્મોએ સારી એવી ખ્યાતિ મેળવી હતી. ફિલ્મના અભિનયક્ષેત્રે એમની ઉજ્જવળ કારકિર્દીને ૧૯૮૩માં 'દાદસાહેબ ફાળકે' એવોર્ડ દ્વારા નવાજવામાં આવેલી. ફિલ્મ-જગતમાં પોતાની અભિનયક્ષમતા વડે લગભગ અર્ધી સદી સુધી છવાઈ રહેનાર દુર્ગા ખોટેનું ગયા સપ્ટેમ્બરની ૨૨મી તારીખે ૮૬ વર્ષની વયે અવસાન થતાં હિન્દી ફિલ્મોમાં તારામતી, સૌદામિની, મથુરાકાકી, સીતા, મૃણાલ કે રાણી જોધાબાઈ જેવાં સ્ત્રી-પાત્રો જોવા કદાચ બહુ લાંબા સમય સુધી રાહ જોવી રહી. □

ચહેરાની માવજત

- પલાળીને છાલ ઉતારી લીધેલી બે બદામને બે ચમચા દૂધ, એકાદ ચમચી ગાજરનો રસ તથા નારંગીના રસ સાથે બરાબર પીસીને બનાવેલા લેપથી ચહેરા પરનાં ચકામાં દૂર થઈ તાજગીભર્યો અને તેજસ્વી બને છે.
- તરબૂચનો રસ ત્વચાને ઠંડક આપે છે.
- આંખોની આસપાસનાં કાળાં કુંડાળાં દૂર કરવામાં બટાટાનાં રસનો લેપ ઘણો સહાયક છે.
- સૂર્યતાપથી કાળા પડી ગએલા ચહેરાને ટમેટાનો રસ અને દૂધની મલાઈનું ખૂબ ફીણેલું મિશ્રણ નવું તેજ આપે છે.

અતીતમાં અવગાહન

સ્વસ્થતા

ફાધર વાલેસ

માણસની નજર દોષદર્શી હોય છે. સો પુષ્પોમાં એક કંટક જુએ. સો સદ્‌ગુણોમાં એક અવગુણ કાઢે. બીજાઓનું વર્તન તપાસે ત્યારે બધામાં દોષ જણાય. પોતાના હૃદયમાં જુએ ત્યારે બધે અંધારું દેખાય.

પછી વાતો કરે તે નિરાશાની ને ફરિયાદની. યુવાનોને બગડેલા કહે, અધિકારીઓને સડેલા કહે, ધર્મવાળાઓને ઢોંગી કહે, ધર્મ વિનાનાને નાસ્તિક કહે, અને યુગને કળિયુગ કહે - ને તેનો ખરખરો તેની હાજરીમાં જ કરવા બેસે.

દુનિયામાં ભૂંડું, બુરું ઘણું છે એની ના નથી. માનવહૃદયમાં ઘણા અંધારા ખૂણાઓ છે એની ના નથી. પણ ફક્ત એ અંધારા ખૂણાઓ ને ભૂંડાઈએ ને એ બૂરાઈ જોવાની વૃત્તિ તો વિપરીત જ છે. એમાં દુનિયાનો અવિશ્વાસ છે, માણસનો અનાદર છે - અને એ સૃષ્ટિની યોજના ને એ માનવીનું હૃદય ઘડનાર ઈશ્વરનું અપમાન છે. એ દૃષ્ટિ સ્વસ્થ ને નિરામય નથી.

એક સ્ત્રી ડૉક્ટર પાસેથી આ પ્રસંગ સાંભળેલો. ડૉક્ટર થયા પછી તે પરણ્યાં હતાં, એટલે બાળસ્વાસ્થ્યનું જ્ઞાન ને તાલીમ એમની પાસે હતાં. તેથી એને પહેલું બાળક આવ્યું ત્યારે તેને ઉત્તમ રીતે ઉછેરવા તે તૈયાર થયાં. પોતે ડૉક્ટર હોઈ પોતાના બાળકની સારામાં સારી સંભાળ લઈ શકશે એ વિચારે એ આનંદ ને સંતોષમાં રહેતાં. પણ બાળક આવ્યું ને પોતાના આખા જ્ઞાન સાથે એ ડૉક્ટર-માતા એની સંભાળ લેવા ગયાં ત્યારે એને ફાળ સાથે ભાન થયું કે બાળકો વિષે હું જાણું છું એ ફક્ત એમના રોગો વિષે જ જાણું છું. એ માંદું પડે તો જ હું એને કામ આવી શકું. પણ એને હવે સાચવવા મારે શું કરવું ? અને પોતાને ઘેર એક વૃદ્ધ અભણ કામવાળી હતી એની પાસેથી એ સરળ બાળ-ઉછેરના પહેલા પાઠ શીખ્યાં.

આપણી પણ એવી જ ભૂલ છે. આપણે પણ માણસની સંભાળ લેવાની વાત કરીએ, જીવનનો ઉછેર-ઘડતર કરવાની વાત કરીએ, ધર્મનો ઉપદેશ આપવાની વાત કરીએ ત્યારે માનવીના રોગો જ લઈને બેસીએ છીએ : આજના યુવાનોમાં શી ઘેલછા છે છોકરાઓમાં શી સ્વચ્છંદિતા છે, સમાજમાં શી ઊણપ છે, નીતિમાં શી શિથિલતા છે વગેરે રોગોની યાદી લઈને બેસીએ, દવાઓની શીશીઓ લઈને બેસીએ, હાથમાં ઈંજેક્શનની સોય લઈને બેસીએ, એટલે માણસો નાસી જાય છે, કારણ કે ઘણાખરાને તો દવાની જરૂર નથી. તંદુરસ્ત યુવાન છે, નીરોગી બાળક છે. એને ખોરાકની જરૂર છે, દવાની નહિ; પ્રોત્સાહનની જરૂર છે. ધમકી ને ભયની નહિ, બધા માણસો દર્દી હોતા નથી; હમેશાં તો નહિ જ.

ધર્મની વાત લઈએ. એ પણ નરવું બાળક ઉછેરવાની વાત છે; માંદા બાળકની દવા કરવાની વાત નથી. ડૉક્ટરનું જ્ઞાન તો સારું છે, એની સલાહ લેવી જોઈએ, અને વખતે એની સેવા પણ માંગવી પડે; પણ વિશેષ જરૂર છે માતાની હૂંફની ને સૂઝની. તે વિના બાળક ખીલશે નહિ. ચેતવણી ને નિષેધની વાતો વિશેષ જોઈએ. પાપ ને પ્રાયશ્ચિત્તની વાત યોગ્ય છે, ઉચિત છે; પણ સદાચાર ને ઘડતર, પુણ્ય ને શ્રદ્ધાની વાત વધારે જરૂરી છે. ધર્મ એ રોજનો ખોરાક છે; માંદગીના સમયની દવા નથી; જીવનની હવા છે, રસાયણશાળાનો વાયુ નથી.

માણસ ફક્ત અપરાધ કરે ત્યારે જ ભગવાનને સંભારે તો ભગવાનને કેટલું ખોટું લાગતું હશે ! 'મારી પાસે આવ્યો એટલે કાં તો ભીડમાં હશે કે વાંકમાં હશે' એમ એને કહેવું પડે તો એ કેટલા દુઃખની વાત કહેવાય ! ભગવાન એ કોઈ પોલીસ નથી જેની પાસે ગુનો જ લઈને જવાય. એ આત્મીય જન છે, સખા છે, પિતા છે; એટલે એની પાસે ખુશાલીની વાતો પણ લઈને જવાય, આનંદની વાતો પણ લઈને જવાય, રોજની મામૂલી વાતો પણ લઈને જવાય. હા ખોટું કરીશું ત્યારે પણ પ્રાયશ્ચિત્ત કરીશું; પણ સારું કરીશું ત્યારે પણ એની પાસે જઈશું. આપણી ફરજ બજાવીશું ત્યારે પણ એની વાત કરવા ભગવાનની પાસે જઈશું, લોકોની મદદ ને સેવા કરીશું ત્યારે જઈશું, લાલસા ને વાસનાને દબાવીને મનને ઠેકાણે રાખવામાં સફળ થઈશું ત્યારે જઈશું અને કંઈ ખાસ કહેવાનું નહિ હોય પણ ખાલી ચરણે બેસીને ભક્તિમય સાન્નિધ્યમાં દિલનો આનંદ માણવો હશે ત્યારે યે જઈશું.

દાખલો નહિ આવડે ત્યારે મદદ લેવા એ શિક્ષકની પાસે જઈશું, ને દાખલો આવડશે ત્યારે એની વધામણી ખાવા પણ એની પાસે જઈશું. નાપાસ થઈશું ત્યારે જઈશું અને પાસ થઈશું ત્યારે પણ જઈશું. રોજનો વ્યવહાર છે, ઘડી ઘડીનો સંબંધ છે. જે રોજ સારા સમાચાર લઈને આવે એને જ પ્રસંગ આવ્યે ખરાબ સમાચાર લઈને આવવાનો અધિકાર છે. કોઈ વાર શરમથી નીચું ઘાલીને આવવું પડશે એ આગાહી છે; માટે હસતું મોં લઈને આવી શકાય ત્યારે પણ આવીએ એટલો વિવેક રાખીએ.

કેટલાક ધર્મમાં કેવળ ઉદાસીનતા ને ગમગીની જુએ છે, કારણ કે પોતે ઉદાસ ને ગમગીન હોય ત્યારે જ તેઓ ધર્મનો વિચાર કરે છે. ધર્મને અપ્રિય વિષય ગણે છે, કારણ કે પોતે કોઈ અપ્રિય કાર્ય કર્યું હોય ત્યારે જ ધર્મનું સ્મરણ થાય છે. 'જેનો ભંગ થાય ત્યારે જ જે યાદ આવે તે ધર્મ' એમ કોઈએ કટાક્ષમાં કહેલું એ ન્યાયે 'જેનો અપરાધ થાય ત્યારે જ જે સાંભરી આવે તે ભગવાન' એમ કહેવું પડે. પણ એ કેવો ભારે અન્યાય કહેવાય! જે અખંડ રહે ત્યારે દિલને અખંડ સંતોષ ને દિવ્ય આનંદ આપતો રહે એ ધર્મ, અને જેના નિત્ય સાન્નિધ્યથી માણસનું જીવન ધન્ય બને એ ભગવાન - એ જ ખરી વ્યાખ્યાઓ છે.

ધર્મ એ આનંદનો વિષય છે, ચિંતાનો કે શોકનો નહિ. ભગવાન એ પ્રેમની મૂર્તિ છે, જુલમની કે ભયની નહિ. નિયમો ખરા, ને બંધનો ખરાં, ને ચેતવણી ખરી ; પણ આ તો એ આનંદ વધારે ટકે ને વધારે ઊંડો ને સાચો થાય એટલા માટે જ છે. પાણી ભરાય માટે બાંધેલી પાળ છે; હૃદય ઊભરાય એ માટે સ્વીકારેલી મર્યાદા છે. પણ ધર્મનો સાચો હેતુ ને ફળ હૃદયનો આનંદ છે. ઈશ્વરનું સાચું સ્વરૂપ પરમાનંદનું છે અને ધર્મ ને ભગવાન આનંદ સ્વરૂપ હોઈ તેની શોધ ને સાધના પણ આનંદની જ સાધના છે. (સળંગ અંક ૫૫૬માંથી)

આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં

તા. ૧૯ (૧૮૬૩) ગુલામોની નાબૂદી અને શાસિતોની અનુમતિ'ના પ્રશ્ન પર ખેડાયેલા અમેરિકન આંતરવિગ્રહમાં ૧૮૬૩ની ૧-૩ જુલાઈએ વૉશિંગ્ટનથી ૭૦ માઈલ દૂર ગેટિસબર્ગ પાસે જે નિર્ણયાત્મક લડાઈમાં ઉત્તર પ્રાંતોએ દક્ષિણનાં રાજ્યો પર છેવટનો વિજય મેળવ્યો, તેમાં થએલી ભયંકર ખુવારીના કારણે એ યુદ્ધભૂમિને 'રાષ્ટ્રીય કબ્રસ્તાન' તરીકે સ્થાપવામાં આવી અને એનો અર્પણવિધિ કરતાં પ્રમુખ અબ્રાહમ લિંકને એક યુગવર્તી વ્યાખ્યાન આપ્યું. 'ગેટિસ બર્ગ વ્યાખ્યાન' તરીકે એ અંગ્રેજી સાહિત્યમાં રત્નસમ વક્તવ્ય ગણાય છે. 'કોઈના યે પ્રત્યે દ્વેષ વિના અને સર્વપ્રત્યે સહૃદય સમભાવ'ની ભાવના પર રચાયેલી અમેરિકન લોકશાહીને બિરદાવતાં માનવતાવાદી લિંકને કહેલું, આ મહાન યુદ્ધભૂમિ પર એ હુતાત્માઓની શાંતિ માટે રચાયેલા નાનકડા અંશ પરથી, એ ભાવનાને પૂર્ણ આદર્શ સાથે અર્પિત થએલાં એમનાં બલિદાનોમાંથી એમના શેષકાર્યની પરિપૂર્ણતાની ઝંખના સાથે વિશ્વાસ વ્યક્ત કરીએ, કે એમની આહુતિ વ્યર્થ નથી ગઈ, કે પરમાત્માના શિરછત્ર નીચે મુક્તિનો નવો જન્મ થશે; કે લોકોની લોકો વડે ચાલતી ને લોકો માટે સરકારનો આ પૃથ્વીતલ પરથી કદી નાશ થવાનો નથી.' □

(સળંગ અંક ૫૯૯ માંથી)

કેમ્બોડિયાનું નૃત્યનાટ્ય રામાયણ • ચન્દ્રવદન મહેતા • સુનીલ કોઠારી

લા ફાયેત એવન્યુમાં બ્રૂકલિન એકેડમી ઓવ મ્યૂઝિક. ત્યાં પ્રતિ વર્ષ મૅડમ નીનોન યલાઁ કાર્લવિસ 'આફ્રો-એશિયન ફેસ્ટિવલ' યોજે.* આ ફેરા તેમણે કેમ્બોડિયાના ક્લાસિકલ ખ્મેર બાલેને નિમંત્રણ આપેલું. છેલ્લે દિવસે ભારતના ડાગર બંધુઓના સંગીતનું આયોજન પણ કરેલું. તે ઉપરાંત, સિંગાલિસના નેશનલ ડાન્સ કંપની, મૉરોક્કો અને ઇરાનના અંગકસરતના પ્રયોગો બતાવનારને તેમજ આફ્રિકામાં વાયવ્ય ખૂણે આવેલા સીએરા-લીઓનના નર્તકોને પણ નિમંત્રેલા. તેમાંથી મને કંબોડિયાનાં નૃત્યો તથા રામાયણના કેટલાક અંશો જોવાની તક મળી.

કોપનહેગનમાં પ્રોફેસર મોગેન્સ હોલેસ્ટેડે નોમપેન્હના રાજમેહલના નર્તક દળની સ્લાઈડો બનાવી હતી. વળી કોપનહેગનના નાના થીએટર મ્યૂઝિયમમાં વેશભૂષા ને પોશાકો વગેરે જોએલાં અને અંકોરવાટનાં મંદિરોની દીવાલો પરનાં ભાસ્કર્યોથી તો કોણ પરિચિત ન હોય? એ ભાસ્કર્યોની નૃત્યાંગનાઓ જાણે સદેહે રંગમંચ પર ફરવા લાગી! ઝાકઝમાળ સુવર્ણે પોશાકો, અલંકારો, મુગટો, મણિમેખલાઓ વગેરેથી વિભૂષિત લગભગ પચાસ નર્તક-નર્તકીઓના એ દળે જ્યારે આરંભનું વંદના-નૃત્ય રજૂ કર્યું ત્યારે પ્રેક્ષકો જાણે આ મર્ત્યલોકમાંથી સ્વર્ગમાં જઈ પહોંચ્યાં હોય તેવી ભ્રાંતિ થઈ! ઓહોહો! શી કમનીય હસ્તછટા, હંસાસ્ય મુદ્રા, અંજલિ હસ્ત, ગ્રીવાનાં મંદ ચલનો, પગના ઋજુ ઠેકા! આપણાં શિલ્પોમાં ગરુડપ્લુતમ્ કરણમાં ઊડવાની ક્રિયાના સૂચનરૂપે પગને પાછળ અધ્ધર કરી બે હસ્ત ફેલાવી ઊભા રહેવાના જે સ્થાનનો નાટ્યશાસ્ત્રે ઉલ્લેખ કર્યો છે તે આ નૃત્યોમાં હજી ય પ્રચલિત છે. ભારતની હિંદુ સંસ્કૃતિ કેમ્બોડિયા વગેરે વસાહતોમાં પ્રસર્યાનો, વિકસ્યાનો અને હજી ય અવશેષ રૂપે ટકી રહ્યાનો ઈતિહાસ તો સુવિદિત છે. વળી, રામાયણની પરંપરા ત્યાંની તળભૂમિમાં નિજી સ્વરૂપે જળવાઈ રહી છે. તેની જાળવણીમાં રાજવીઓનો ફાળો પણ નાનો સૂનો નથી. ઉપરાંત, એ નૃત્યોમાં જે વૈભવશાળી રજૂઆત જોઈ શકાય છે તે ઉચ્ચ રસવૃત્તિ, પોશાકોની ઝાકળઝોળ, અલંકારોની વિપુલતા અને મંથર ગતિ વગેરે એ રાજ્યાશ્રયને આભારી છે.

આ બાલેનો ઈતિહાસ લગભગ ૧૪૦૦ વર્ષ જૂનો હોવાનો મનાય છે. આ અપ્સરા-નૃત્યાંગનાઓ આશરે ૯મી શતાબ્દીથી કેમ્બોડિયાની પ્રજાના માનસમાં, હિંદુ સંસ્કૃતિની અનેક કથાઓમાંની અપ્સરાઓ તરીકે વસી ચૂકી હતી. પછી રાજ્યાશ્રય હેઠળ આ નૃત્યકળાની જાળવણી અણીશુદ્ધ રહેવા પામી. છેક હમણાં સુધી આ નૃત્યો માત્ર રાજમહેલમાં જ રજૂ કરવામાં આવતાં. જો કે અગાઉ એકવાર ઇ. ૧૯૦૮માં પારી(સ)માં એક નર્તકદળે આ નૃત્યો રજૂ કરેલાં અને તે જોઈને વિખ્યાત શિલ્પી રોદાં પોકારી ઊઠેલો કે 'માનવીની અવસ્થા આનાથી ઉચ્ચ કક્ષાએ લાવવી અશક્ય છે. આ નૃત્યો દ્વારા, તેની અંગભંગિ દ્વારા આપણે સ્વપ્ને પણ ન દીઠાં હોય તેવાં સનાતન સૌંદર્યો સાકાર થાય છે.' ન્યૂ યૉર્કમાં રજૂ થયાં તે પહેલાં સુરકર્તામાં સર્વપ્રથમ અખિલ વિશ્વ રામાયણ નૃત્ય-સમારોહ યોજાયો એ વેળા આ નર્તકોને પણ ભારતનાં પરંપરા-નૃત્ય જોવાની તક મળી હતી. ત્યાં તેઓ કથકલી તેમજ છાઉ કલાકારોને પણ મળ્યા હતા. એ સમારોહમાં ભાગ લેવા ગએલાં રુકમિણી એરૂંડેલ અને બાલાસરસ્વતીને પણ તેઓ મળ્યા હતા, અને હવે ૧૯૭૪માં ભારતમાં ફરી તેવો નૃત્ય સમારોહ યોજાવાનો છે તેમાં ભાગ લેવા તે આવવાના છે. કાર્યક્રમ પત્યે અમે તેમને મળવા ગયા ત્યારે, રાવણનાં, હનુમાનનાં, રાક્ષસોનાં, વાનરોનાં એમ અનેક મ્હોરાં, પોશાક અલંકારો વગેરે જોવા મળ્યાં. તેમની મુદ્રાઓ, પદચલન વગેરે આપણા જ નૃત્ય-વારસામાંથી ઊતરી આવ્યાં છે તેની તેમણે સુપ્રયોગ સમજૂતી આપી અને અમારો રસ જોઈ અન્ય પ્રયોગ જોવા ફરીથી નિમંત્ર્યા. કેમ્બોડિયા તો જવા મળે ત્યારે ખરું, પણ અહીં ન્યૂ યૉર્કમાં ઘેર બેઠાં ગંગા આવ્યા જેવો મોકો મળતાં મારા આનંદનો પાર ન રહ્યો! બીજા પ્રયોગમાં મણિમેખલાનું નૃત્ય, મકર નૃત્ય, છાયા નૃત્ય વગેરેના પ્રયોગો જોયા.

બ્રૂકલિન એકેડમી ઓફ મ્યૂઝિકની જેમ ન્યૂ યૉર્કનું સિટી સેન્ટર થીએટર એટલે પણ નૃત્ય જગતનો અડ્ડો. વેસ્ટ ૫૫મી સ્ટ્રીટમાં તેનું થીએટર. ત્યાં આજે, અમેરિકન નૃત્ય જગતમાં પોતાની આગવી પ્રતિભા અને ખંતથી તનતોડ મહેનત તથા આ-મરણ નિષ્ઠાથી ડંકો વગાડનાર નૃત્ય સંકલનકાર રૉબર્ટ જ્યોફ્રેની મંડળી આપણને હેરત પમાડે અને કોઈ નવા જ અનુભવોની સૃષ્ટિમાં લઈ જઈ ગતિના નવા જ વ્યાપાર વિનિયોગ બતાવે છે. ઇ. ૧૯૬૮ના માર્ચમાં જ્યોફ્રેએ ચંદ્રલોકની દેવીની પુરાણકથા પર આધુનિક શૈલીમાં 'એસ્તાર્તે' નામે જે બાલે રજૂ કર્યું તેનાથી દુનિયાભરમાં ચકચાર જાગી હતી. નૃત્ય નૃત્ય મટી 'ટોટલ થીએટર'બની રહ્યું! પૂર્વે રોમાન્ટિક બાલેની કથાઓમાં પરીઓની રાણી આવે ને સ્વપ્નસુંદરીઓ આવે; લોકોનો વહાલસોયો રાજકુમાર આવે; બેય સાથે રમે, સાથે હરફરે; કોઈ દાનવ આવી એમને છૂટાં પાડે; વળી દાનવને ડારી તથા હણી રાજકુમાર-રાજકુમારીનું પાણિગ્રહણ કરે ને પછી એ...ય ને બેય જણ ખાય પીએ ને રાજ કરે - સાંપ્રત સમયની ઝલક વગેરે બધું એનાં નવાં નૃત્યોમાં જોવા મળે. ગઈ કાલનાં નવાં વહેણવળાંક આજ જૂનાં થાય, આજનાં ઊગે, પ્રજાનાં મનમાં વસે અને લોકનાડની પકડ જમાવે ત્યાં તો વળી બીજાં અવનવાં ઊભાં થયાં. દિમાગ ને બુદ્ધિ બહેર મારી જાય, ઈન્દ્રિયો નવું અનુભવે અને તેની કળ વળે ત્યાં બીજા અજાણ્યા અનુભવો માટે તૈયાર થવું પડે એવી આ નૃત્ય સૃષ્ટિ ! શક્તિ યૌવન, તનતોડ મહેનત, સંગઠન, નવા કળાકારોનાં ખંત તથા નવું કરવાની તમન્ના, અગોચરના સીમાડા તાગવાની તાલાવેલી બધું અમેરિકાના નર્તકોને, સંકલનકારોને આજે નૃત્ય જગતમાં મોખરાનું સ્થાન અપાવે છે.

'એસ્તાર્તે'માં તો રૉબર્ટ ગજબકારી છે. રંગમંચ પર એક મોટો અનેક ઘાટવાળો પરદો. તેના પર સ્લાઈડ દ્વારા નૃત્ય કરનાર એસ્તાર્તેની ભૂમિકા ભજવતી બાલેરિનાનું અતિકાય દર્શન બતાવાય. બન્ને જણ પુરુષ અને સ્ત્રી નૃત્ય કરે તે જ ગતિ અને ચલનોની રંગીન ફિલ્મ પણ પેલા સ્ક્રીન પર જોવા મળે! તખ્તા પરનાં પાત્રો અને પરદા પરના પ્રોજેક્સનથી એક સાથે બે ગતિ જોતાં આશ્ચર્ય અનુભવાય. ઘણી વાર એ દેવી જાણે પુરુષને ગળી જતી હોય તેવું લાગે. આની સાથે સાઈકોડેલિક પ્રકાશ યોજના, કાન ફાડી નાખે એવું સંગીત, પાંપણ ઉઘાડબંધ કરતાં જોઈએ ત્યારે જેવું દેખાય તેવું બધું રંગમંચ પરનું આ ધમાસાણ! રંગમંચનો પરદો ઊપડે અને આપણને પુરુષ નર્તક ૫૬મી સ્ટ્રીટમાં જતો દેખાય! તે જ ઘટના પાછી ફિલ્મ દ્વારા પેલા પરદા પર પણ બતાવાય. આમ, એક જ સમયે એક ઘટનાનાં બે નિરૂપણો જોતાં આ મલ્ટીમીડિયા એટલે કે એક કરતાં વધુ માધ્યમો દ્વારા રજૂ થતી સમગ્ર-પ્રક્રિયાને નૃત્યમાં વણાતી જોવાથી એક તદ્દન નવો જ અનુભવ થાય. આ નૃત્ય સંકલનકાર (કોરીઓગ્રાફર) તેની કળાની અનેક નવી સરહદો આંબે છે અને પોતાનું 'વિશ્ઝન' પોતાનું આગવું આંતર દર્શન રજૂ કરે છે. (સળંગ અંક ૫૯૧માંથી)

* નવેમ્બરમાં તેમણે મૃણાલિની સારાભાઈ તથા નર્તકવૃંદને નિમંત્રેલાં.

સાહિત્યસંપર્ક

ઈસ્મત ચુગતાઈ



ઉર્દૂમાં બહેનોએ ૧૯મી સદીના અંતિમ દસકામાં નવલકથા લખવાની શરૂ કરી. ૧૯૨૦ સુધી તો સ્ત્રીઓએ રચેલ નવલકથાઓ સારા એવા પ્રમાણમાં ઉપલબ્ધ બની. એ યુગ, સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય અને શૈક્ષણિક દૃષ્ટિએ મુસલમાનો માટે પતનનો યુગ હતો. અજ્ઞાનને કારણે બધી જ બદીઓ મુસ્લિમ સમાજમાં પ્રવર્તમાન હતી.

ધીમે ધીમે સામાજિક સુધારા, રાજકીય જાગૃતિ અને શૈક્ષણિક પ્રગતિ જેવા ઉમદા હેતુઓ માટે સાહિત્યને સાધન તરીકે પ્રયોજવાનો શિરસ્તો પડ્યો. નઝીર અહમદ અને રાશિદુલ ખયરીએ સમાજની અમુક બુનિયાદી ખરાબીઓ ઓળખી. એમને લાગ્યું કે સ્ત્રીઓમાં પરિવર્તન આણ્યા વગર, સમાજનું પરિવર્તન અશક્ય છે. આ હેતુથી એમણે ૧૮૬૯માં 'મિરૂઅતુલ ઉરુસ' નામની એમની પહેલી નવલકથા લખી. એમણે મુખ્યત્વે પોતાની પુત્રીઓને લક્ષમાં રાખીને આ નવલકથા લખી હતી, જેમાં 'અકબરી' અને 'અસગરી' નામના બે પાત્રો નેકી અને બદીના પ્રતીક હતા. ત્યાર બાદ એમણે 'બનાતુન નાઅશ', 'તોબતુન નુસૂહ' અને 'ઈબ્નુલ વક્ત' જેવી નવલકથાઓ સમાજસુધારક તરીકે લખી.

ત્યાર બાદ અલ્લામા રાશિદુલ ખયરીએ સૌપ્રથમ ૧૮૯૪માં 'અહસનો મયમૂના' નામની પ્રેમપ્રધાન નવલકથા લખી, પરંતુ નઝીર અહમદના કહેવાથી અને એમના પ્રભાવ હેઠળ એમણે પણ એક સમાજ-સુધારક તરીકે ૧૮૯૮માં 'સાલેહા' નામની નવલકથા લખી. 'સુબ્હે ઝિંદગી', 'શામે ઝિંદગી' અને 'શબે ઝિંદગી'માં એમણે સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારો વિરુદ્ધ જનમત જાગૃત કરવા પ્રયાસ કર્યો.

ત્યારબાદ સ્ત્રીઓની વકીલાત માટે સ્ત્રી સાહિત્યકારો મેદાનમાં આવી. વીસમી સદીના શરૂઆતના બે દસકામાં આવી સુશિક્ષિત સાહિત્યકાર બહેનોએ, સ્ત્રીઓ ઉપર થતા અત્યાચાર અને જુલ્મની વિરુદ્ધ પોતાનો અવાજ બુલંદ કર્યો. એ સમયે કેટલાંય મેગેઝીન તો માત્ર સ્ત્રીઓ માટે જ પ્રસિદ્ધ થતાં, જેનું સંપાદન પણ સ્ત્રીઓ જ કરતી હતી. ૧૮૯૮માં લાહોરથી 'તહઝીબે નિસવાં' ૧૯૦૬માં અલીગઢથી 'ખાતૂન' અને ૧૯૦૮માં દિલ્હીથી 'ઈસ્મત' નામનાં ઉર્દૂ મેગેઝીન માત્ર બહેનો માટે બહેનોએ બહાર પાડ્યાં. 'તહઝીબે નિસવાં'નાં તંત્રી મોહંમદી બેગમ હતાં. એ મેગેઝીનમાં મોટે ભાગે લખનારી પણ બહેનો હતી.

આવાં મેગેઝીનો, ઉર્દૂ જાણનાર, મધ્યમ વર્ગમાં ખૂબ લોકપ્રિય બન્યાં, એના કારણે થોડીઘણી શિક્ષિત, છતાં પડદામાં રહેતી યુવતીઓમાં લેખન-પ્રવૃત્તિને પ્રોત્સાહન મળ્યું. જલસાઓ અને પ્રવચનોમાં સ્ત્રીઓના અધિકારોની માગણીઓ થવા લાગી. ૧૯૦૬માં અલીગઢમાં 'મદ્સતુન નિસવાં' નામે એક સંસ્થા સ્ત્રીઓની મુક્તિના ઉદ્દેશથી અસ્તિત્વમાં આવી. વીસમી સદીનાં પ્રથમ ૩૦-૩૫ વર્ષ સમાજ-સુધાર અને સ્ત્રીઓનાં શિક્ષણ, મુક્તિ, અને જાગૃતિ જેવા ભાવથી સાહિત્ય રચાયું.

કેટલાક વિવેચકો, મોહંમદી બેગમને પ્રથમ સ્ત્રી નવલકથાકાર માને છે, જ્યારે કેટલાક રશીદતુન નિસા બેગમને, જેમની નવલકથા 'ઈસ્લાહુન નિસા' ૧૮૮૧માં લખાઈ હતી. મિસિસ મોલવી સિરાજુદ્દીન અહમદે 'નાવિલે દફ્ન' નામની પોતાની નવલકથા ક્રમશઃ 'ખાતૂન' નામના સામયિકમાં ૧૯૦૫માં પ્રસિદ્ધ કરી, જેમાં પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓના ગુણોને મિશ્ર રીતે અપનાવવા જણાવ્યું.

ત્યાર બાદ અકબરી બેગમ, નઝર સજ્જાદ હૈદર, અબ્બાસી બેગમ, સુંગરા હુમાયું, બેગમ શાહનવાઝ, ઝિયા બાજી અને તૈયબા બેગમે નવલકથાઓ લખી. સ્ત્રી નવલકથાકારોની નાયિકાઓ નમાજ પણ પઢે છે અને પિઆનો પણ બજાવે છે. અંગ્રેજી પણ બોલે છે અને ઘરકામમાં પારંગત છે. એમનો ઝોક ચારિત્ર્યશીલતા ઉપર હતો.

આ જ અરસામાં એટલે ૧૯૧૬ની આસપાસ ઈસ્મત ચુગતાઈનો જન્મ થયો. એમનો ઉછેર જુદી રીતે થયો, સામાન્ય રીતે મુસ્લિમ છોકરી યુવાન થાય તો એને પડદા પાછળ ધકેલી દેવામાં આવતી. તેના વ્યક્તિત્વનો વિકાસ રૂંધાતો હતો, જ્યારે ઈસ્મત પોતાના ભાઈઓ જોડે ગિલ્લી દંડા, ફુટબોલ અને હોકી રમતાં હતાં. ભણતર પણ ભાઈઓની સોબતમાં પૂરું કર્યું. એમની અંદર દીકરા જેવા ગુણો કેળવાયા, તે મુક્ત રીતે વિચારવા લાગ્યાં. મધ્યમ વર્ગની છોકરીમાં જે લજ્જા અને શરમ હોય છે તે તેમનામાં ન રહી એમ તેઓ પોતે લખે છે.

એવામાં એમના પિતા પેન્શન લઈને આગ્રાના પોતાના પૂર્વજોના મકાનમાં રહેવા જતા રહ્યા. મુક્ત વાતાવરણમાંથી આગ્રાના મોહલ્લાએ પંજએ શાહીના જૂનાપુરાણા મકાનમાં રહેવાનું અને ત્યાંની સાંકડી તંગ અને ગંદી ગલીઓમાં ફરવાનો વારો આવ્યો. તેમનો શ્વાસ રૂંધાવા લાગ્યો. આગ્રાથી યુવાન પણ અર્ધમૂઈ, અને શિખામણોના બોજા હેઠળ કચરાએલ-કરમાએલ છોકરીઓ જોડે તો એમનો મેળ ખાધો જ નહિ, પણ ત્યાંની એ વૃદ્ધાઓ જોડે પણ એમના ઝઘડાઓ થયા જે એમના જેવી એક યુવાન છોકરીને ધાબા ઉપર નિસંકોચ ઊછળતી કૂદતી જોતાં હતાં. એ લોકો એમની મા નુસરત ખાનમને મેણા મારતી હતી અને નચ્છો (એમની માનું હુલામણું નામ) વિવિશ હતાં. આગ્રાની નિષ્પ્રાણ ગલીઓમાં એમને પહેલી વખત છોકરી હોવાનો આઘાત લાગ્યો કે ખુદાએ સ્ત્રીને શા માટે પેદા કરી હશે! તેઓ જોતાં હતાં કે ધોબણ, મેહતરાની અને પડોશની સ્ત્રીઓને એમના પતિ રોજ મારતા હતા. ઈસ્મત દૂઆ કરતાં કે 'હે ખુદા

તું મને છોકરો બનાવી દે. મારે ધાબા ઉપર પતંગ ચગાવવા છે, ગલીઓમાં ગિલ્લીદંડા રમવું છે, વાંદરાઓની પાછળ દોડવું છે.'

પણ થોડાક જ દિવસોમાં ઈસ્મતનું કુટુંબ અલીગઢ જતું રહ્યું. એમનાં માતા, ખાનદાનના લોકો અને ઈસ્મતને આગ્રાના વાતાવરણથી મુક્તિ મળી. ભાઈબહેન વચ્ચે ઝઘડો થાય તો પિતા હંમેશાં ઈસ્મતનો પક્ષ લેતા હતા. તેથી એમના સ્વભાવમાં હઠાગ્રહ અને મમત્વ આવી ગયા.

એમના ભાઈ, અઝીમ ચુગતાઈ પણ ઉર્દૂના જાણીતા લેખક છે. અલીગઢ આવીને, ઈસ્મતના ભણતરની જવાબદારી એમણે લીધી. તે અંગ્રેજી, કુરઆન અને હદીસનું શિક્ષણ આપતા હતા. કોઈપણ એક નવલકથાનાં આઠદસ પાનાં ઉર્દૂમાં અનુવાદ કરાવતા હતા. અનુવાદ કરતા પહેલાં, ઈસ્મતને પૂરી નવલકથા વાંચવી પડતી. એ જ સમયમાં એમને નવલકથા-સાહિત્યમાં ઊંડો રસ જાગ્યો. આખી રાત એ વાંચતા રહેતાં. અઝીમ ચુગતાઈના કહેવા પ્રમાણે, ઈસ્મતે સૌથી વધારે ઊંડો અભ્યાસ હાર્ડીનો કર્યો.

આમ, ઈસ્મતે મેટ્રિક પાસ કરી. એમના ભાઈ અઝીમ ચુગતાઈ જોધપુરમાં વકીલાત કરતા હતા. હવે એમણે પોતાની બહેનને જોધપુર બોલાવી લીધી. તેઓ વકીલાત પણ કરતા હતા અને ટૂંકી વાર્તાઓ પણ ઉર્દૂમાં લખતા હતા. એમણે ભાઈની ટૂંકી વાર્તાઓ વાંચવાનું અને ગુપચુપ વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. હિજાવ ઈસમાઈલ, મજનૂં ગોરખપુરી અને નિયાઝ ફતેહપુરીની ટૂંકી વાર્તાઓ તેઓ ખૂબ વાંચતાં હતાં. હવે તેઓ પોતાને ટૂંકી વાર્તાઓની નાયિકા કલ્પવા લાગ્યાં.

એ પોતે લખે છે કે એમનો શરૂઆતનો નાયક હંમેશાં ડૉક્ટર જ હોય, કેમકે એ જમાનામાં ડૉક્ટર જ એક એવો પુરુષ હતો જે કોઈના પણ ઝનાન-ખાનામાં જઈને સ્ત્રીની નાડ ઉપર હાથ મૂકી શકતો. ડૉક્ટર સુંદર અને આકર્ષક તો હોય જ. પોતે બીમાર પડે તો આખી રાત એમના પડખે બેસીને રડે, અને પોતે મરી જાય તો ડૉક્ટર આત્મહત્યા કરે. શરૂઆતમાં એવી વાર્તાઓ લખીને ફાડી નાખતાં હતાં, કારણ કે તે અશ્લીલ હતી.

કંઈક અશ્લીલ વાક્યો એમના ભાઈ શમીમે વાંચ્યાં અને બોલ્યા 'ક્યાં છે એ ચુડેલ, કેવી ગંદી ગંદી વાતો લખે છે?' ઈસ્મત નહાવા બેઠાં હતાં. જેમ તેમ બાથરૂમમાંથી બહાર આવીને શમીમને બાઝ્યા, કાગળો બાળી નાખ્યા અને કહી દીધું કે એ તો અનુવાદ હતો.

છેવટે એમણે યૌવનના ઉંબરે આવીને ઊભેલી યુવતિઓમાં ઉત્તેજિત થતી કામવાસનાને નિરૂપવાનું અને તેનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ કરવાનું પોતાની ટૂંકી વાર્તાઓમાં શરૂ કર્યું. સ્ત્રીઓના જાતીય વિકાર, તેમના સજાતીય સંબંધો, તેમની જાતીય અતૃપ્તિ વગેરે જેવા વિષયો ઉપર સ્પષ્ટ શબ્દોમાં લખ્યું તેથી એ 'બાગી' અને બંડખોર કહેવાયાં. મુસ્લિમ નવલકથાકારો ધીમી પ્રગતિના સૂર ફૂંકતા હતા. મુસ્લિમ સ્ત્રી નવલકથાકારો સમાજની પકડ સ્ત્રીઓ ઉપર થોડી ઢીલી પડે એ માટે સાવચેતીપૂર્વક ડગલાં માંડતાં હતાં ત્યાં એક યુવાન મુસ્લિમ યુવતી ઈસ્મતે સ્ત્રીઓમાં દાબીને રાખવામાં આવતી સેક્સ ઉપર નિસંકોચ રીતે અને વિગતવાર લખવા માંડ્યું. વાતાવરણમાં ઉત્તેજના આવી. આજથી પચાસ વર્ષ પહેલાં કામોદ્દીપક વાતો અને એ પણ એક યૌવનાના મોઢે ? કેમ ચલાવાય? પણ એમણે જવાબમાં લખ્યું છે 'સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે માત્ર પુરુષો જ ગંદી વાતો કરે છે. એમ નથી, બૈરાંઓ પણ કરે છે. બૈરાંઓ પાસે પ્રમાણમાં સમય વધારે હોય છે. બપોરે મહોલ્લાની સ્ત્રીઓ ભેગી મળીને બેસતી અને અમોને છોકરીઓને બહાર તગેડી મૂકતી,પણ હું સંતાઈને પલંગની નીચેથી એમની બધી વાતો સાંભળતી હતી, એમનો વિષય અનિવાર્ય રીતે સેક્સ જ હતો, પર્દામાં રહેતી બીબીઓ માટે આ વિષય ખૂબ અગત્યનો હતો. મારી ટૂંકી વાર્તાઓમાં એનું જ પ્રતિબિંબ છે, બલ્કે ફોટોગ્રાફી છે.'

એક જગ્યાએ નોંધ્યું છે કે 'મને રડતી કકળતી, હરામના બાળકો જણતી સ્ત્રી પ્રત્યે સખ્ત નફરત છે. પૂર્વની સ્ત્રીઓનાં જેને આભૂષણ માનવામાં આવે છે એ વશ અને એ સદ્‌ગુણો મને તો શ્રાપ જેવા લાગે છે. Sentimentalism મને ખૂબ કંટાળો આવે છે...'

એમણે પોતાની એક માસી વિષે નોંધ્યું છે કે તેઓ યુવતિઓને વારંવાર ઓઢણી સરખી રીતે ઓઢવા માટે વઢતાં હતાં. સ્હેજ ઓઢણી સરકી કે એ તાડૂક્યાં જ હોય ! પૃથક્કરણ કરતાં ઈસ્મતને લાગ્યું કે એમની માસી શારીરિક રીતે નબળાં હતાં અને તેથી યુવતિઓનાં પુષ્ટ શરીરના અંગોને જોઈને ઈર્ષાથી બળી જતાં હતાં.

આ તીવ્ર પ્રતિક્રિયામાંથી જ ઈસ્મતનો ઉદય થયો. એમની ટૂંકી વાર્તાઓ ઉપર અશ્લીલતાનો જે આક્ષેપ કે ટીકા છે તે એક પ્રકારનો પ્રતિકાર છે, પ્રત્યાઘાત છે. ઘરની દાદીઓ, નાનીઓ, માસીઓ અને સંયુક્ત કુટુંબના વડીલોની નૈતિક નાગચૂડનો એ પ્રતિઘોષ છે.

અલીગઢમાં ભણ્યાં અને બી.એ.; બી.ટી. થયાં. ત્યાર બાદ સ્કૂલમાં ઈન્સ્પેક્ટ્રેસ નિમાયાં. આ ગાળામાં એમણે ગ્રીક નાટક, શેક્સપિયર, ઈબ્સન અને બર્નાર્ડ શૉનો ખૂબ અભ્યાસ કર્યો. એમના કહેવા પ્રમાણે 'ફૈસાદી' નામનું એમનું પ્રથમ નાટક એમણે શૉથી પ્રભાવિત થઈને લખ્યું હતું. નાટકની સામગ્રી આસપાસના વાતવરણમાંથી લીધી હતી પણ ઈંટ અને ચૂનો શૉનો હતો. એમની એક સખી અઝરા હૈદર એમને બી.ટી.ના વર્ગમાં બર્નાર્ડ શૉ કહીને પજવતી હતી. તેથી એમણે હવે શૉના પ્રભાવથી મુક્ત થઈને લખવાનું શરૂ કર્યું.

એક જલસામાં બેગમ ભોપાલ પ્રમુખ સ્થાને હતાં અને રશીદા નામનાં એક વક્તા બહેન. ગાત્રો થીજવી દે એવી ઠંડી હતી, બધી બહેનો ગરમ વસ્ત્રોમાં સજજ હતી પણ રશીદા સ્લીવલેસ બ્લાઉઝ પહેરીને આવ્યાં હતાં. એમના વાળ કપાવેલા હતા. વક્તવ્ય વખતે એમણે હૉલની બારી ખોલી નાખવા કહ્યું. રશીદાના વિચારો સામે પણ સભામાં વિરોધનો વંટોળ જન્મ્યો. બેગમ ભોપાલે રશીદાને સખ્ત શબ્દોમાં ઠપકો આપ્યો. પણ ઈસ્મત કહે છે કે મેં એમના એક એક ઉદ્‌ગારને મોતીની જેમ વીણી લીધો. અને ૧૯૩૮માં એમણે 'અંગારે' લખ્યું એની હીરોઈન એ જ રશીદા હતી. એ લખે છે કે માટીમાંથી બનેલી આઝાદ રશીદાએ, આરસ-પહાણમાંથી બનેલી મૂર્તિઓને તોડી નાખી. છતાં ઈસ્મતને એક અફસોસ છે કે તેઓ રશીદાની નિર્ભયતા અને આખાબોલાપણાને તો 'અંગારે'માં વાચા આપી શક્યાં, પણ રશીદાના તીવ્ર અને તેજાબી વ્યક્તિત્વને કાબૂમાં લઈ શક્યાં નહીં.

તેઓ શાહિદ લતીફ જોડે પરણ્યાં. શાહિદને ફિલ્મોમાં ખૂબ રસ હતો. તેઓ મુંબઈ આવતા રહ્યા. ઇસ્મતે નવલકથા-લેખનની શરૂઆત ૧૯૪૧માં 'જિદ્દી' લખીને કરી. શાહિદે 'જિદ્દી' ફિલ્મ પણ બનાવી, જેમાં દેવઆનંદ અને નિમ્મીની મુખ્ય ભૂમિકાઓ હતી.

એ સમયે 'તરક્કી પસંદ તહરીક' એટલે કે પ્રોગ્રેસિવ લેખકોની સાહિત્યના ક્ષેત્રમાં આણ

પ્રવર્તતી હતી. મુંબઈમાં સજ્જાદ ઝહીર એ ચળવળના મુખ્ય સૂત્રધાર હતા. વાલકેશ્વર રોડ ઉપર આવેલા એમના મકાનમાં 'તરક્કી પસંદ' લેખકોની સભાઓ થતી, લેખો વંચાતા, સમીક્ષા થતી. ઇસ્મત પણ એ જૂથ જોડે જોડાયાં, એમાં એ ખૂબ સક્રિય બન્યાં. આ ચળવળ ઉપર કમ્યૂનિસ્ટ વિચારસરણીની પકડ હતી. ઇસ્મતે રૂસ અને ચીનની યાત્રાઓ પણ કરી. એવામાં દેશના કમનસીબ ભાગલા પડ્યા. બધું ઠપ થઈ ગયું. માત્ર વિદ્વત્તાપૂર્ણ ચર્ચાઓ, સામયિકોમાં લેખો, નાટકો કે ટૂંકી વાર્તાઓ પ્રસિદ્ધ થવાથી ઘરખર્ચ નીકળતું નથી એ વાત એમને સમજાઈ. મુંબઈના લેખકો ફિલ્મ-ઉદ્યોગ તરફ વળ્યા. ઇસ્મતે એક ઇન્ટરવ્યૂમાં કહેલું કે મુંબઈ આવ્યા પછી સામ્યવાદી પક્ષ જોડે મારો પનારો પડ્યો. હવે મને રાજકારણ તેમજ અર્થશાસ્ત્રમાં પણ રસ પડવા લાગ્યો. હવે મને લાગ્યું કે સેક્સ અને તેનો વિકાર માત્ર એક વિષય નથી. બીજા ઘણા બધા વિષયો છે. મેં એ વિષયો અને ભૂમિકાની શોધ કરી. મારી નવલકથા 'માસૂમ'માં મેં મુંબઈના વાતાવરણને લક્ષમાં રાખ્યું છે. ફિલ્મ-ઉદ્યોગ સાથેના સંબંધોને લીધે એમણે 'સોને કી ચીડિયા'માં સંવાદો લખ્યા. 'જુનૂન'માં થોડી ભૂમિકા પણ ભજવી.

કોમી હુલ્લડોથી પ્રભાવિત થઈને પણ એમણે કંઈક લખવાનું શરૂ કર્યું; પણ તેઓના પોતાના કથન પ્રમાણે 'ધાની બાકેં' અને 'જડેં'થી સંવેદનશીલતા કંઈ વધારે આગળ વધી નહીં. તેઓ લખે છે કે અત્યાર સુધી એમણે જે વાર્તાઓ લખી હતી એમાં માબાપ તો આવતાં જ નહતાં અને આવતાં તો તદ્દન નકામાં અને બિનજરૂરી પાત્રો તરીકે હતાં. માબાપને સંતાનોના માર્ગમાં તેઓ અવરોધ માનતાં હતાં. પણ મજકૂર બે વાર્તાઓમાં એમણે માની મમતા સ્પર્શી ગઈ.

ઇસ્મત એમની માતાને મળવા જોધપુર ગયાં. બધાં એમને એકલાં મૂકીને પાકિસ્તાન જતાં રહ્યાં હતાં. એમનું મકાન હવે નિર્વાસિતોના કબ્જામાં હતું. એમની માતાને એ જ ઘરની સામેના એક રૂમમાં રહેવાની ફરજ પડી હતી. કલાકો સુધી એમની માતા પોતાના રૂમની બારીમાંથી સામે આવેલ એમનું કસ્ટોડિઅનમાં ગએલ મકાન જોયાં કરતાં હતાં. એમની કેટલી બધી યાદો એની સાથે સંકળાયેલ હતી!

એમના એક ભાઈ અઝીમબેગ ચુગતાઈ હતા. એમણે પણ બીમારીમાં દેહત્યાગ કર્યો. પોતાના ભાઈ ઉપર એમણે એક લેખ 'દોઝખી' નામે લખ્યો, જે 'સાકી'માં છપાયો. એને વાંચીને મન્ટોની બહેન ઇકબાલે પોતાના ભાઈને કહ્યું, 'સઆદત, જુઓ તો ખરા, આ ઇસ્મતને શું થયું છે ? પોતાના મરી ગએલા ભાઈ વિશે આવું લખાય ?' મન્ટોએ જવાબ આપેલો, 'ઇકબાલ, જો તું મારા વિશે આવો જ લેખ લખવાની હોય તો ખુદાની કસમ હું હમણાં જ મરવા તૈયાર છું.'

મન્ટો જોડે, ઇસ્મતની મુલાકાત સૌપ્રથમ ૧૯૪૨માં મુંબઈમાં થઈ. ત્યારથી બંને ખૂબ વગોવાયાં. બંને ઉપર અશ્લીલ સાહિત્ય રચવાનો આક્ષેપ છે. લાહોરની અદાલતમાં બંને ઉપર બિભત્સ સાહિત્ય માટે કેસ થયો. એમને જોવા માનવ મેદની ઊમટી. કંટાળીને ઇસ્મતે મન્ટોને કહ્યું, 'મન્ટોભાઈ, આપણા દર્શનાર્થીઓ ઉપર ટેક્ષ નાખવાની વ્યવસ્થા કરો, કે મુંબઈથી લાહોર સુધીના આવવા-જવાના પૈસા તો નીકળે.'

એમની પ્રખ્યાત નવલકથાઓમાં 'ટેડી લકીર', 'જિદ્દી', 'માસૂમા' અને 'જંગલી કબૂતર'નો સમાવેશ થાય છે. ટૂંકી વાર્તાઓમાં 'લિહાફ', 'કલ્યાં', 'ચોટેં', 'એક બાત', 'દો હાથ', 'ચૌથી કા જોડા', 'તિલ', 'ગેંદા' વગેરેનો સમાવેશ થાય છે. 'ધાની બાકેં' કોમી હુલ્લડો ઉપરનું નાટક છે.

'લિહાફ' અને 'તિલ'ના કારણે વિરોધના વંટોળ ઊભા થયા. ૧૯૪૪માં જ્યારે 'ટેડી લકીર' છપાઈ ત્યારે પણ નૈતિક બંધનોમાં દૃઢ માન્યતા ધરાવતા લોકોને આંચકો લાગ્યો હતો. એની નાયિકા શમન, ઉર્દૂનાં યાદગાર પાત્રોમાંની એક ગણાય છે. તે એક મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક-મનોવૈજ્ઞાનિક નવલકથા છે. ઇસ્મત કહે છે એમણે મનોવિજ્ઞાનના ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો છે અને 'ટેડી લકીર' સામાન્ય જનજીવનથી પ્રભાવિત થઈને લખી છે. એનાં પાત્રો જીવંત છે. એવાં પાત્રો એમણે એમનાં અને એમનાં મિત્રોનાં કુટુંબમાં જોયાં છે. તે ફ્રોઈડના સિદ્ધાંતમાં નથી માનતાં કે દરેક વ્યક્તિ જે કાંઈ કરે છે તેની પાછળ પ્રેરક બળ કેવળ સેક્સ છે; આસપાસના વાતાવરણને પણ લક્ષમાં લેવું જોઈએ.

'માસૂમા' ૧૯૬૧માં પ્રસિદ્ધ થઈ. તેમાં મુંબઈના વાતાવરણને નિરૂપવામાં આવ્યું છે. માસૂમાના પિતા ફોજમાં ઓફિસર હતા. ઉજ્જવળ ભવિષ્યની તલાસ માટે તેઓ પાકિસ્તાન જતા રહે છે. પત્ની અને પોતાની દીકરી માસૂમાને બોલાવી શકતા નથી. એ લોકો મુંબઈ આવીને વસે છે. અહીં તેઓ સ્વાર્થી શેઠીઆ અને ફિલ્મ-ઉદ્યોગના ચારિત્ર્યહીન પણ પ્રખ્યાત લોકોના સંપર્કમાં આવે છે. છેવટે 'માસૂમા' એટલે કે નિર્દોષ છોકરીને તવાયફના કોઠા ઉપર જઈને બેસવું પડે છે.

૧૯૬૪માં સોદાઈ છપાઈ. આ નવલકથા 'બુઝદિલ'ના નામથી ફિલ્મના સ્વરૂપમાં પડદા ઉપર આવી ગઈ હતી.

'અજીબ આદમી' ફિલ્મ જગત અંગે એક લઘુનવલ છે. એનો હીરો, ફિલ્મ-ઉદ્યોગનો એક પ્રખ્યાત ફિલ્મ સ્ટાર છે. એનો કરુણ અંજામ આવે છે, પત્નીનો પ્રેમ પામી શકતો નથી, પ્રેયસી દૂર રહે છે. એવું કહેવાય છે કે ગુરુદત્તના જીવન સાથે આ લઘુનવલના પ્લોટનો સંબંધ છે.

સમીક્ષકોનો એક વર્ગ એમ માને છે કે ઇસ્મત સામાજિક પ્રતિબદ્ધતાનાં લેખિકા છે. દેશના ભાગલા પહેલાંનાં સંયુક્ત સુખી કુટુંબો, ગ્રામ જીવનનાં સાંસ્કૃતિ પાસાંઓનું પ્રતિબિંબ, ભાગલા પછી ઊપસી આવેલ શહેરી જીવન, તેની કૃત્રિમતા અને મૂલ્યોનાં પરિવર્તન અને વિકૃતીકરણ, અમીરી અને ગરીબી વચ્ચે વધતી જતી ખાઈ, સેક્સ ઉપર બિનજરૂરી સામાજિક અને નૈતિક દબાણ, સેક્સનો વિકાર, શિક્ષણનો અભાવ અને સામાજિક અવરોધો આદિ ઇસ્મતના પ્રિય વિષયો છે. વાતવારણના નિરૂપણમાં, પોતાના દૃષ્ટિબિંદુના પ્રસ્થાપનમાં, શબ્દવરણી, રૂઢિપ્રયોગો અને ઇમેજની પસંદગી તેમ જ ટૂંકી વાર્તાની ટેક્નિક ઉપરના પ્રભુત્વને કારણે ઇસ્મતની કલમ યાદગાર બની ગઈ છે.

ઇસ્મત પોતે મધ્યમ વર્ગમાં જન્મ્યાં અને મધ્યમ વર્ગના અને સંયુક્ત કુંટબના પ્રશ્નો વેઠ્યા, અનુભવ્યા અને તેને વાચા આપી. એવાં કુટુંબોમાં ધન, જ્ઞાન અને ટેલેન્ટ ઓછી હોય છે. પ્રેમ, વૈમનસ્ય, આર્થિક દુર્દશા, ગાળાગાળી અને સંતાનોની ફોજ હોય છે. એમના ચોક્કસ નૈતિક વિચારો હોય છે, જેનો અતિશય ભાર સ્ત્રી વર્ગને માથે આવે છે. એ મૂલ્યો પ્રશંસનીય હોવા છતાં એમાં સમયના વહેણ સાથે અંતિમવાદ, વડીલોનો હુંકાર, અને અજ્ઞાનતાસભર મુરબ્બીવટ આવે છે.

જે યૌવનના ઉંબરે આવીને ઊભી રહેતી યુવતીઓને ગૂંગળાવી નાખે છે. ઇસ્મતે એવી યુવતીઓની પેરવી કરવાની શરૂ કરી, અને એમાં પણ એમના જાતીય પ્રશ્નોને ચગાવ્યા. જે સમયે ઇસ્મતે લખવાનું શરૂ કર્યું તે સમયે સંસ્કારી ઘરની છોકરીઓ વાર્તાઓ, લેખો કે કાવ્યરચના કરે એને સમાજ સ્ખલન તરીકે ઘટાવતો હતો. આ સ્ખલન સ્વાભાવિક રીતે જ ખૂબ ચિત્તાકર્ષક હતું. ઇસ્મતને લોકોએ તરત જ ખ્યાતિ અને અપકીર્તિના શિખરે પહોંચાડી દીધી. ઇસ્મતના સ્વભાવમાં નિર્ભયતા અને હઠાગ્રહ પણ હતાં. એમણે વધારે વેગથી વિરોધીનો પ્રતિકાર કર્યો.

ઇસ્મતે વાર્તાઓ નિસંકોચ રીતે અને નિર્ભયતાથી લખી છે. એક નારી હોવા છતાં - કે. આલે અહમદ સુરૂર, મન્ટો અને મોલાના સલાહુદ્દીન અહમદને બાદ કરતાં ઇસ્મતના પક્ષકાર સમીક્ષકો પણ થાપ ખાઈ ગયા અને એમણે ઇસ્મતના વ્યક્તિત્વને તેમની વાર્તાના પાત્ર સાથે જોડી દેવાની ભૂલ કરી છે. દા.ત., મજનૂં ગોરખપુરીએ ઇસ્મતની વિવાદાસ્પદ વાર્તાઓ 'પડદે કે પીછે', 'લિહાફ' અને 'ગેંદા'નો પક્ષ લેતા નોંધેલું કે 'એ વાર્તાઓમાં જે મનોવૈજ્ઞાનિક સત્યનું અનાવરણ થયું છે એને આપણા સમાજનાં આડંબરયુક્ત ધોરણો એટલા માટે સ્વીકારવા તૈયાર નથી કે તે આપણી પ્રગતિને અવરોધવા માગે છે.' પરંતુ જ્યારે મજનૂં ગોરખપુરીએ સાંભળ્યું કે ઇસ્મત શાળામાં શિક્ષિકા તરીકે નિમાયાં છે ત્યારે એમની પ્રતિક્રિયા આ પ્રમાણે હતી. 'મેં જ્યારે સાંભળ્યું કે ઇસ્મત શાળામાં ભણાવે છે ત્યારે મને આંચકો લાગ્યો, માત્ર ઇસ્મતનો વિચાર કરતાં નહીં, પણ એ યુવતીઓનો વિચાર કરતા કે જેમને ઇસ્મત ભણાવતાં હતાં. જે વ્યક્તિઓમાં એટલી હદ સુધી મનોવૈજ્ઞાનિક ગૂંચવણો હોય, ઊર્મીઓ અને લાગણીઓનું ઘર્ષણ હોય, જે આટલાં બધાં મન અને માનસના અવરોધો અને અડચણોમાં પિડાતી હોય તેના માટે શિક્ષણનો વ્યવસાય, ખતરનાક સાબિત થઈ શકે છે.' ઇસ્મતની વાર્તાકાર તરીકેની સિદ્ધિની એ પારાશીશી છે કે સમર્થ સમીક્ષકો, લેખિકા અને તેનાં પાત્ર વચ્ચે સૂક્ષ્મ ભેદ પામવાને બદલે તેમને Identical માનવા પ્રેરાયા છે. એમના નિધનથી ઉર્દૂસાહિત્યને મોટી ખોટ પડી છે.

ડૉ. ઝુબેર કુરેશી

સંક્ષિપ્ત અવલોકનો

કવિ સોમેશ્વરદેવ વિષયક બે અધ્યયનો

ગુજરાતના સોલંકી કાળના નામાંકિત સાહિત્યસર્જકોમાં હેમચંદ્રાચાર્ય પછી બીજું સ્થાન કદાચ સોમેશ્વરદેવનું ગણી શકાય. ગુર્જરેશ્વર ભીમદેવ બીજાના સમયમાં - ખાસ કરીને તેના સમર્થ મંત્રીઓ વસ્તુપાળ-તેજપાળના આશ્રયે સંસ્કૃત સાહિત્યનો જે બહુવિધ વિકાસ થયો તેમાં સોમેશ્વરદેવનું પ્રદાન ખાસ ઉલ્લેખનીય છે. સંસ્કૃત સાહિત્યનાં મહાકાવ્ય, નાટક, શતકકાવ્ય, પ્રશસ્તિઓ, સુભાષિતાવલીઓ ઈત્યાદિ મુખ્ય બધા સાહિત્ય પ્રકારોમાં એણે ઉત્તમ કૃતિઓ રચી છે. આમ, ગુજરાતમાં રચાએલા સંસ્કૃતસાહિત્યમાં એનું પ્રદાન વૈવિધ્ય અને વૈપુલ્યની દૃષ્ટિએ નોંધનીય છે. સોલંકી કાલીન ગુજરાતની ઐતિહાસિક, સામાજિક, સાસ્કૃતિ ઈત્યાદિ વિવિધ પાસાંને લગતી વિગતોનું સીધું યા પરોક્ષ નિરૂપણ એની કૃતિઓમાં જોવા મળે છે. લેખિકા ડૉ. વિભૂતિ ભટ્ટે આ કવિ સોમેશ્વરદેવ વિષે ઊંડો અભ્યાસ કરી અગાઉ એક પ્રકાશન કરેલું તેના અનુસંધાને બીજા બે ગ્રંથો પણ પ્રકટ કર્યા છે. તેમાંનો એક નીચે મુજબ છે.

સોમેશ્વરની કૃતિઓ : ઐતિહાસિક અને સાંસ્કૃતિક અધ્યયન

કવિ સોમેશ્વરની ઉપલબ્ધ બધી જ કૃતિઓના અભ્યાસને આવરી લેતા આ પ્રકાશન (કાચું પૂઠું, ડિમાઈ, પૃ. ૨૮૮)માં કવિનું જીવન અને કવન, 'ઉલ્લાસરાઘવ'નું કથાનક, રામશતક, કર્ણામૃતપ્રપા, સુભાષિતાવલી, પ્રશસ્તિઓ, કવિની કૃતિઓની આનુપૂર્વી, કવિની વિદ્વત્તા તથા તેના સમયની સામાજિક અને સાંસ્કૃતિક સ્થિતિનો વિગતે ખ્યાલ આપ્યો છે. વળી, આ ગ્રંથવિષયના લેખિકાએ કરેલા તલસ્પર્શી તથા પૃથક્કરણાત્મક પરિશીલનની પ્રતીતિ આપતાં સાત પરિશિષ્ટોમાં એમણે કવિના સમકાલીન ચૌલુક્ય રાજાઓની અને મંત્રીઓની કુલપરંપરા, કવિની કૃતિઓમાં સંસ્કૃત સાહિત્યના કિવઓના ઉલ્લેખો, તેમાં આવતાં વિશેષ નામોની સૂચિ, અન્ય કવિઓની કૃતિઓમાં સોમેશ્વરકૃત શ્લોકો, અન્ય કવિઓએ કરેલા સૌમેશ્વરને લગતા ઉલ્લેખો, સોમેશ્વરની એકાધિક કૃતિઓમાં મળતા સમાન શ્લોકો, સંદર્ભસૂચિ વગેરેના ઉમેરણથી આ પ્રકાશન ઘણું મહત્ત્વનું અને ઉપયોગી બની રહે છે. (કિં. ૫૦ રૂપિયા)

ઉલ્લાસરાઘવ : કવિ સોમેશ્વરદેવને ભારતના પ્રસિદ્ધ કવિઓની પંક્તિમાં અગ્રસ્થાન અપાવવામાં સક્ષમ એવી એની ઉત્તમ નાટ્યકૃતિ છે. ગુજરાતમાં પ્રશિષ્ટ નાટ્ય સ્વરૂપમાં રચાએલું આ એક સંસ્કૃત રામાયણ જ છે, જેમાં રામચરિતનો મુખ્ય બધો જ ભાગ સુગ્રથિત થએલો છે. વળી, રામચરિતપ્રધાન નાટકોમાં હાસ્યરસ અને વિદૂષકના પાત્રનો સોમેશ્વરદેવે આમાં એક વિરલ પ્રયોગ પણ કર્યો છે. લેખિકાએ પોતાના આ અધ્યયનમાં 'ઉલ્લાસરાઘવ'નું નાટક તરીકેનું શાસ્ત્રીય અને સંક્ષિપ્ત નિરૂપણ કરવા સાથે તેનું પદ્યપ્રમાણ, તેમાંના છંદોના પ્રકાર અને સંખ્યા તથા સંક્ષેપમાં તેમાંના અલંકારોની સમીક્ષા કરી છે. વળી, રૂપક પ્રકાર તરીકે આ નાટકને તપાસીને એમાં સંધિ-સધ્યંગો વગેરેની પણ વિસ્તૃત ચર્ચાને આવરી લીધી છે. (ડિમાઈ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, કિં. ૩૨ રૂ.)

બંનેના પ્રકાશક : ડૉ. વિભૂતિ વિક્રમ ભટ્ટ, ૩, મહાદેવનગર કો. ઓ. સોસાયટી, સ્ટેડિયમ રોડ, અમદાવદ-૩૮૦૦૧૪.


પ્રાપ્ત પ્રકાશનો

પરિચય પુસ્તિકા - ૭૭૫, ૭૭૬, ૭૭૭

ડૉ. આંબેડકરનો પ્રેરક અને શ્રદ્ધેય જીવનપરિચય. લેખક : ચંદુ મહેરિયા

યહૂદીઓનો ધર્મ તેનો ઈતિહાસ, તેના સિદ્ધાંતો અને માન્યતાઓ, તેના વિધિ અને સંસ્કારો, તહેવારો તથા તેના શાસ્ત્રગ્રંથોનો ટૂંકમાં છતાં વિશદ પરિચય આપતી પુસ્તિકા. લેખિકા : એસ્તેર સોલોમન.

ખાડીયુદ્ધ : તાજેતરના ઈતિહાસના આ એક આગવા પ્રકરણ સાથે સંકળાયેલાં વિધવિધ પાસાંઓની સમજ આપતી પુસ્તિકા. લેખક: વાસુદેવ મહેતા. પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિઅલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૨. ક્રાઉન કદની કાચાં પૂઠાંની ૩૨-૩૨ પૃષ્ઠની આ પુસ્તિકાઓની પ્રત્યેકની કિં. ૪/- રૂપિયા. ☐



> જાગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં
> ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ દિસતી એકે નથી વાદળી;
> ઠંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
> જે ઉત્સાહ ભરી દિસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં !
>
> 'કલાપી'

શાંતિ માટેના નોબેલ પારિતોષિક વિજેતા સૂ ક્યી

આ ૧૯૯૧ના વર્ષનું શાંતિ માટેનું નોબેલ પારિતોષિક એક બર્મી મહિલા નેતા આઉંગ સૂ ક્યીને આપવામાં આવ્યું. લાંબા સમયના લશ્કરી શાસન સામેની બર્મી યુવાવર્ગની લડતના આ મહિલા નેતાની રાજકીય કારકિર્દી તો હજી હમણાં જ આરંભાઈ એમ કહી શકાય, પણ તેના ત્રણ વર્ષના ગાળામાં એમણે પોતાની નીતિરીતિને કારણે સારી એવી લોકચાહના મેળવી છે. આ પૂર્વે તેઓ ઓક્સફર્ડ (ઈંગ્લૅન્ડ)માં એક સીધાંસાદાં ગૃહિણી જ હતાં. એમના પતિ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. ભારતની જેમ બ્રિટિશ રાજસત્તા સામે બર્મા (બ્રહ્મદેશ)એ પણ પોતના સ્વાતંત્ર્ય માટે લડતો ચલાવી છે. આવી લડતના એક નેતા અને ૧૯૪૭માં બ્રિટિશ સૈન્યે ત્યાંના વચગાળાના પ્રધાનમંડળના કાર્યલયમાં જ જેમની હત્યા કરેલી તેમાંના એક આઉંગ સાનનાં એ પુત્રી છે.

ઈ. ૧૮૨૪માં અંગ્રેજો આવ્યા તે પહેલાં ૧૧ થી ૧૯મી સદી દરમિયાન બર્મા પર મુખ્યત્વે ત્રણ રાજવંશોનું શાસન રહેલું, અને અવારનવાર તેમની વચ્ચે વિગ્રહો પણ ચાલતા રહેતા હતા. ઈ. ૧૮૨૪થી '૨૬ના સમયમાં 'એંગ્લો-બર્મિઝ વૉર' નામે ઈતિહાસમાં જાણીતો, અંગ્રેજો સાથેના સીમાવિવાદ અંગેનો વિગ્રહ થયો. પરિણામે બર્માના દક્ષિણ વિસ્તારો પર અંગ્રેજોનું વર્ચસ સ્થપાયું. તે પછી બીજું યુધ્ધ ૧૮૫૨માં અને ત્રીજું ૧૮૮૫મા થયું. જેના પરિણામે અંગ્રેજોએ બર્માને હિંદુસ્તાન સાથે જોડી દઈ એક પ્રાંત બનાવી તેના પર ગવર્નર દ્વારા નવી દિલ્હીથી ચાલતું પોતાનું શાસન સ્થાપ્યું. આ શાસનકાળમાં બર્માનો પરદેશ સાથેનો વહેવાર વિકસ્યો અને તે દુનિયભરમાં ચોખાની સૌથી વધુ નિકાસ કરતો દેશ બન્યો, અને 'રાઈસ બાઉલ ઑફ એશિયા' તરીકે તેની નામના થઈ. થોડાક ઉદ્યોગો પણ ત્યારે વિકસ્યા હતા. પણ ૧૯૩૦ની વ્યાપક મંદીમાં નિકાસો ઘટી જતાં બર્માની આર્થિક સ્થિતિ કથળી ગઈ હતી. બીજી બાજુ ત્યાંના યુવાવર્ગમાં સ્વાતંત્ર્ય માટેની ચળવળો પણ થવા માંડી હતી. ૧૯૩૭માં બર્માને હિંદુસ્તાનથી જુદું પાડવામાં આવ્યું અને નવા બંધારણ મુજબ ત્યાં ચૂંટાએલી પાર્લામેન્ટનો વહીવટ અપાયો.

આ પછી બીજા વિશ્વયુધ્ધ દરમિયાન ૧૯૪૨માં બર્મી રાષ્ટ્રવાદીઓનો સાથ લઈ જાપાને મોટા ભાગના અંગ્રેજોને બર્મામાંથી હાંકી કાઢ્યા. આની સાથોસાથ શાંતિકાળમાં વેપારધંધા અર્થે બર્મા જઈ વસેલા હિંદીઓએ પણ સ્વદેશ પાછા આવવા જે હિજરત કરી તે એ સમયના ઈતિહાસનું એક આગવું પ્રકરણ છે. (સ્વ. શ્રી મેઘાણીએ આ હિજરતને એમની નવલકથા પ્રભુ પધાર્યા (રૂપા લાટે)માં બહુ સચોટ સુંદર રીતે વણી લીધી છે.)

નેતાજી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજનાં પરાક્રમોનો ઈતિહાસ પણ તેની સાથે સંકળાએલો છે. બીજી બાજુ જાપાનના એ વર્ચસકાળમાં બર્માનું પોતાનું એક નાનકડું સૈન્ય પણ રચાયું હતું. ૧૯૪૩માં ફરી ત્યાં બ્રિટિશ સિવિલ રૂલની સ્થાપના થઈ, અને બીજા જ વર્ષે ત્યાંની કોન્સ્ટિટ્યુઅન્ટ એસેમ્બ્લીએ પૂર્ણ સ્વરાજની માગણી કરી ૧૯૪૮ના જાન્યુઆરીમાં 'યુન્યન ઑફ બર્મા'ની રચના થઈ અને ઉ નુ તેના વડાપ્રધાન ચૂંટાયા. પણ યુધ્ધોત્તર સામાજિક તેમજ આર્થિક દબાણોના કારણે શાસક પક્ષ ભાંગી પડ્યો, અને જનરલ ને વિનના લશ્કરી શાસનના પક્ષમાં ઉ નુએ ૧૯૫૮માં રાજીનામું આપવું પડ્યું. ૧૯૬૦ની ચૂંટણીમાં લશ્કરી સત્તા સામે ઉ નુ ફરી ચૂંટાઈ આવ્યા. બે વર્ષ પછી ૧૯૬૨માં જનરલ ને વિનના લશ્કરે ફરી બળવો કરી સત્તા હાથ કરી, જે હજી જારી છે. તેને હટાવવા બર્મી પ્રજા અવારનવાર ચળવળો કરતી રહી છે.

આવી જ એક મોટી ચળવળ ૧૯૮૮ના જૂનમાં રંગૂનની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ઉપાડી. નોકરીઆતો, બૌધ્ધ સાધુઓ, વેપારીઓ વગેરે સહિત બર્મી પ્રજાના લગભગ બધા વર્ગે તેમાં સાથ પુરાવ્યો. લશ્કરે તેમના પર આડેધડ ગોળીબાર ચલાવ્યો. હજારો યુવાનો તેમાં માર્યા ગયા. લડત

દાદુરની દુનિયા

પૂંછડીવાળો દેડકો
(Tailed or Bell Toad)



આ એક અાદિકક્ષાનો ટોડ છે. ખાસ કરીને તે પશ્ચિમ અમેરિકામાં જોવામાં આવે છે. આ જાતિના નર ટોડમાં નાની પૂંછડી આવેલી હોય છે. વસંત ઋતુના અંતભાગમાં કે ઉનાળાના પ્રારંભે પ્રજનન-ક્રિયા દરમિયાન હારબંધ મૂકેલાં મોટાં ઈંડાં પર્વતીય પાણીના પ્રવાહમાં આવેલાં ખડકો સાથે ચોંટેલાં રહે છે.

શરૂઆતમાં ઉત્પન્ન થયેલાં તેનાં નાનાં ડિમ્ભ મુખની આજુબાજુ આવેલાં ચૂષકની મદદથી ખડકો સાથે ચોંટેલાં રહી પાણીના પ્રવાહની સાથે તણાઈ જતાં નથી. આ ટોડ રંગે ભૂખરા, કાળા, ગુલાબી કે કથ્થઈ હોય છે. એના પશ્ચઉપાંગની આંગળીઓ વચ્ચે ચામડીના પડદા આવેલા હોય છે. તેનું શીર્ષ નાનું અને પહોળું હોય છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

વધારે વકરી અને છેક માંડલે અને પેગુ સુધી તોફાનો પ્રસર્યાં. લશ્કર પણ બેફામ બન્યું હતું.

સૂ ક્યી એ વખતે માતાની સારવાર માટે બર્મા આવેલાં. લશ્કરી શાસનના અત્યાચારો જોઈ એમનું હૃદય કકળી ઊઠ્યું. લોકશાહી માટેના એ આંદોલનોમાં એમણે પણ ઝુકાવાનો નિર્ણય કર્યો. વર્ષો પહેલાં આ જ કારણે પિતાએ વહોરેલી શહીદીની યાદ પણ કદાચ તેમને સહાયક બની હશે. આંદોલનકારીઓ સમક્ષ જ્યારે એમણે ભાષણ આપ્યું ત્યારે લાખો લોકો માનપૂર્વક એ સાંભળવા એકઠા થયા હતા.

પણ સૂ ક્યીના આંદોલનનો માર્ગ અહિંસક હતો. એકતા અને અનુશાસન એ એમનું સૂત્ર હતું. એમણે ચલાવેલા જનઆંદોલન સમક્ષ અંતે લશ્કરી શાસનને ઝૂકવું પડ્યું અને ૧૯૯૦ના મે માસમાં ચૂંટણી યોજી લોકશાહી સ્થાપવાની જાહેરાત કરવી પડી. સૂ ક્યી 'નૅશનલ લીગ ફૉર ડેમોક્રસી' નામનો પક્ષ સ્થાપી ચૂંટણી લડ્યાં અને તેમના પક્ષને એંસી ટકા કરતાંયે વધુ મત મળ્યા. લશ્કરી શાસનની દાનત બદલી ગઈ. ચૂંટણીમાં ગોલમાલ થયાનો આરોપ મૂકી સૂ ક્યીના વિજયને એણે નકાર્યો અને એમને કેદ કરી જેલમાં પૂર્યાં; એટલું જ નહિ, કોઈને ય મળવાની કે અખબારો વાંચવા દેવાની પણ એમને માટે છૂટ નથી. સૂ ક્યી હજી યે જેલમાં જ છે. છેતાલીસ જ વર્ષની એમની વય છે. એક સીધીસાદી આ ગૃહિણીએ માત્ર ત્રણેક વર્ષની રાજકીય કારકિર્દીમાં પ્રજામાનસમાં ચાહનાભર્યું સ્થાન મેળવી અહિંસક માર્ગે લડીને બર્માની લશ્કરી સત્તાને ઝુકાવી લોકશાહીની સ્થાપનાની દિશામાં જે સિદ્ધિ હાંસલ કરી છે તે એમને અપાએલા શાંતિ માટેના નોબેલ પારિતોષિકને સર્વથા સાર્થક કરે છે.


પત્રકારત્વના ભીષ્મ રામનાથ ગોયેન્કાનું નિધન

ભારતના અખબારી જગતના માંધાતા અને અખબારી સ્વાતંત્ર્યના પ્રખર પુરસ્કર્તા, તથા ઈન્ડિયન એક્સપ્રેસ જૂથના ચૅરમૅન રામનાથ ગોયેન્કાનું ગઈ ૫ ઑક્ટોબરની વહેલી સવારે ૮૭ વર્ષની વયે અવસાન થતા દેશને એક નિષ્પક્ષ નીડર દેશપ્રેમી પત્રકાર અને ઉદ્યોગપતિની ખોટ પડી છે. મુક્ત, ન્યાયી અને મૂલ્યનિષ્ઠ પત્રકારત્વ માટે જીવનભર એ લડતા રહ્યા હતા. એમનું જીવન જ એક જેહાદ સમું હતું, જેમાં ક્યાંય બાંધછોડ કે કોઈ ભયને સ્થાન નહોતું. વાણી અને વિચારના સ્વાતંત્ર્ય તથા શાસન કે તંત્રની ભ્રષ્ટતા સામેની એ જેહાદ એમણે જીવનભર જારી રાખી હતી.

બિહારના દરભંગા જિલ્લામાં દિલદારનગર ખાતે ઈ. ૧૯૦૪ની ૧૮ એપ્રિલે એમનો જન્મ. પિતા બાબુ જાનકીદાસ બિહાર અને નેપાળના એક સમૃદ્ધ વેપારી ગણાતા, જેઓ પછી જનરલ મરચન્ટ અને બૅન્કરના ધંધામાં નેપાળના જનકપુર ધામ ખાતે સ્થાયી થયા હતા.

રામનાથજી છ મહિનાના હતા ત્યારે માતાનું નિધન થતાં તેમનાં વિધવા માસીએ એમને દત્તક લઈને ઉછેર્યા. એમના માસા બસંતલાલ ગોયેન્કા ૧૯૦૧માં મોટી અસ્કયામતો તથા વિશાળ વેપાર-સામ્રાજ્ય છોડી ગયા હતા.

આર. એન. જી.ના ટૂંકા નામે ઓળખાતા રામનાથજી બનારસ હિન્દુ યુનિવર્સિટીના સ્નાતક થયા હતા. ત્યાં તેમના એક ગુરુ હતા આચાર્ય જે. બી. કૃપલાણી. અભ્યાસ પછી પોતાના બે મામા, બાબુ પ્રહ્લાદરાય દાલમિયા તથા બાબુ સાગરમલ દાલમિયાના ધંધામાં કલકત્તા ખાતે તેઓ જોડાયા. મામાએ પછી એમને યાર્ન અને અન્ય સામાનની



દેશભરની સૌથી મોટી સુખદેવદાસ રામપ્રસાદની પેઢીમાં મોકલ્યા, જ્યાંથી એ પેઢીના એજન્ટ તરીકે ૧૯૨૨માં તેઓ મદ્રાસ ગયા.

ઈ. ૧૯૨૫ની આખરે એઓ હૈદરાબાદની મુરલીપ્રસાદ મોહનપ્રસાદ [illegible]ક પેઢી સાથે ભાગીદારીમાં જોડાયા અને ૧૯[illegible]ના જાન્યુઆરીમાં આ પેઢીએ મદ્રાસમાં પીસ ગુડ્સના વેપારી તરીકે ધંધાનો આરંભ કર્યો. એ જ વર્ષે મદ્રાસના ગવર્નરે ત્યાંની વિધાન પરિષદના સભ્ય તરીકે તેમની વરણી કરી અને તે પછીના વર્ષમાં રામનાથજી એ પરિષદમાં મંત્રી બન્યા. એ સમયે સુબ્રહ્મણ્ય ભારતીનાં ગીતો પરના સરકારી પ્રતિબંધ તથા સાયમન કમિશન સામે એમણે ભારે વિરોધ જગાડેલો. જે અંગ્રેજ સરકારે એમને નિયુક્ત કરેલા એની સામેની એમની આ લડતથી દેશપ્રેમીઓમાં એમને માટે ઘણું માન વધ્યું. ગાંધીજીએ એમને હિન્દી પ્રચાર સભાના આજીવન ટ્રસ્ટી બનાવ્યા.

બૉમ્બે કંપની લિમિ.ના ચીફ સેલ્સમૅન તરીકે પણ એમણે ૧૯૩૬ સુધી કામ કર્યું હતું. દરમિયાન ઈન્ડિયન એક્સપ્રેસની ત્યારની માલિક કંપની ફ્રી પ્રેસ ઑફ ઈન્ડિયા (મદ્રાસ) લિમિટેડના એ ડિબેન્ચર હોલ્ડર અને પછી એ કંપનીના બધા જ શૅર ખરીદી લઈ તેના માલિક બન્યા અને '૩૬માં બૉમ્બે કંપની છોડી દઈ થોડો સમય મદ્રાસની એક પેઢીના શૅરબજારના ધંધામાં ભાગીદાર તરીકે પણ કામ કર્યું. આ જ અરસામાં એમણે બીજો પણ મોટો નિર્ણય લીધેલો. યુવાનીમાં એમને ઘોડાની રેસનો ભારે શોખ હતો તે તેમણે છોડી દીધો અને ગંભીરતાપૂર્વક હવે પત્રકારત્વના ક્ષેત્રમાં જ લક્ષ કેન્દ્રિત કરી અખબાર-પ્રકાશન પાછળ ધ્યાન આપવા માંડ્યું. આમ, આગળ જતાં દેશભરની સૌથી મોટી ગણાએલી અખબારી સંસ્થા એક્સપ્રેસ જૂથના વિકાસને એમણે ગતિ આપી.

બીજી બાજુ સ્વાતંત્ર્યની ચળવળોને પણ એમનો પૂરો ટેકો હતો. 'ભારત છોડો' આંદોલન દરમિયાન અંગ્રેજી શાસન સામેનો એમનો સંઘર્ષ એ એમના નીડર સ્વાતંત્ર્યપ્રેમ અને બલિદાનની એક અદ્ભુત ગાથા છે. ગાંધીજીની ઇચ્છાને માન આપીને પોતાનાં તમામ પ્રકાશનો બંધ કરી દેનાર તેઓ સૌપ્રથમ હતા. આંદોલન દરમિયાન તેઓ

રાષ્ટ્રવાદી અખબાર તંત્રી પરિષદ - નેશનાલિસ્ટ ન્યૂઝપેપર એડિટર્સ કોન્ફરન્સ - ના પ્રમુખ ચૂંટાયા હતા. ભૂગર્ભ ચળવળના અનેક મહાનુભાવોને એમણે પૂરો સાથ આપેલો. જયપ્રકાશ નારાયણને એમણે સલામત રીતે છુપાવી રાખેલા. સ્વાતંત્ર્યની એ લડતમાં વિશ્વવ્યાપી ટેકો મેળવવા એમણે 'ઈન્ડિયન રેવિજ઼ડ' નામનું એક પુસ્તક ચોરીછૂપીથી પ્રકટ કરીને પ્રે. રૂઝવેલ્ટના ભારત ખાતેના પ્રતિનિધિ મારફત છેક અમેરિકા પહોંચાડ્યું હતું. એમાં તેમણે ભારતમાં અડ્ડો જમાવી બેસનાર સંસ્થાનવાદી સત્તાએ ગુજારેલા સિતમોનો ચિતાર આપેલો. આવું જ એમનું બીજું એક પુસ્તક 'ક્વીટ ઈન્ડિયા' પણ રાષ્ટ્રવાદી બળોમાં આવકાર પામેલું. ૧૯૪૬માં કામરાજે એમને 'કોન્સ્ટિટ્યુઅન્ટ એસેમ્બલી'માં નિયુક્ત કર્યા. એ વખતે બ્રિટિશ અને ભારતીય નેતાઓ વચ્ચે સ્વાતંત્ર્યની વાટાઘાટો ચાલતી હતી.

અવાડી કૉંગ્રેસનું સંયોજન પણ એમણે કરેલું અને ૧૯૬૯માં કૉંગ્રેસનું વિભાજન થયું ત્યારે એ અખિલ ભારતીય કૉંગ્રેસના સભ્ય હતા. રોઈટર્સના સમાચાર પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાને પૂરા પાડવા માટેના કરાર અંગેની વાટાઘાટોમાં આઈ. ઈ. એન. એસ.ના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે એમનો પણ હિસ્સો હતો. આ આઈ. ઈ. એન. એસ.ના ૧૯૫૧માં તેઓ અધ્યક્ષ ચૂંટાયા અને પીટીઆઈ.ના ચેરમેન. '૬૨-'૬૩માં પંજાબ નેશનલ બેન્કના ચેરમેન, '૬૮માં પીટીઆઈ.ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં કામ કરેલું.

ઈ. ૧૯૭૧માં તેઓ મધ્ય પ્રદેશના વિદિશામાંથી લોકસભામાં અપક્ષ ચૂંટાઈ આવેલા.

જયપ્રકાશ નારાયણના પુરસ્કર્તા અને ઈન્દિરા ગાંધીએ સત્તા પર આવ્યા પછી અખ્ત્યાર કરેલા વલણના તેઓ પાકા વિરોધી હોવાથી કટોકટી દરમિયાન માંદગીને કારણે તેઓ કલકત્તા હતા ત્યારે તક સાધી સરકારે એક્સ્પ્રેસ જૂથના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પોતાના માણસો ગોઠવી દીધા હતા. પાછા આવ્યા પછી રામનાથજીને તેની જાણ થતાં જ તેઓએ મદ્રાસથી દિલ્હી પહોંચી જઈ એ બોર્ડને વિખેરી નાખી પોતે વહીવટ સંભાળી લીધો. બીજી પણ અનેક રીતે સરકારે એમને તંગ કરવા માંડેલા. પુત્ર ભગવાનદાસ અને પુત્રવધૂ સરોજ સહિત 'મીસા' હેઠળ એમની ધરપકડનો સતત ભય હતો. પણ તેઓ જરા પણ ડર્યા નહોતા. સરકારી આપખુદીને એમણે હંમેશાં પડકારી હતી. એક્સ્પ્રેસ જૂથને પોતાને હસ્તક કરવાના સરકારના પ્રયાસો અને કટોકટીના શાસન સામેનો એમનો અખબારી જંગ એ આઝાદી પછીના ઈતિહાસનું એક ભવ્ય પ્રકરણ છે. કટોકટીના શાસનનો પરાજય અને ઈન્દિરા ગાંધી સામે વિપક્ષીઓનો વિજય એ એક રીતે ઈન્ડિયન એક્સ્પ્રેસનો વિજય હતો. એમના નેતૃત્વમાં અખબારી આલમનો ધ્વજ લહેરાયો.

પરંતુ આવી બધી પ્રવૃત્તિઓની એમના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર પડતી ગઈ. '૬૬માં એમનાં પત્ની તથા '૭૯માં એકમાત્ર પુત્ર ભગવાનદાસના અવસાનના કારી ઘા પણ એમણે ધૈર્યપૂર્વક જીરવી લીધા. પણ મુક્ત અને નીડર પત્રકારત્વ માટેની જેહાદના એમના દૃઢ નિર્ધારને એમણે નબળો પડવા દીધો નહોતો. રાજદ્વારી વ્યક્તિઓ માટે એમને કોઈ ડંખ નહોતો. એમનો આક્રોશ તો એમની નીતિરીતિ અને એમના ભ્રષ્ટ આચારો માટે હતો. પં. નેહરુના 'નેશનલ હેરલ્ડ' પત્રને એમણે મદદ કરેલી. ૧૯૮૦માં સંજય ગાંધીના અવસાન વખતે ઈન્દિરા ગાંધીને ટેકો આપવા માટે વિરોધ પક્ષોને હાકલ પણ એમણે જ કરેલી અને રાજીવ ગાંધી માટે પણ આરંભમાં એમનો અભિપ્રાય સારો હતો. પરંતુ ત્યાર બાદ બોફોર્સ, ફેરફેક્સ, એચ. ડી. ડબ્લ્યૂ. સબમરીનો વગેરે જેવાં આંતરરાષ્ટ્રિય કૌભાંડોને ખુલ્લાં પાડવામાં પણ એમનો મોટો હિસ્સો હતો. આ બદલ એક યા બીજા બહાને સરકારે એમના પર ૨૧૦ જેટલા કેસ કરેલા અને એમની કચેરીઓ પર રાષ્ટ્રવ્યાપી દરોડા પાડવા માટે સરાકારે છ હાજરથી વધુ અધિકારીઓને કામે લગાડેલા.

થોડા માસ પૂર્વે પોતાના દૌહિત્ર વિવેકને પોતાનો વિશાળ કાર્યભાર સંભાળવા દત્તક લીધેલા, જેઓ રામનાથજીએ અખત્યાર કરેલી નીતિરીતિને આગળ ધપાવવા ઇચ્છે છે.

તેઓ ઉગ્ર અને આકળા સ્વભાવના હોવાથી તથા પોતાના અખબારના તંત્રીઓ પ્રત્યેનું એમનું વલણ પણ 'હાયર' અને 'ફાયર' કરવાનું હતું એવી એમના વિષેની માન્યતા પણ બરાબર નહોતી. પ્રધાનપદને એમણે હંમેશાં નકાર્યું હતું. ૧૯૨૦થી એ ખાદીધારી બન્યા હતા અને કોઈપણ પ્રકારના વ્યસનથી એ મુક્ત હતા. સત્તાધીશોનો કોઈપણ આડલાભ લેવાનો લોભ એમણે કદી રાખ્યો નહતો. સ્વમાન વિષે તેઓ કદી બાંધછોડ કરતા નહિ. પરિણામ કે જોખમની પરવા કરવાને બદલે એમણે હંમેશાં સત્યનું જ સમર્થન કર્યું હતું. પત્રકારત્વમાં એમને ઊંડી કાર્યસૂઝ હતી. એક માનવી તરીકે, રાજકીય વિચારક તરીકે, અને સૌથી વિશેષ તો અખૂટ ધૈર્યધારી યોદ્ધા તરીકે તેઓ હંમેશાં યાદ રહેશે. સ્વાતંત્ર્યની લડતોમાં દેશ પ્રત્યેની અને પછી પત્રકારત્વ પ્રત્યેની એમની નિષ્ઠાભરી સેવા ચિરકાળ સુધી ભુલાશે નહિ. **(સંકલિત)**

નવું રિમોટ કન્ટ્રોલ

જપાનની ટેક્નોલૉજિના ક્ષેત્રમાં બેનમૂન પ્રગતિ રહી છે. આજે તો ઘર ઘરમાં ટી.વી. અને વિડિઓ જોવા મળે છે. આ બન્નેનું દૂર રહ્યે રહ્યે સંચાલન કરી શકાય તે માટે રિમોટ કન્ટ્રોલની વ્યવસ્થા પણ સુલભ છે. પરન્તુ તમે આજનું રિમોટ કન્ટ્રોલ તો જોયું જ હશે, છ-સાત ઈંચ લાંબું અને દોઢ-બે ઈંચ પહોળું ડબી જેવું એ સાધન હેરત પમાડે તેવું કામ આપે છે ને?

પરન્તુ એથી ય વધુ અચરજ થાય તેવું રિમોટ કન્ટ્રોલ જપાને તાજેતરમાં તૈયાર કર્યું છે. આ રિમોટ કન્ટ્રોલનું કદ સામાન્ય ફાઉન્ટન પેન જેવડું હોઈ એ ખિસ્સામાં રહી શકે છે. આથી એનો ઉપયોગ સરળ બને છે. વળી, એક ખંડમાં જેટલી વ્યક્તિઓ બેઠી હોય તે દરેક પોતાની પાસે આ રિમોટ કન્ટ્રોલ રાખી શકે છે, ને પોતાની મનપસંદ ચેનલ પર કાર્યક્રમ જોઈ શકે છે. પરન્તુ આમાં મુશ્કેલી એક કે એક જ ટી.વી. પર એક ઓરડામાં જુદી જુદી વ્યક્તિ જુદી જુદી ચેનલ પર એક જ સમયે કાર્યક્રમો જોવા માગતી હોય ત્યારે શું થાય? એનો હલ શોધવો રહ્યો.

યંત્રો અને તેના સરલીકરણ તરફની આજની વિજ્ઞાનગતિનો આ સરસ નમૂનો છે. ☐

ગ્રાહકોને અપીલ

'કુમાર'ના પ્રત્યેક ચાલુ ગ્રાહકને હાર્દિક અપીલ છે કે તેઓ એક નવા ગ્રાહક બનાવી 'કુમાર' પ્રત્યેની નવા વર્ષની સક્રિય શુભેચ્છા પ્રકટ કરે.

તંત્રી

ψ અતિ ભલા નહિ બોલના, અતિ ભલી નહિ ચૂપ, ψ
ψ અતિ ભલા નહિ બરસના, અતિ ભલી નહિ ધૂપ. ψ

હમણાં પેટલાદ પાસે દંતાલી નજીક સ્વામી સચ્ચિદાનંદના ભક્તિનિકેતન આશ્રમમાં જવાનું થયું. દિવાળીનો દિવસ હતો. નજીકના ગામડાનાં સો દોઢસો બાળકો પંગતમાં જમી રહ્યાં હતાં. આખું વાતાવરણ કિલ્લોલમય હતું. મેં સચ્ચિદાનંદજીને કહ્યું : 'કોઈ બહારગામની શાળાનાં બાળકો પર્યટને આવ્યાં છે કે શું ?'

સચ્ચિદાનંદજી કહે, 'ના'.

મેં પૂછ્યું, 'તો આ બધાં બાળકો - '

વચ્ચેથી સચ્ચિદાનંદજીએ જવાબ આપ્યો, 'આ તો દંતાલી ગામનાં બાળકો છે. આ જ અમારો અન્નકૂટ છે.'

ક્યાં મંદિરોમાંનો અન્નકૂટ અને ક્યાં આ નિર્દોષ બાળકોને તહેવારના દિવસોમાં ધરાતો અન્નકૂટ ! પ્રત્યેક બાળકમાં હરિનું દર્શન અને એને ધરાતો આ પ્રેમભર્યો અન્નથાળ આજના યુગનો સાચો અન્નકૂટ નથી શું ?

¤

હિમાલયમાં ચન્દ્રઘાટીમાં રોહતંગથી ૧૩૪૦૦ ફૂટ અને કુંજુંમથી ૧૪૯૦૦ ફૂટ દૂર જતાં સ્પીતિ નામનો આંચલિક પ્રદેશ આવે છે. આ અતિ રમણીય પ્રદેશના લોકો જીવનમાં ફક્ત બે વાર જ સ્નાન કરે છે - જન્મ સમયે અને મૃત્યુ સમયે.

¤

ન્યૂ ઑર્લિઅન્સ લૂસીઆનામાં એન્ડિ બોવેન અને જૅક બર્ક નામના મુક્કાબાજોએ ઇ. ૧૮૯૩માં સતત ૭ કલાક સુધી રિંગમાં રહીને ૧૦ રાઉન્ડની મુક્કાબાજી કરી હતી.

¤

જોડણી ભેદે અર્થભેદ

કુથ-હાતી ઉપર નાખવાની ઝૂલ, સાદડી, શેતરંજી
કૂથ - સુંદર, નાજુક

¤

શિયાળામાં ત્વચા રુક્ષ બને છે. તેને સુંવાળી રાખવા નાહ્યા પૂર્વે અને પછી ગ્લીસરીન અને લીંબુ સમભાગે મેળવી તેની માલિશ કરવી.

¤

પ્રત્યેક મનુષ્ય એક યા બીજા પ્રકારની ચિંતામાંથી પસાર થતો હોય છે. આમાંની થોડીક સાચી હોય છે અને મોટા ભાગની ખોટી હોય છે. મનુષ્યની ચિંતાઓનું પૃથક્કરણ કરી તેનું કોષ્ટક આ પ્રમાણે તૈયાર કરાયું છે :

(૧) જે બની જ નથી એવી બાબતોની ચિંતા - ૪૦ ટકા,
(૨) બની ગયેલી પરંતુ ગમે તેટલી ચિંતા કરવા છતાંય બદલી ન શકાય તેવી બાબતોની ચિંતા - ૩૦ ટકા,
(૩) પોતાની તબિયત માટે અકારણ ચિંતા - ૧૨ ટકા,
(૪) સાવ નજીવી બાબતો માટેની ચિંતા - ૧૦ ટકા, અને
(૫) ખરેખર સાચી ચિંતા - ૮ ટકા.

ઉપરના કોઠા પરથી ચિંતામુક્તિનો ઉપાય તમે પોતે જ શોધી શકશો.

¤

ભારતમાં છપાઈને પ્રકટ થયેલું સૌથી પ્રથમ પુસ્તક કાલિદાસનું 'ઋતુસંહાર' હતું.

¤

તમે જાણો છો કે વીજળીના ગોળા પર જામતી બારીક રજનું પડ ગોળાનો ૨૦ ટકા પ્રકાશ ઓછો કરી નાખે છે ? માટે ગોળાને હંમેશા સાફ રાખો.

¤

સંયુક્ત રાષ્ટ્ર સંઘના એક અહેવાલ મુજબ જો આજના દરે વસતિવધારો થતો રહેશે તો આવતાં ૬૦૦ વર્ષમાં આ પૃથ્વી પર માથાદીઠ એક ચોરસ મીટર જેટલી જમીન જ માણસને ભાગે રહેશે.

¤

સોપારીનું નામ કેવી રીતે આવ્યું છે તે જાણો છો ? જૂના સમયમાં વસઈ નજીક આવેલા 'સોપારા' નામના બંદરેથી તે આવતી તેથી તેનું નામ સોપારી પડ્યું છે.

¤

કહેવતનો અર્થ : 'તલ તારા ને મગ મારા' વહેંચણી વખતે સારો ભાગ કે સારો માલ પડાવી લેવાની દાનતના દષ્ટાંત ઉપર રચાયેલી આ કહેવત સ્વાર્થી અને ખંધા માણસો માટે વપરાય છે.

¤

હાથ પરની ચિકાશ ધોવા માટે સાબુ સાથે ચપટી દળેલી ખાંડનો પ્રયોગ કરી જોજો. તેથી ચિકાશ તો દૂર થશે, પણ ત્વચા મુલાયમ બનશે.

¤

આપણી પાંપણો દર છ મહિને તદ્દન નવી ફૂટી રહે છે.

¤


બારીબારણાંના પરદાના નીચલા બંને ખૂણે સીસાની નાની ગોળીઓ સીવી લેવાથી પરદા અક્કડ રહેશે અને પવનના ઝપાટામાં ઊડાઊડ નહિ કરે.

¤


દૂધ પાણીના ભેગવાળું છે કે નહિ તે તપાસવાની એક ઘરગથ્થુ રીત આ રહી. તદ્દન સ્વચ્છ સોયને દૂધમાં ડુબાડીને બહાર કાઢી લો. જો તે તદ્દન ચોખ્ખા રૂપમાં જ બહાર આવે તો સમજવું કે દૂધમાં પાણીનો ભેગ છે. પણ જો દૂધ ચોખ્ખું હશે તો થોડુંક તો સોયને ચોંટશે જ.

¤

કલાકણિકા



મોરના ચિત્ર જેવું દેખાતું આ ચીનના તાંગ વંશનું સુવર્ણ કેશાભૂષણ છે. અહીં મોરનાં પીછાં વિખ્યાત ચીની પુષ્પકળાનો નમૂનો છે, જેમાં કાલ્પનિક ફૂલવેલની ભાત રચવામાં આવી છે માથામાં ખોસવાના ચાક જેવા આ સામાન્ય અલંકારની પણ કલાકારે કેવી સૂઝબૂઝથી સજાવટ કરી છે!



સેન્ટ ડોમિનિક માટે હાંરી માતીસે કરેલું પ્રાથમિક આલેખન

એક ‘કુમાર’ પ્રેમી સજ્જન તરફથી
સ્થાન સમર્પિત